
બાળસભા કોર્સ તથા
બાળ સત્સંગ શિક્ષણ પરીક્ષા માટેની પુસ્તકશ્રેણી

# સત્સંગ વિહાર

ભાગ - ૧



BAPS

# કરું વંદના




અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી    પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ


શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ




બ્રહ્મસ્વરૂપ
શ્રી ભગતજી મહારાજ




બ્રહ્મસ્વરૂપ
શ્રી શાસ્ત્રીજી મહારાજ



બ્રહ્મસ્વરૂપ
શ્રી યોગીજી મહારાજ



બ્રહ્મસ્વરૂપ
શ્રી પ્રમુખસ્વામી મહારાજ



પ્રગટ બ્રહ્મસ્વરૂપ
શ્રી મહંતસ્વામી મહારાજ

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા સંચાલિત બાળમંડળોના બાળકો માટે
સ્વામિનારાયણીય હિંદુ ધર્મનો પરિચય કરાવતી
બાળસભા કોર્સ (BSC) તથા બાળ સત્સંગ શિક્ષણ પરીક્ષા માટેની પુસ્તકશ્રેણી



# સત્સંગ વિહાર

## ભાગ-૧

**પ્રકાશક**
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ-૪.

**Satsang Vihar 1 (Gujarati Edition)**

(An Introductory Study Programme of
BAPS Swaminarayan Hinduism for Children)

**Blessing** : His Holiness Pramukh Swami Maharaj

**Inspirer** : His Holiness Mahant Swami Maharaj

**Presented by** : Children's Activities Central Office
BAPS Swaminarayan Sanstha
Shahibaug, Ahmedabad - 380 004, Gujarat, India

**Publishers** : Swaminarayan Aksharpith
Shahibaug, Ahmedabad - 380 004, Gujarat, India

**5th Edition** : February, 2019

**Copies:** 10,000 (Total Copies: 1,35,000)

**Copyright:** © Swaminarayan Aksharpith
All rights reserved. No part of this book may be used or reproduced in any form or by any means without permission in writing from the publisher, except for brief quotations embodied in reviews and articles.

**ISBN** : 978-81-7526-605-6

**રજૂકર્તા** : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, શાહીબાગ, અમદાવાદ - ૪.

**પ્રેરક** : બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

**પાવન નિશ્રા** : પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજ

**કોપીરાઈટ** : © સ્વામિનારાયણ અક્ષરપીઠ
આ પુસ્તકનો કોઈ પણ અંશ કોઈ પણ સ્વરૂપે રજૂ કરવા માટે પ્રકાશકની લેખિત પરવાનગી મેળવવી અનિવાર્ય છે.

**મુખ્ય ચિત્રાંકન** : શ્રી રણજિતસિંહ 'મેઘાવી'

**રંગપૂરણી** : શ્રી સંજીવ મિશ્રા

**પાંચમી આવૃત્તિ** : ફેબ્રુઆરી, ૨૦૧૯

**પ્રત** : ૧૦,૦૦૦ (કુલ પ્રત : ૧,૩૫,૦૦૦)

**કિંમત** : રૂા. ૪૦
(સ્વામિનારાયણ અક્ષરપીઠના અનુદાનથી મૂળ કિંમત રૂા. ૫૬ માંથી ઘટાડેલી કિંમત)

**મુદ્રક અને પ્રકાશક :**
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

# ભરીએ અક્ષરધામની ઉડાન





અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી   પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ

બાળમિત્રો, પંખીને ઊડતું જોયું છે ? જોઈને થાય કે આપણનેય બે પાંખો મળે તો કેવું સારું ? એય...ને ઊંચે આકાશમાં ઊડવાનું અને રંગબેરંગી દુનિયા જોવાની ! ભાતભાતનું જમવાનું ને કશાનીય ચિંતા નહીં કરવાની !

પણ તમે પૂછશો : ભગવાને આપણને માણસોને પાંખો આપી જ નથી, એનું શું ? જવાબ છે : ભગવાને આપણને સૌનેય બે પાંખો આપી જ છે. તે છે આજ્ઞા અને ઉપાસનારૂપી પાંખો. આ બે પાંખો મજબૂત હોય, તો આપણેય ખૂબ ઊંચી ઉડાન ભરી શકીએ. એક બે દુનિયા જેટલી નહીં, છેક અક્ષરધામ સુધીની.

આપણે એવી ઉડાન ભરીએ એ માટે જ ભગવાને આપણને મનુષ્યનું સુંદર શરીર અને અદ્‌ભુત મન આપ્યાં છે. તથા આટલી આશ્ચર્યકારી દુનિયા બનાવી છે.

બાળમિત્રો, સત્સંગવિહારની આ પુસ્તિકાઓ આજ્ઞા અને ઉપાસનાની પાંખો મજબૂત કરવા માટે જ છે. જો તમે આ પુસ્તિકાઓ મન દઈને વાંચશો, સમજશો અને જીવનમાં ઉતારશો, તો તમે મહારાજ-સ્વામીના પ્યારા આદર્શ ભક્ત બની જશો.

તો તૈયાર છોને, આજ્ઞા અને ઉપાસનાની પાંખો મજબૂત કરી, અક્ષરધામના સુખની ઉડાન ભરવા !

**(નોંધ : દરેક પાઠમાં કી-વર્ડ્ઝ અને કી-સેન્ટેન્સ તથા બોધ બોલ્ડ કરીને છાપવામાં આવ્યાં છે.)**



# અનુક્રમણિકા


મુદ્રક અને પ્રકાશક ................................ ૨

પ્રસ્તાવના ............................................ ૩


## ઉપાસના વિભાગ

### ■ આપણો હિંદુ ધર્મ


**૧.** હિંદુ એટલે ? (વ્યાખ્યા) ......................... ૫

**૨.** જન્મ પછી જન્મ (પુનર્જન્મ) ..................... ૮


### ■ આપણા ભગવાન


**૩.** માછલીઓ સજીવન કરી (સર્વશક્તિમાન) .... ૧૦

**૪.** અહીં ઘનશ્યામ તહીં ઘનશ્યામ (દિવ્ય-સાકાર) ૧૨

**૫.** સિંહને વશ કર્યો (નિયંતા) ...................... ૧૪

**૬.** બે અજોડ વરદાન (ભક્તવત્સલ) ............... ૧૬

**૭.** જેવું કર્મ તેવું ફળ (કર્મફલ પ્રદાતા) ............ ૧૮

**૮.** સૂરજ સહજાનંદ (ઉદ્ધારક) ..................... ૨૦

**૯.** સર્વોપરી શ્રીહરિ (સર્વોપરી) ..................... ૨૨

**૧૦.** સંકલ્પ પૂરે શ્રીહરિ (જ્ઞાતા) .................... ૨૪

**૧૧.** બધાં કર્મમાં મર્મ (સર્જક-કર્તાહર્તા)............ ૨૬

**૧૨.** ગુણાતીતમાં પ્રગટ (પ્રગટ) ...................... ૨૮


### ■ આપણી ગુરુપરંપરા


**૧૩.** ગુણાતીતાનંદ સ્વામીનું બાળપણ .............. ૩૦

**૧૪.** અક્ષરબ્રહ્મનો ઉદ્‌ઘોષ (ભગતજી મહારાજ).... ૩૨

**૧૫.** BAPS સંસ્થાની સ્થાપના (શાસ્ત્રીજી મહારાજ) ૩૪

**૧૬.** યોગીજી મહારાજ : જીવન અને કાર્ય ......... ૩૬

**૧૭.** ગુણાતીત સંતમાં બધા પ્રગટ (પ્રમુખસ્વામી મહારાજ - ઐશ્વર્ય) ............ ૩૮

**૧૮.** પરોપકારી જીવન (કાર્ય) ....................... ૪૦


### ■ આપણા ગુરુહરિ


**૧૯.** સ્વામીશ્રીની ઓળખાણ (સ્વરૂપ) ............ ૪૨

**૨૦.** દાસના દાસ (ગુણ) ............................ ૪૪


### ■ આપણું તત્ત્વજ્ઞાન - આપણો સિદ્ધાંત


**૨૧.** આપણે કોણ ? ................................. ૪૬


## આજ્ઞા વિભાગ

### ■ આપણા નિયમ ધર્મ


**૨૨.** આશરો કર્યે પાપ ટળે ! (કંઠી) .............. ૪૮

**૨૩.** નિત્ય પૂજાની રીત (પૂજા-તિલક) ............ ૫૦

**૨૪.** આરતીની વિધિ (આરતી-થાળ-દર્શન) ...... ૫૩

**૨૫.** કથા આમ સંભળાય (સભા) .................. ૫૬

**૨૬.** એકાદશીનો ઉપવાસ (એકાદશી) ............ ૫૮

**૨૭.** એ ગંધથી ભગવાન દૂર રહે (આહારશુદ્ધિ).. ૬૦

**૨૮.** માથું જાય પણ વ્યસન ન થાય (પંચવ્રત) .... ૬૨

**૨૯.** વાંચનારને દંડવત્ (નિત્ય વાંચન) ........... ૬૪

**૩૦.** દાનનો મહિમા (ધર્માદો) ....................... ૬૬


### ■ આપણા સંતો-ભક્તો


**૩૧.** પરમહંસોનો પ્રતાપ (ઐશ્વર્ય) .................. ૬૮

**૩૨.** મહારાજ મારું સર્વસ્વ (ભક્તિ-સમર્પણ)....... ૭૦

**૩૩.** મછરાંની બીકે મહેલ ન છોડીએ (દૃઢતા) .... ૭૨

**૩૪.** માતૃપિતૃભક્ત શ્રવણ (બાળભક્તો) ......... ૭૪


### ■ આપણા ધર્મગ્રંથો


**૩૫.** ગાગરમાં સાગર : શિક્ષાપત્રી .................. ૭૬


### ■ આપણી સેવા


**૩૬.** શ્રીજી મહારાજનું સપનું (ઉપાસના પ્રવર્તન)... ૭૮


### ■ અન્ય


**૩૭.** મુખપાઠ .......................................... ૮૦

**૩૯.** જાણવા જેવું ..................................... ૮૨

**૪૦.** મંદિરો : હિંદુ સંસ્કૃતિની ઓળખ ............. ૮૫

# ૧. હિંદુ એટલે ?

એક હતો **બાળક**. તે રમતો હતો. કોઈએ તેને પૂછ્યું, ‘તું હિંદુ છે ?’ તે કહે, ‘હાસ્તો વળી.’ ત્યારે બીજો પ્રશ્ન પુછાયો, ‘તો બોલ ત્યારે, **હિંદુ એટલે શું ?** હિંદુ કોને કહેવાય ?’

બાળકને કાંઈ જ ન આવડ્યું. રમતમાંથી તેનો રસ ઊડી ગયો. આજે જમવાની પણ તેને મજા ન આવી. તેના મગજમાં બે પ્રશ્નો ઘુમરાતા હતા. થાકીને કંટાળીને તે પલંગમાં પડ્યો. તેને એક વિચાર સૂઝ્યો. તેણે પ્રાર્થના કરી. પછી તો ક્યારે તેની આંખ મીંચાઈ ગઈ, તેની તેનેય ખબર ન પડી.

અડધી રાત વીતી ગઈ. બાળકને એક સુંદર **સપનું** આવ્યું. તે હજારો-લાખો વર્ષ પહેલાંના સમયમાં પહોંચી ગયો હતો. તેને ૐના મધુરા સ્વરો સંભળાતા હતા. તેણે આંખો ખોલી. સામે એક ઘટાદાર વૃક્ષ હતું. નીચે એક **ઋષિમુનિ** ધ્યાન કરતા હતા. ઋષિમુનિને જોઈને બાળકનું મુખ મલકાયું, ‘હાશ! ભગવાને મારી પ્રાર્થના સાંભળી. મને મારા પ્રશ્નોના જવાબ મળશે. જય હો ઋષિમહારાજ...’

તે જલદીથી ઋષિમુનિની નજીક પહોંચ્યો. મનોમન વંદન કરી સામે બેઠો. થોડી વારે ઋષિમુનિએ આંખો ખોલી. બાળકે પૂછ્યું, ‘ઋષિમહારાજ, હિંદુ એટલે શું ? હિંદુ કોને કહેવાય ?’

બાળકનો હાથ પકડી ઋષિમુનિ તેને પોતાની કુટિરમાં લઈ ગયા. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અને અથર્વવેદ - એમ **૪ વેદો** બતાવ્યા. અને





કહ્યું, 'આ વેદોને માને તેને હિંદુ કહેવાય. આ વેદો દુનિયાના સૌથી પ્રાચીન ધર્મગ્રંથો છે.' બાળકે પૂછ્યું, 'પણ ઋષિમહારાજ, મને કહો તો ખરા કે આ વેદોમાં આવે છે શું ?'

ઋષિમુનિએ બાળકને આસન પર બેસાડી કહ્યું, 'વેદોમાં આવ્યું છે આત્મા અને પરમાત્માનું જ્ઞાન. આ જ્ઞાન આપણા જેટલું સ્પષ્ટ દુનિયામાં કોઈ પાસે નથી.' બાળકે પૂછ્યું, '**આત્મા અને પરમાત્માનું જ્ઞાન** એટલે શું ?' ઋષિમુનિએ બાળકના માથે હાથ ફેરવતાં કહ્યું, 'જો બેટા, આત્મજ્ઞાન એટલે આત્માનું જ્ઞાન. જીવ-જંતુ, પશુ-પંખી, વનસ્પતિ અને આપણે સૌ સજીવો મૂળસ્વરૂપે આત્મા છીએ. બહાર દેખાય છે, તે તો શરીર છે. શરીર મરે છે. આત્મા અમર છે. તે **કર્મસિદ્ધાંત** મુજબ સારાં કર્મો કરે, તો સારું ફળ પામે છે. અને ખરાબ કર્મો કરે, તો ખરાબ ફળ પામે છે. અને આ મુજબ આપણા અનેક જન્મો થાય છે. જેને **પુનર્જન્મ** કહેવાય છે.'

બાળકને જિજ્ઞાસા પ્રગટી, તેથી તેણે વચ્ચે જ પૂછી નાખ્યું, 'પણ ઋષિમહારાજ, આપણા અનેક જન્મો અટકી ન શકે ?' ઋષિમુનિ હસ્યા ને કહે, 'એ માટે જ તો છે પરમાત્માનું જ્ઞાન.' બાળક કહે, 'હું સમજ્યો નહીં. આ પરમાત્માનું જ્ઞાન એટલે શું ?' ઋષિમુનિ બાળકને પોતાની કુટિરના નાનકડા મંદિર પાસે લઈ ગયા.

બંનેએ પરમાત્માની **મૂર્તિ**ને બે હાથ જોડી વંદન કર્યાં. પછી ઋષિમુનિ કહે, 'આ પરમાત્મા છે. તેઓ સર્વોપરી છે. સાકાર છે. દિવ્ય છે. સર્વ કર્તાહર્તા છે અને ગુણાતીત સંતમાં પ્રગટ રહે છે. તેઓ પોતાના અક્ષરધામમાં રહ્યા થકા પૃથ્વી પર **અવતાર** ધરે છે. આને કહેવાય પરમાત્મજ્ઞાન...'

બાળકે ઋષિમુનિને અટકાવ્યા અને કહ્યું, 'મહારાજ, આ બધું સાંભળીને તો મારું મન વધુ ચકરાવે ચઢી ગયું. મને ટૂંકમાં સમજાવો કે હિંદુ એટલે શું ?' ઋષિમુનિ હસવા લાગ્યા. ને કહે, 'તો સાંભળ... **એક મુદ્દામાં કહેવું હોય, તો ચાર વેદને માને તેને હિંદુ કહેવાય. બે મુદ્દામાં કહેવું હોય, તો વેદમાં આવેલા આત્મજ્ઞાન અને પરમાત્મજ્ઞાનને માને તેને હિંદુ કહેવાય અને ચાર મુદ્દામાં કહેવું હોય, તો વેદમાં આવેલા આત્મજ્ઞાન અને પરમાત્મજ્ઞાન સાથે જોડાયેલી ૪ માન્યતાઓ (૧) કર્મસિદ્ધાંત, (૨) પુનર્જન્મ, (૩) મૂર્તિપૂજા**

**અને (૪) અવતારવાદને માને તેને હિંદુ કહેવાય.'**

પછી તો ઋષિમુનિએ બાળકને એક પ્રશ્ન પૂછ્યો, 'બેટા, 'હિંદુ' શબ્દ ક્યાંથી આવ્યો તે તું જાણે છે ?' બાળક માથું ખંજવાળતાં કહે, 'ઋષિમહારાજ, એ તો ખબર જ નથી. જલદી કહો.' આ સાંભળી ઋષિમુનિ બાળકને લઈને પાસેની સિંધુ નદીના કિનારે પહોંચ્યા. બાળકે જોયું તો કેટલાય બીજા ઋષિમુનિઓ, ઋષિમાતાઓ, બાળકો અને બાલિકાઓ ત્યાં વિહરતાં હતાં. થોડી વાર તો બાળક એ ભવ્ય અને દિવ્ય વાતાવરણમાં ખોવાઈ ગયો.

ઋષિમુનિએ તેને ઢંઢોળ્યો ને કહ્યું, 'અમે તમારા પૂર્વજો છીએ. આર્યો છીએ. આ સિંધુ નદીના કાંઠે જ વેદોનું-**સનાતન ધર્મ**નું જ્ઞાન પ્રથમ પ્રસાર પામ્યું હતું. ખરેખર તો આપણા ધર્મનું મૂળ નામ 'સનાતન ધર્મ' છે, પરંતુ વિદેશી લોકો આર્ય પ્રજાને 'હિંદુ' કહેવા લાગ્યા. **સિંધુમાંથી 'હિંદુ'** શબ્દ આવ્યો છે. ટૂંકમાં હિંદુ એટલે સિંધુ નદીના કિનારે પ્રથમ વિકાસ પામેલા વૈદિક જ્ઞાનને માનનારા લોકો.'

બાળકને ખૂબ જ શાંતિ થઈ ગઈ હતી. હવે તેની પાસે 'હિંદુ' શબ્દના બધા જ જવાબો હતા. ઋષિમુનિ તો હજુ બોલ્યે જ જતા હતા, 'બેટા, હિંદુ સંસ્કૃતિ વિશ્વની સૌથી મહાન સંસ્કૃતિ છે! આત્મારૂપ થઈ પરમાત્માની ભક્તિ કરવી એ જીવનનું ધ્યેય છે...'

બાળકના આખા શરીરે આનંદની અને અસ્મિતાની ઝણઝણાટી પ્રસરી ગઈ. અચાનક તેની ઊંઘ ઊડી ગઈ. જોયું તો તેનાં માતા પલંગ પાસે બેસી તેને જગાડતાં હતાં. અને બાળક 'જય સનાતન ધર્મ' કહી ઊભો થઈ ગયો.

(સનાતન એટલે જેની શરૂઆત અને અંત નથી તે.)



# ૨. જન્મ પછી જન્મ



શ્રીજી મહારાજ **કારિયાણી** ગામમાં બિરાજ્યા હતા. સામે **વિક્મશી ખાચર** નામના દરબાર બેઠા હતા. શ્રીજી મહારાજે તેમને કહ્યું, 'તમે પૂર્વજન્મમાં **ખંભાતના સુથાર** હતા. તમારું નામ **નારાયણ** હતું. તમારા **પિતા**નું નામ **હીરાભાઈ** હતું. **માતા**નું નામ **પૂંજી બહેન** હતું. તમે મૃત્યુ પામ્યા તે પછી તમારી મા રડી-રડીને અંધ થયાં છે. તમારી **હવેલી વાણિયાને ત્યાં ગીરવે** મુકાઈ છે. તમારાં માતા હાલ વાણિયાએ બનાવેલ નાની ઝૂંપડીમાં રહે છે.'

આવું સાંભળી વિક્મશી ખાચર આશ્ચર્ય સાથે દુઃખમાં ડૂબી ગયા. તેઓ કહે, 'મહારાજ ! તમે કહો છો તે સાચું છે, તેની **નિશાની** શું ?' શ્રીજી મહારાજ કહે, 'તમારા પિતાએ **હવેલીના** મુખ્ય ઓરડાના ત્રીજા **પાટડામાં ૫૦૦ રૂપિયા** મૂક્યા છે. દીવો લઈને જોશો, તો પાટડામાં એક ડગળી મારેલી દેખાશે.'

આટલું સાંભળ્યું ત્યાં તો વિક્મશી સીધા ખંભાત જવા ઊપડ્યા. નામ-ઠામને આધારે શોધ ચલાવી, પોતાનાં પૂર્વજન્મનાં માતા પાસે પહોંચ્યા. બધું પૂછ્યું, તો પૂંજી ડોશી રડતાં-રડતાં બોલવા લાગ્યાં, 'મારે **નારણ** કરીને દીકરો હતો. તે **નાનો હતો ત્યાં જ મરી ગયો હતો.** પછી તો તેનો બાપય મરી ગયો. ને મારી આ દુર્દશા થઈ.'

વિક્મશી ખાચરે માતાને શાંત પાડ્યાં. પછી શેઠને વિનંતી કરી, દીવો લઈ ઘરમાં

ગયા. સુથારને બોલાવી ત્રીજા પાટડાની ડગળી ખોલી. તેમાંથી ૫૦૦ રૂપિયા નીકળ્યા. વિક્રમશીને મૂંઝવણ તો થઈ, પણ તે શું કરે ?

તેણે રૂપિયા પૂંજીમાને આપ્યા ને સારું લગાડતાં કહ્યું, 'ડોશીમા ! તમે રડશો નહીં. આ હું તમારો નારણ છું. હાલ કારિયાણીમાં **કાઠીને ત્યાં જન્મ્યો છું.** આ ૫૦૦ રૂપિયા વાણિયાને ત્યાં વ્યાજે મૂકું છું. તે તમારે રહેવા-જમવામાં વાંધો નહીં આવે. ને તમારી **સેવામાં એક બાઈ** રાખી દઉં છું.' પછી વાણિયાને પણ બધી ભલામણ કરી વિક્રમશી પાછા કારિયાણી આવી ગયા.

પૂંજીમા અને વિક્રમશીને એકબીજાં પ્રત્યે વિશેષ હેત ન થયું ! પણ વિક્રમશીના મનમાં એક વાત ઘુમરાવા લાગી, 'અરે ! **આવા તો આપણે કેટલા જન્મ ધર્યા હશે?**' પણ તેમને એક વાતનો આનંદ પણ થયો કે '**આ જન્મે શ્રીજી મહારાજનો સંગ થયો છે, તો જન્મમરણ ટળી જશે ને મુક્તિ મળશે.**'



■ **પુનર્જન્મના વિશેષ પ્રમાણો**

- આજે પૂર્વજન્મ પર ૫૪થી વધુ પ્રમાણભૂત પુસ્તકો લખાયાં છે. અમેરિકાના મનોવૈજ્ઞાનિક **ઈઆન સ્ટીવન્સન** છેલ્લાં **૪૨ વર્ષ**થી પુનર્જન્મ પર સંશોધન કરે છે. તેમણે જગતભરમાં ફરીને પુનર્જન્મના **3,000થી વધુ સત્ય કિસ્સાઓ** ભેગા કર્યા છે.
- શ્રીજી મહારાજ કહે છે: આ જીવે **૮૪ લાખ જાતના દેહ** ધર્યા છે. (વચનામૃત : ગઢડા પ્રથમ-૨૧)

# ૩. માછલીઓ સજીવન કરી

છપૈયા ગામમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનો જન્મ થયો હતો. માતાનું નામ ભક્તિદેવી. પિતાનું નામ ધર્મદેવ. તેમનું નાનપણનું નામ હતું ઘનશ્યામ. નાનપણથી જ તેઓ ખૂબ જ ચમત્કારી.

છપૈયામાં એક સરોવર છે. **મીન સરોવર**. એ ઘનશ્યામનું માનીતું સ્થાન. મિત્રો સાથે કિનારે રમવાનું. રમીને સરોવરમાં નહાવાનું.

મિત્રો અને **ઘનશ્યામ પ્રભુ**. એક દિવસ સૌ સરોવરે પહોંચ્યા. **સ્નાન**ની તૈયારી થઈ. વડ નીચે સૌ વસ્ત્રો કાઢતા હતા. તેવામાં ઘનશ્યામની નજર થોડે દૂર ગઈ. ત્યાં એક **માછીમાર** હતો. કાળો અને કદાવર. પાણીમાં જાળ નાંખે ને બિચારી **માછલીઓ** પકડાઈ જાય. પછી તરફડી તરફડીને **મરી જાય**. 'નિર્દોષ માછલીઓની આ દશા ?!' ઘનશ્યામને અંતરમાં અરેરાટી થઈ. ખૂબ **દયા** આવી.

તેઓ મક્કમ પગલે માછીમાર પાસે ગયા. પડકાર કર્યો, 'એય ભાઈ... માછલીઓ કેમ મારો છો ? માણસને કોઈ પ્રાણીને મારવાનો શો અધિકાર? **દરેક જીવમાં ભગવાન વસે છે.** હિંસા મોટું પાપ છે.' નાના બાળકની મોટી વાત સાંભળી માછીમાર હસ્યો ને ઉપેક્ષામાં કહે, 'હું ગમે તે કરું, તારે શી લેવાદેવા ?'



ઘનશ્યામ પ્રભુને થયું, ‘આ પાપીને અત્યારે જ પાઠ ભણાવીએ.’ તેમણે માછલીઓ સામે જોયું. કાંઈક **સંકલ્પ** કર્યો. અચાનક જ ટોપલામાંની બધી **માછલીઓ જીવતી થઈ** ગઈ ને ટપોટપ સરોવરમાં કૂદવા લાગી !

પળવારમાં ટોપલો ખાલી થઈ ગયો. આ જોઈ ‘અરેરે ! મારી આખ્ખા દિવસની મહેનત પર પાણી ફરી ગયું.’ એમ બોલતો **માછીમાર ઘનશ્યામની પાછળ દોડ્યો.** ત્યાં તો **પ્રભુના શરીરમાંથી તેજનો ફુવારો** છૂટ્યો ! માછીમાર અંજાઈ ગયો. તેની આંખો બંધ થઈ ગઈ. આંખો ખોલી ત્યારે તો તેને **યમરાજ દેખાયા**.



યમરાજ એટલે મૃત્યુના દેવ. અતિશય વિશાળ. મહાભયાનક રૂપ. મોટી મોટી મૂછ. તીણા મોટા દાંત. લાલઘૂમ આંખો. લાંબી લાંબી જીભ. હાથમાં ગદા, તલવાર, ત્રિશૂળ ને ભાલા જેવાં હથિયાર. માછીમાર ખૂબ ડરી ગયો. તેના હાથ-પગ ધ્રૂજવા લાગ્યા. પરસેવો છૂટવા લાગ્યો. **યમરાજે તેને યમપુરી અને નરકનાં દુઃખો દેખાડ્યાં.** યમદૂતો પાસે મેથીપાક ખવડાવ્યો. તેનાં હાડકાં ખોખરાં થઈ ગયાં. તે ‘બચાવો... બચાવો...’ ની બૂમો પાડવા લાગ્યો.

તેને પોતાની ભૂલ સમજાઈ. તે ઘનશ્યામ પ્રભુનાં ચરણમાં પડી ગયો. ત્યાં જ યમરાજ અદૃશ્ય થઈ ગયા. માછીમારે **માફી માંગી**, ‘મને માફ કરો પ્રભુ ! હવેથી ક્યારેય પાપ નહીં કરું. આપ તો ભગવાન છો. મારાં પાપ દૂર કરો.’ ઘનશ્યામે તેને આશીર્વાદ આપ્યા. અહિંસાનો ઉપદેશ આપ્યો. માછીમારને નવું જીવન મળ્યું. માછલીઓનેય હવેથી નિરાંત થઈ .

**આવા હતા મહાપ્રભુ ઘનશ્યામ મહારાજ. સર્વશક્તિમાન. ધારે તે કરી શકે. વળી કેવા દયાળુ ! પાપી જીવોને સુધારે. માફી આપે.** આ પ્રસંગ દ્વારા તેમણે સમગ્ર માનવજાત માટે અહિંસાનો અદ્ભુત સંદેશ આપ્યો.

# ૪. અહીં ઘનશ્યામ તહીં ઘનશ્યામ

ઘનશ્યામ પ્રભુ **અયોધ્યા**માં રહેતા હતા ત્યારની વાત છે. હવે તેઓ ૫ વરસના થયા હતા.

પિતા ધર્મદેવ એમને ઘરે જ ભણાવતા હતા. ઘનશ્યામ એવા ચિત્ત દઈને ભણે કે એક વાર જે શીખવ્યું, તે ફરી શીખવવું ન પડે. કોઈ ચીજને પેટીમાં પૂરી દઈએ, એમ ઘનશ્યામ શીખવાની વસ્તુને એકદમ મનમાં ઉતારી દે ! પછી એ વસ્તુ તેમની થઈ જાય ! ભણવાની આ કળા છે. પિતા ધર્મદેવ પૂજાપાઠ કરે, તે ઘનશ્યામ ધ્યાન દઈને જુએ. જુએ એટલે એમને આવડી જાય. પછી એ પ્રમાણે તેઓ કરવા માંડે. શીખવાની આ કળા છે.


આવડી ઉંમરે પણ ઘનશ્યામ પ્રભુ એકલા નદીએ જાય, નહાય ને તરે ! ઘેરથી ચણા-મમરા લઈ જાય ને કાચબાઓને ખવડાવે. કાચબાઓનાં તેમણે નામ પણ પાડેલાં. નામ દઈને બોલાવે એટલે કાચબો પાણીમાંથી મોં બહાર કાઢે !

અયોધ્યાનાં બધાં મંદિરો **ઘનશ્યામ**નાં જાણીતાં. તેમાંય રામજી મંદિર અને હનુમાનગઢીનું હનુમાન મંદિર તેમનાં ખાસ માનીતાં.

એક વાર તેઓ **હનુમાનગઢી**ના મંદિરમાં ગયા. ત્યાં **રામાયણની કથા** સાંભળવા બેઠા.

બપોર થઈ. ઘરમાં સૌને ખૂબ ચિંતા થઈ. **રામપ્રતાપભાઈ શોધવા** નીકળ્યા. હનુમાનગઢીના મંદિરે પહોંચ્યા. ઘનશ્યામને જોઈ કહે, 'ચાલો ઘરે !' ઘનશ્યામ પ્રભુ કહે, 'મોટાભાઈ ! કથા હવે થોડી જ વારમાં પૂરી થશે. તમે રાધાકૃષ્ણના મંદિરમાં દર્શન કરી આવો. પછી જઈએ.'

રામપ્રતાપભાઈ **રાધાકૃષ્ણના મંદિરમાં** ગયા. ત્યાં પણ તેમણે ઘનશ્યામને કથા સાંભળતા જોયા !



તેઓ આશ્ચર્યમાં પડી ગયા. ત્યાં તો ઘનશ્યામ કહે, 'ભાઈ, તમે રામજી મંદિરે દર્શન કરી આવો. પછી જઈએ.'

**રામજી મંદિર**માં પણ એવું જ થયું. મોટાભાઈ રામપ્રતાપે વિચાર્યું, 'નક્કી, મારી કંઈક ભૂલ થાય છે. આ ઘનશ્યામ ન હોય !' એટલે ખાતરી કરવા તેઓ એમની પાસે ગયા.

ત્યાં ઘનશ્યામ પ્રભુએ ભાઈને કહ્યું, 'હનુમાનગઢીએ જઈ આવો. પછી ઘરે જઈએ.'

મોટાભાઈ હનુમાનગઢી પહોંચ્યા, તો ઘનશ્યામ ત્યાં જ હતા. હવે કથા પૂરી થઈ હતી. પછી બંને ભાઈઓ સાથે ઘરે ગયા.

મોટાભાઈના મનમાં કોયડો રહી ગયો કે મેં એકસાથે **ત્રણ જગ્યાએ ઘનશ્યામને જોયા** તે શું? મારો ભાઈ તો ચમત્કારી લાગે છે !

પછી એ કોયડો ૩૫ વર્ષ બાદ ઉકેલાયો. જ્યારે રામપ્રતાપભાઈ ગુજરાતમાં આવ્યા. ને તેમણે સહજાનંદ સ્વામીરૂપે વિરાજતા ઘનશ્યામને જોયા, ત્યારે તેમને ખ્યાલ આવ્યો કે એ તો **સર્વોપરી ભગવાનની લીલા** હતી.

**આવા હતા ઘનશ્યામ પ્રભુ. અનેક રૂપો ધરવાં એ તો એમને ચપટીનું કામ.**

**વળી, તેઓ તો સર્વોપરી અક્ષરધામમાં દિવ્ય સાકારરૂપે વિરાજમાન છે, છતાં અનેક જીવોના કલ્યાણ માટે અનેક બ્રહ્માંડોમાં અનંતરૂપ ધરે છે.**



# ૫. સિંહને વશ કર્યો


**૧૧ વર્ષ**ની ઉંમરે ઘનશ્યામ પ્રભુએ **ઘરનો ત્યાગ** કર્યો. હવે તેઓ ઘનશ્યામમાંથી **નીલકંઠવર્ણી** બન્યા. અને આખા ભારતની ધર્મયાત્રાએ નીકળ્યા.

ઉત્તરભારતમાં **શ્રીપુર** નામનું ગામ છે. ગામના પાદરે **કમલેશ્વર મઠ** છે. ગામથી થોડે દૂર એક મોટું જંગલ. નીલકંઠવર્ણી મઠ આગળ આવ્યા. ત્યાં એક ઝાડ હતું. વર્ણીએ તેના ઓટલા પર રાત રહેવાનું નક્કી કર્યું.

ત્યાં તો મઠમાંથી **મહંત** વગેરે દોડતા આવ્યા. કહે, 'વર્ણી, રાત રહેવું હોય, તો મઠમાં આવો કે ગામમાં જાઓ ! અહીં નહીં !' વર્ણીએ કહ્યું, 'અહીં કેમ નહીં ?' મહંતે કહ્યું, 'અહીં રોજ એક **સિંહ** આવે છે ! પશુ કે માણસ, જે કોઈ બહાર રહી ગયું હોય, તે સવાર જોવા પામતું નથી ! માટે કહું છું કે **મઠમાં આવો ને જીવ બચાવો !**'

વર્ણીએ કહ્યું, 'તો શું તમારા મઠમાં આવે, તે કદી નહીં મરે ? **મોત શું મઠમાં નહીં આવે ?**' મહંત હવે ગૂંચવાઈ ગયા. વર્ણીએ કહ્યું, 'તો પછી છોને મોત અહીં આ ઓટલા પર આવતું ! હું રાતે અહીં જ રહીશ !' મહંતને ખાતરી થઈ ગઈ કે આ કોઈ સાધારણ છોકરો નથી. એટલે હવે તેમણે વર્ણીને વધુ આગ્રહ કર્યો નહીં.

પછી **અડધી રાત** થઈ. અચાનક સિંહની ત્રાડ



સંભળાઈ. સિંહ છલાંગ મારતો ઓટલા પાસે આવ્યો. વર્ણીએ સિંહને ઇશારો કર્યો. **હિંસક સિંહ પાળેલા પશુની જેમ એમની પાસે સૂઈ ગયો !**




વર્ણી ધીરે ધીરે એના શરીર પર હાથ ફેરવવા લાગ્યા. મહંત તો મઠની બારીમાંથી આ જોતા જ રહ્યા. મઠના કેટલાય માણસોને બોલાવી-બોલાવીને તેમણે આ દૃશ્ય દેખાડ્યું. **બધા આભા જ બની ગયા !**

એમ કરતાં સવાર થવા આવી. હવે વર્ણીએ સિંહને કહ્યું, 'ભઈલા, જા હવે તારા ઘરે જા ! આજનો દિવસ તું ભૂખ્યો રહ્યો, તેને માટે મને માફ કરજે !' સિંહ એક બે ને ત્રણ છલાંગે અદૃશ્ય થઈ ગયો.

મહંત અને કેટલાયે માણસો દોડતા આવી વર્ણીના પગમાં પડ્યા. ઘડીકમાં આખા ગામમાં આ સમાચાર પહોંચી ગયા ને લોકોનાં ટોળેટોળાં વર્ણીનાં દર્શન કરવા આવવા લાગ્યાં. બધાંને મોઢે એક જ વાત, 'વાહ, વર્ણી વાહ ! આ બાળક ન હોય, જરૂર ભગવાન છે.'

મહંતે પણ વર્ણીને નમન કર્યાં ને કહ્યું, '**તમે તો સાક્ષાત્ ઈશ્વર છો. હવે અહીં જ રોકાઈ જાવ.** અમારા મઠની વર્ષે **૧ લાખ રૂપિયા આવક** છે. આખા **મઠના મહંત** તમને **બનાવી દઈએ**! અમારી આ વિનંતીનો સ્વીકાર કરો.'

વર્ણીએ કહ્યું, 'કોઈ **મઠની મહંતાઈ કરવા અમે ઘર નથી છોડ્યું**, ભાઈ! હજી તો અમારે ઘણું કામ કરવાનું છે. કામની શરૂઆત જ હજી તો નથી થઈ !' આમ કહી, મૃગચર્મ ખભે નાંખી, દંડ-કમંડળ ઉપાડી, વર્ણીએ ચાલવા માંડ્યું.

**આવા હતા નીલકંઠવર્ણી ! સૌના નિયંતા (નિયમન કરનાર). તેમણે જંગલી સિંહને પણ વશ કર્યો. અને આ જ નીલકંઠવર્ણીએ ભગવાન સ્વામિનારાયણરૂપે જોબનપગી, શાર્દૂલ ખસિયો... જેવા પશુ જેવું જીવન જીવતા અનેક લોકોને પણ વશ કર્યા હતા.**

વળી કેવા નિઃસ્પૃહી ! તેમણે આપણા માટે અનેક સુખ-સમૃદ્ધિનો ત્યાગ કર્યો.

# ૬. બે અજોડ વરદાન



**પિપલાણા** ગામમાં રામાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીને **દીક્ષા** આપી. 'સહજાનંદ સ્વામી' અને 'નારાયણમુનિ' એવાં બે નામ પાડ્યાં. (૨૮-૧૦-૧૮૦૦) ત્યારે વર્ણીની ઉંમર ફક્ત **૧૯ વર્ષ**ની હતી. પછી તો રામાનંદ સ્વામી તેમને પોતાની સાથે જ રાખતા.

આમ ૧૨ મહિના થવા આવ્યા. રામાનંદ સ્વામીએ વિચાર્યું, 'મારા પછી ગાદી કોને આપવી?' જૂનામાં જૂના સંત મુક્તાનંદ સ્વામી સહિત સૌએ સ્વીકાર્યું, 'ગાદી તો સહજાનંદ સ્વામીને જ આપો.' બધાએ આ વાતને ટેકો આપ્યો. રામાનંદ સ્વામીની તો એ ઇચ્છા હતી જ, પણ એક જણે ના પાડી. એ કોણ હતા ?

સહજાનંદ સ્વામી પોતે જ ! એમણે કહ્યું, 'ના!' આવું સાંભળી બધા ચોંક્યા, 'આવી સારી ગાદી મળે

છે, ને આ છોકરો ના કેમ કહે છે ?' સહજાનંદ સ્વામીએ હાથ જોડી કહ્યું, 'મહંત થવું મને નહીં ફાવે. મને તો વસ્તી કરતાં વનમાં વધારે ગમે છે. માટે આશીર્વાદ આપો ને મને વનમાં જવા દો !' રામાનંદ સ્વામીએ કહ્યું, 'ગુરુની આજ્ઞા પણ તમે નહીં માનો ?' સહજાનંદ સ્વામીએ કહ્યું, 'ગુરુની આજ્ઞા માથા સાટે પાળીશ !' રામાનંદ સ્વામીએ કહ્યું, 'તો ગુરુની આજ્ઞા સમજી ગાદી સંભાળો !'

હવે બીજો ઉપાય રહ્યો નહીં. સહજાનંદ સ્વામીએ ગુરુની આજ્ઞા માથે ચડાવી. તેમણે બતાવી આપ્યું કે ગુરુની આજ્ઞા જ શિષ્યની ઇચ્છા હોવી જોઈએ.

ગાદી આપવાના ઉત્સવને **પટ્ટાભિષેક** કહે છે. એ **જેતપુર**માં ઊજવવાનું નક્કી થયું. આખરે એ દિવસ આવ્યો. **રામાનંદ સ્વામીએ** સહજાનંદ સ્વામીને હાથ પકડી પોતાની **ગાદી પર બેસાડ્યા.** કપાળમાં ચાંદલો કર્યો ને હાર પહેરાવ્યો. તે વખતે સહજાનંદ સ્વામીની ઉંમર માત્ર **૨૦ વર્ષ**ની હતી !


'સહજાનંદ સ્વામી મહારાજની જય'ના નાદથી મંડપ ગાજી રહ્યો. રામાનંદ સ્વામીએ સૌ ભક્તોને કહ્યું, 'સૌ હવે પછી આ સહજાનંદ સ્વામીની આજ્ઞામાં રહેજો. **મેં ડુગડુગી વગાડી લીધી.** મારું કામ હવે પૂરું થયું ! ખરો ખેલ હવે જ શરૂ થાય છે !' પછી રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને વરદાન માંગવા કહ્યું.

બે હાથ જોડી ગદ્‌ગદભાવે ૨૦ વર્ષના સહજાનંદ સ્વામી મહારાજે માગ્યું, '**પહેલું વરદાન** એ માંગું છું કે તમારા કોઈ **ભક્તને એક વીંછી કરડવાનું દુઃખ** થવાનું હોય; તો એ દુઃખ એને ન થતાં, **મને રૂંવાડે રૂંવાડે કરોડ વીંછી જેટલું થાય**. અને **બીજું વરદાન** એ આપો કે તમારા **ભક્તના ભાગ્યમાં રામપાતર** (ભિક્ષા માંગવાનું) લખ્યું હોય; તો એ **મને મળે**, પણ તમારો **ભક્ત અન્ન-વસ્ત્રે દુઃખી ન થાય.**' રામાનંદ સ્વામીએ રાજી થઈ 'તથાસ્તુ' કહ્યું. આખો સભામંડપ 'સહજાનંદ સ્વામી મહારાજની જય'થી ગુંજી ઊઠ્યો.

**આવા હતા શ્રીજી મહારાજ !**

**તેમણે ભક્તોનું દુઃખ પોતાને માથે લઈ લીધું. કેવા દયાળુ ! કેવા ભક્તવત્સલ ! આપણાં કેવાં ભાગ્ય કે આપણને આવા ભગવાન મળ્યા !**

ઈતિહાસમાં આ પ્રાર્થના વિરલ બની ગઈ છે.




# ૭. જેવું કર્મ તેવું ફળ

**વીસનગર**માં એક બ્રાહ્મણ રહેતો હતો. **લાલદાસ સૂબો** તેનું નામ હતું. સૂબો એટલે ગામનું રાજ કરનાર અધિકારી. તે ખૂબ અજ્ઞાની હતો. તેથી જ **શ્રીજી મહારાજનો** ખૂબ **વિરોધ** કરતો હતો. સત્સંગ કરે તેને નાત બહાર કરે. આખો દિવસ તડકામાં ઊભા રાખે. દિવસ-રાત તેના મનમાં વિચાર ચાલે કે ક્યારે સ્વામિનારાયણને પકડું ને કેદ કરું.

એ જ ગામમાં **શોભારામ** કરીને બીજો **બ્રાહ્મણ** રહેતો હતો. તે જ્ઞાતિમાં આગેવાન અને ધનવાન હતો. તે પણ **શ્રીજી મહારાજનો વિરોધ** કરતો હતો. આ બંનેને લીધે સત્સંગીઓને ઘણું દુઃખ રહેતું હતું.

એવા સમયે **ડભાણ**માં શ્રીજી મહારાજે ભવ્ય **યજ્ઞ** કર્યો. વીસનગરથી પણ બ્રાહ્મણો આવ્યા હતા. સૌ શ્રીજી મહારાજની પ્રશંસા કરતા હતા. શોભારામને આ ન ગમ્યું. તે તાડૂક્યો, 'કોઈએ યજ્ઞકુંડમાં પડી, બળી મરવું હતુંને! સ્વામિનારાયણ જગન હત્યારો કહેવાત...' બ્રાહ્મણો કહે, 'આવું ના બોલો. સ્વામિનારાયણ ભગવાન છે. તમને દોષ લાગશે.'

**શોભારામ વધુ ગુસ્સે** થયો અને રાડ નાંખી બોલ્યો, 'જો સ્વામિનારાયણ ભગવાન હોય, તો હું **આઠ દિવસમાં આંધળો થાઉં.**' કોઈ સત્સંગી કહે, 'ભગવાન પાસે આંધળા થવાનું શું માંગે છે ? કાંઈ લાભ થાય એવું માંગને ?' પણ તે મૂર્ખ મક્કમ રહ્યો. અને આઠ દિવસમાં શું, **ચાર દિવસમાં આંધળો થઈ ગયો !** ખરાબ કર્મનું ખરાબ ફળ જ મળેને!




બીજી બાજુ **લાલદાસે** શ્રીજી મહારાજને પકડવાની **યોજના ઘડી**. તેણે **આરબ જમાદાર**ને તૈયાર કર્યો. જમાદારે **૩૦** બળવાન **આરબોની ફોજ લીધી**, પરંતુ શ્રીજી મહારાજનાં દર્શન થયાં ને તેને **સમાધિ થઈ ગઈ**. તે શ્રીજી મહારાજનાં ચરણોમાં પડી ગયો. ને કહ્યું, 'આપ તો સાક્ષાત્ ખુદા છો. મને માફ કરો.'

જમાદારે સૂબાને જઈને બધી વાત કરી. તેવામાં શ્રીજી મહારાજ ત્યાં પધાર્યા. તેમની દૃષ્ટિથી **સૂબાને પણ સમાધિ** થઈ. તેણે પણ **શ્રીજી મહારાજની માફી માંગી**, 'મેં આપના પવિત્ર ભક્તો પર ઘણું કષ્ટ ગુજાર્યું છે. મને માફ કરો.' શ્રીજી મહારાજે લાલદાસને ઘણા આશીર્વાદ આપ્યા.

બીજો દિવસ ઊગ્યો. કોઈએ શ્રીજી મહારાજને શોભારામની કહાની કહી. શ્રીજી મહારાજ કહે, 'અરર ર, અમારે લીધે શોભારામ અંધ થયા ! આપણે તેમના ઘરે જોવા જવું પડશે.' પછી શ્રીજી મહારાજ લાલદાસ સૂબા સાથે શોભારામને ઘરે ગયા. શોભારામ જમતો હતો. તેણે કહેવરાવ્યું, 'મારે સ્વામિનારાયણના આશીર્વાદ નથી જોઈતા. જેવા આવ્યા છે તેવા પાછા જાય.'

શ્રીજી મહારાજ 'હરિ હરિ' બોલતા પાછા વળી ગયા, પરંતુ અંતરના આશીર્વાદ આપ્યા કે તેને સત્સંગ થાય.

**આવા હતા શ્રીજી મહારાજ ! તેમના સંબંધમાં જે જીવ જેવા સંકલ્પ કરે, તેને તેવું ફળ મળે. લાલદાસ સુધર્યા તો ન્યાલ થઈ ગયા. ને શોભારામે અવળો સંકલ્પ કર્યો તો તે દુઃખી થયો. આમાં ભગવાન શું કરે ?! સૂરજ સામે ફૂલ નાંખે તેને ફૂલ મળે ને ધૂળ નાંખે તેના પર ધૂળ જ પડેને ?!**



# ૮. સૂરજ સહજાનંદ

એક વાર શ્રીજી મહારાજે **પંચાળા** ગામમાં ઉત્સવ કર્યો. **ફૂલદોલ**નો ઉત્સવ. અદ્‌ભુત **રાસ** રમ્યા. ને સૌને ખૂબ સુખ આપ્યું.


આખા ગામને જમાડ્યું. ગામના લોકો જમ્યા અને બહારથી ગામમાં આવેલા તેય જમ્યા. ઘી-ગોળ ને ચોખાનું જમણ હતું. તેને **'શેલણ'** કહેવાય. સૌ ધરાઈને જમ્યા.

શ્રીજી મહારાજે પૂછ્યું, 'બધા જમ્યા?' જવાબ મળ્યો કે બધા જ જમ્યા !

તે વખતે નદીના સામા કિનારે કેટલાક માણસો મેલાઘેલા વેશમાં ફરતા હતા. શ્રીજી મહારાજે તેમના તરફ હાથ કરી કહ્યું, 'એ લોકો જમ્યા ?'

ત્યારે કોઈ બોલ્યું, 'મહારાજ, એ તો **નીચી જ્ઞાતિના લોકો** છે ! બકરાં, મરઘાં, સસલાં મારે છે. એવા **પાપી**ઓને કોણ જમાડે ?'

શ્રીજી મહારાજે કહ્યું, '**સૂરજ** ઊગે તે કોઈને ટાળે છે ? **વરસાદ** વરસે છે તે કોઈ લોકોને ટાળે છે? તે **પાપી કે પુણ્યશાળી જુએ છે ?** તો સહજાનંદ જમાડે ત્યારે કોઈને ટાળે એ કેમ બને? માટે એ લોકોને બોલાવો ને હેતથી જમાડો ! અમારે **સૌનું**




**કલ્યાણ કરવું છે**.'

તરત જ કેટલાક ભક્તો દોડ્યા. ને બધા માણસોને બોલાવી લાવ્યા. **શ્રીજી મહારાજે જાતે** તેમને **પીરસ્યું** ને જમાડ્યા ! **ઘણા લોકોના હૃદયમાં** શ્રીજી મહારાજની **મૂર્તિ વસી ગઈ.**

પછી તો એક વાર અદ્‌ભુત આશ્ચર્ય થયું. પેલા માણસોમાંના **એક માણસને મૃત્યુનો સમય** આવ્યો. તેને શ્રીજી મહારાજની **મૂર્તિ યાદ** આવી. યાદ કરતાં જ શ્રીજી મહારાજ પ્રગટ થયા. તે કહે, 'તમે તો અમને પીરસ્યું હતું તે ભગવાન જ ને ?' શ્રીજી મહારાજે હકારમાં સ્મિત કર્યું. પેલા માણસનું મન શ્રીજી મહારાજમાં જોડાઈ ગયું. હવે શું જોઈએ ?! તેનો અંતકાળ સુધરી ગયો. **શ્રીજી મહારાજ** તેને **ધામમાં લઈ ગયા**.

**આવા હતા શ્રીજી મહારાજ ! સૌના ઉદ્ધારક(ઉદ્ધાર કરનાર). પાપી જીવોનુંય કલ્યાણ કરે. સૂરજની પેઠે એ સૌને અજવાળું આપે ! વરસાદની પેઠે સૌના તાપ હરે ! સર્વોપરી ભગવાન તો સૌનાં દિવ્ય મા-બાપ કહેવાય. એમને તો સૌ સંતાનો સમાન જ હોય. એમને મન કોઈ નાનું-મોટું હોય જ ક્યાંથી ?!**

આપણે પણ કુટેવો ને પાપ મૂકીએ, તો ભગવાનનાં આશીર્વાદ અને દિવ્યતા પ્રાપ્ત થાય.




# ૯. સર્વોપરી શ્રીહરિ

**અગતરાઈ** ગામમાં **પર્વતભાઈ** રહેતા હતા. તેઓ શ્રીજી મહારાજના નિષ્ઠાવાન ભક્ત હતા. તેઓ ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં વૈરાગ્યમય જીવન જીવતા હતા. એક વાર **હળ ચલાવતાં-ચલાવતાં** તેમને **વિચાર** થયો કે, 'ભગવાને **વરાહ અવતાર** ધારણ કર્યો હતો, તે **કેવોક હશે ?**' ત્યાં તો તેમની નજર સામે તેમને વરાહ અવતારનાં **દર્શન** થયાં. થોડી વાર પછી કૂર્મ અવતારનાં દર્શન થયાં. પછી તો એક પછી એક એમ નૃસિંહ, વામન, રામ, કૃષ્ણ, બુદ્ધ - એમ **ચોવીસ અવતારો** તેમની **નજર સમક્ષ** આવ્યા.

એમને થયું, 'આ બધું શું થાય છે ?' પરંતુ શ્રીજી મહારાજે અંતર્યામીપણે તેમનો વરાહ અવતાર જોવાનો સંકલ્પ જાણી લીધો હતો. 'આજે વરાહ અવતાર જોવાની ઇચ્છા થઈ છે, તો કાલે બીજી થશે... માટે બધા અવતાર દેખાડી દઉં.' એમ વિચારી, શ્રીજી મહારાજે પર્વતભાઈનો સંકલ્પ પૂરો કર્યો હતો.

થોડી વાર પછી પર્વતભાઈને વિચાર આવ્યો, 'આ ચોવીસેય અવતારના કારણ કોણ હશે ?' અને તરત જ તેમને શ્રીજી મહારાજ નજર સમક્ષ દેખાયા. અને આશ્ચર્ય તો એ થયું કે **ચોવીસેય અવતારો**, એક સાથે **શ્રીજી મહારાજના તેજમાં દેખાયા**. પછી એક પછી એક બધા અવતારો શ્રીજી મહારાજમાં



**સમાઈ ગયા** !! પર્વતભાઈના આનંદનો પાર ન રહ્યો. 'અહોહો ! મહારાજનું ઐશ્વર્ય તો જુઓ !' એવા ઉદ્‌ગારો તેમના મુખમાંથી સરી પડ્યા.

પર્વતભાઈને સમજાઈ ગયું : જે સર્વોપરી હોય તે જ બીજાને પોતાના સ્વરૂપમાં લીન કરી શકે. **શ્રીજી મહારાજ** ખરેખર **સર્વોપરી ભગવાન છે.**


■ **શાસ્ત્રો મુજબ ભગવાનની સર્વોપરિતા**

ધારો કે અમદાવાદના **શાહીબાગ** વિસ્તારમાં બાળસભા ચાલે છે. હવે ધીરે-ધીરે આગળ વધીએ. શાહીબાગ અમદાવાદમાં આવ્યું. **અમદાવાદ** ગુજરાતમાં. **ગુજરાત** ભારતમાં. **ભારત** એશિયામાં. **એશિયા** પૃથ્વીમાં. **પૃથ્વી** ૮ ગ્રહોના **સૂર્યમંડળ**માં. અને તમે જાણતા જ હશો કે સૂર્ય મંડળનો સૂર્ય આપણી મંદાકિની **આકાશગંગા**ના-કરોડો તારાઓમાંનો એક નાનકડો તારો છે !

વળી, આપણી આકાશગંગા પણ ૧ **બ્રહ્માંડ**માં ટપકા જેટલું જ સ્થાન ધરાવે છે. **૧ બ્રહ્માંડનું સંચાલન ૩ દેવો** દ્વારા થાય છે : (૧) **બ્રહ્મા**જી (૨) ભગવાન **વિષ્ણુ** અને (૩) **શિવ**જી.

બ્રહ્માજી બ્રહ્માંડનું સર્જન કરે છે. ભગવાન વિષ્ણુ પોષણ કરે છે. તથા શિવજી પ્રલય કરે છે. વળી પૃથ્વી પર પાપ વધે ત્યારે શ્રી રામ, શ્રી કૃષ્ણ વગેરે અવતારો થાય છે.

આવાં તો અનંત કોટિ બ્રહ્માંડો છે. એ **તમામ બ્રહ્માંડોના રાજાધિરાજ પરબ્રહ્મ પરમાત્મા સર્વોપરી ભગવાન શ્રીજી મહારાજ છે.** આપણા બ્રહ્માંડના બ્રહ્માજીએ ૫૦ વર્ષ અને દોઢ પહોર (એટલે કે આપણાં અબજો વર્ષ) સ્તુતિ કરી, ત્યારે આપણા ભગવાન શ્રીજી મહારાજ પૃથ્વી પર પધાર્યા હતા.



# ૧૦. સંકલ્પ પૂરે શ્રીહરિ

**લાડુદાનજી** એમનું નામ. રાજસ્થાનના શિરોહી તાલુકાના **ખાણ ગામમાં** એમનો **જન્મ**. જ્ઞાતિએ ચારણ. કવિતા તો જાણે તેમની દાસી હતી. ભૂજ, ધ્રાંગધ્રા, જામનગર, દ્વારકા, જૂનાગઢ... બધાં રાજ્યોના રાજાઓએ લાડુદાનને 'શ્રેષ્ઠ કવિ' કહ્યા હતા. અને રાજકવિરત્ન, પિંગળ વિદ્યાચાર્ય, મહામહોપાધ્યાય, **મહાકવીશ્વર**, શતાવધાની... જેવાં ઘણાં બિરુદો આપ્યાં હતાં.

એક વાર લાડુદાનજી **ભાવનગર** આવ્યા. રાજા **વજેસિંહ**ના દરબારમાં એવી તે કવિતાઓ ગાઈ કે સૌ મંત્રમુગ્ધ થઈ ગયા. રાજાએ કવિશ્રીને સોનેથી મઢવાનું વિચાર્યું. **રાજસોની**ને બોલાવવામાં આવ્યા. અહીં લાડુદાનજીએ એક આશ્ચર્ય જોયું. સોની મહાજનના કપાળમાં હતું



ચંદનનું સોહામણું **તિલક**. અને વચ્ચે કુમકુમનો ગોળ **ચાંદલો**!

કવિએ પૂછપરછ કરી. **વજેસિંહ બાપુએ** વચ્ચે જ **કહ્યું**, 'મનેય આ જ પ્રશ્ન સતાવે છે કવિશ્રી. મારા રાજ્યમાં ગઢડા ગામ છે. ત્યાં એક **સ્વામિનારાયણ** આવ્યા છે. કાઠીઓ તેમને ભગવાન માને છે. મને તો **ધતિંગ** લાગે છે. તમે જઈને **પારખું કરો**, તો સાચી વાત બહાર આવે.'

વિદ્યા હતી. યુવાની હતી. કીર્તિ હતી. પછી કોને અભિમાન ન હોય ?! લાડુદાનજી સીધા જ ગઢડા જવા નીકળ્યા. ડગલે-ડગલે વિચાર ઘોળાતો હતો, 'આજે તો સ્વામિનારાયણને ઉઘાડા પાડવા જ છે.'

પણ આશ્ચર્ય થયું. જેમ-જેમ ગઢડા નજીક આવતું ગયું, તેમ-તેમ લાડુદાનજીનું મન પાછું પડતું ગયું. મનમાં ગડમથલ ચાલી, 'સ્વામિનારાયણ કદાચ સાચા હશે તો ?' પણ હવે નિર્ણય કેમ લેવો ? તરત જ લાડુદાનજીને વિચાર સૂઝ્યો. તેમણે **૪ સંકલ્પો** કર્યા, 'જો સ્વામિનારાયણ સાચા હોય, તો.... (૧) મને **નામ દઈને બોલાવે.** મારી ઓળખાણ આપે. (૨) મને ગળામાંથી **ગુલાબનો હાર** કાઢી **પહેરાવે**. (૩) **ચરણમાં ૧૬ ચિહ્નો દેખાડે** અને (૪) તેઓ જ્યાં બેઠા હોય, ત્યાં **કાળા કામળામાં** વીંટેલો **ભાગવત ગ્રંથ** વંચાતો **હોય**.'

કવિ મનમાં મલકાતા હતા. કારણ હતું ચાર સંકલ્પો. ચારેય પૂરા થવા ખૂબ અઘરા હતા. પણ ગઢડા ગામમાં પ્રવેશતાં જ કવિને શાંતિનો અનુભવ થયો. થોડી વારે લાડુદાનજી દાદાના દરબારમાં પ્રવેશ્યા. લીંબડા નીચે સભા ભરાઈ હતી. કાળા કામળામાં વીંટાયેલું ભાગવત વંચાતું હતું. શ્રીજી મહારાજના ગળામાં ગુલાબનો હાર શોભતો હતો. કવિશ્રી ખોવાવા લાગ્યા. ત્યાં તો શ્રીજી મહારાજે તેમને નામ દઈને બોલાવ્યા. 'આવો લાડુદાનજી...' એમ કહી, ઓળખાણ આપી. અને કવિને ગળાનો ગુલાબહાર પહેરાવી દીધો. પછી પોતાનાં બંને ચરણ આગળ કર્યાં ને ૧૬ દિવ્ય ચિહ્નો દેખાડ્યાં.

**લાડુદાનજીના બધા સંકલ્પો પૂરા થયા. તેમના આનંદની સીમા ન રહી** ! તેમને આટલાં વર્ષોમાં બીજે ક્યાંય ન મળ્યું, તે સર્વોપરી શ્રીજી મહારાજમાં દેખાયું. તેમનું હૈયું ગદ્ગદ થઈ ગયું! મુખમાંથી કવિતા સરી પડી, 'આજની ઘડી રે ધન્ય આજની ઘડી, મેં નીરખ્યા સહજાનંદ ધન્ય આજની ઘડી...'

કવિશ્રીના હૃદયનાં દ્વાર ખૂલી ગયાં ! મીઠાની પૂતળી સમુદ્રના પાણીનો તાગ કાઢવા ગઈ ને પાણીમાં સમાઈ ગઈ ! પછી તો રાજકવિ મટીને લાડુદાનજી શ્રીજી મહારાજના **સાધુ** બની ગયા. **શ્રીરંગદાસ** તેમનું નામ પડ્યું. પછી તેઓ **બ્રહ્માનંદ સ્વામી**ના નામે ઓળખાયા.

**આવા હતા શ્રીજી મહારાજ. અંતર્યામી. સૌના મનની બધી જ વાતો જાણે.**



# ૧૧. બધાં કર્મમાં મર્મ

એક વાર શ્રીજી મહારાજ **ગઢપુર**માં વિરાજમાન હતા. લીંબડા નીચે સભા ભરાઈ હતી. ઉનાળાનો સમય હતો. લીંબડા પરથી અચાનક એક **સૂકી સળી**, શ્રીજી મહારાજના ખોળામાં આવીને પડી. શ્રીજી મહારાજે તેને હાથમાં લીધી અને તે સળીના **બે ટુકડા** કર્યા.

મુક્તાનંદ સ્વામી આ જોઈ ગયા. શ્રીજી મહારાજના મુખ પર કાંઈક અજબ રહસ્ય દેખાતું હતું. મુક્તાનંદ સ્વામીએ પૂછી નાખ્યું, 'મહારાજ, આ સળી તોડીને તમે શું કર્યું ?' શ્રીજી મહારાજ કહે, '**એક બ્રહ્માંડ તોડ્યું ને એક બ્રહ્માંડ જોડ્યું.**'

■ ■ ■

**ગઢડા**ની જ વાત છે. શ્રીજી મહારાજ સભામાં આંખો મીંચી બેઠા હતા. અચાનક તેમની આંખો ખૂલી ગઈ. તેમણે જટ દઈને **ડાબી તરફથી જમણી તરફ જોયું**. આંખોની આ લીલા કાંઈક વિશિષ્ટ હતી. તેથી મુક્તાનંદ સ્વામીને આશ્ચર્ય થયું. તેમણે પૂછ્યું, 'મહારાજ! આ તમે શું કર્યું ?'



શ્રીજી મહારાજ કહે, 'એક બ્રહ્માંડના બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને ત્યાંની પ્રજા સાથે ફાવતું નહોતું. તેથી બીજા બ્રહ્માંડના **બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ** સાથે તેમની **અદલાબદલી** કરી.' આવાં વાક્યો સાંભળી સૌ ખૂબ આશ્ચર્ય પામ્યા !


■ ■ ■

એક વાર શ્રીજી મહારાજ ગઢડાની **અક્ષર ઓરડી**માં બિરાજમાન હતા. જમવાનું પૂરું થયું. હાથ લૂછી શ્રીજી મહારાજે **રૂમાલ** ઊંચો કર્યો. ને પૂછ્યું, 'આ શું છે ?' **બ્રહ્માનંદ સ્વામી** કહે, 'રૂમાલ.' શ્રીજી મહારાજ કહે, 'અરે સ્વામી! જુઓ તો ખરા આ રૂમાલ નથી, **તલવાર** છે.' બ્રહ્માનંદ સ્વામી કહે, 'ના મહારાજ. આ રૂમાલ જ છે.' એમ ઘણી વાર રકઝક ચાલી.

**મુક્તાનંદ સ્વામી** કહે, 'સ્વામી, રૂમાલનું નામ હાલ શ્રીજી મહારાજે તલવાર પાડ્યું છે. માટે તલવાર કહોને ! બધાનાં **નામ પાડનાર તો ભગવાન જ છે**ને.' બ્રહ્માનંદ સ્વામી કહે, 'ના સ્વામી, હું એમ ન કહું. હું તો હોય તેવું બોલું.'

આવું સાંભળી તરત જ **શ્રીજી મહારાજે રૂમાલ ઊંધો કર્યો**. બ્રહ્માનંદ સ્વામી જ નહીં, સૌ આશ્ચર્ય પામી ગયા. હવે રૂમાલ નહીં, શ્રીજી મહારાજના હાથમાં **તલવાર દેખાતી હતી** !

બાળમિત્રો, આવા તો અનેક પ્રસંગો છે. જે સમજાવે છે કે **શ્રીજી મહારાજ અનંત બ્રહ્માંડોના સર્જક (સર્જન કરનાર) છે. સર્વ કર્તા હર્તા છે. તેમના દરેક કર્મમાં ઊંડો મર્મ રહેલો છે.**



# ૧૨. ગુણાતીતમાં પ્રગટ


એક દિવસ સંતો-હરિભક્તોને બોલાવી **શ્રીજી મહારાજે** કહ્યું, '**અમારું કામ હવે પૂરું થઈ ગયું** છે. હવે અમે ધામમાં જઈશું !'

ગામોગામ સમાચાર પહોંચી ગયા કે શ્રીજી મહારાજ હવે ધામમાં જવાનું કહે છે. એટલે દૂર દૂરનાં ગામોમાંથી ભક્તો દર્શન કરવા આવવા લાગ્યા. શ્રીજી મહારાજે ખાવાપીવાનું છોડી દીધું. ગુણાતીતાનંદ સ્વામી તે વખતે જૂનાગઢમાં હતા. શ્રીજી મહારાજે કહ્યું, 'એમને બોલાવો !'

આ સંદેશો મળ્યો કે તરત **ગુણાતીતાનંદ સ્વામી ગઢડા જવા નીકળ્યા.** ક્યાંય થાક ઉતારવાયે રોકાયા નહીં. ગઢડા આવીને સ્વામી સીધા જ શ્રીજી મહારાજનાં દર્શન કરવા ગયા. આવા મંદવાડમાં પણ શ્રીજી મહારાજ એમને વહાલથી ભેટ્યા. એમની સાથે પ્રેમથી વાતો કરી ને ગાવા લાગ્યા,

'**મીઠા વ્હાલા કેમ વીસરું**, મારું તમથી બાંધેલ તન હો...'

કોઈ સંત કહે, 'મહારાજ! તમારો વિયોગ ગુણાતીતાનંદ સ્વામી નહીં સહી શકે. માટે એમને ક્યાંક બીજે મોકલી દો તો સારું.' શ્રીજી મહારાજ થોડું હાસ્ય કરી કહે, 'ક્યાં મોકલી દઉં એમને ? જ્યાં હું છું ત્યાં એ છે, ને જ્યાં એ છે ત્યાં હું છું. અમે તો




એમની સાથે અનાદિકાળની પ્રીતથી બંધાયેલા છીએ. એ **અમારે રહેવાનું અક્ષરધામ** છે.'

૧-૬-૧૮૩૦નો એ દિવસ. આ દિવસે શ્રીજી મહારાજે આખરે શરીરનો ત્યાગ કર્યો. સૌ ઊંડા શોકમાં ડૂબી ગયા. ગુણાતીતાનંદ સ્વામીને પણ અત્યંત દુઃખ થયું.

એક વાર તેઓ **લક્ષ્મીવાડી**થી દૂર **શૌચક્રિયા** માટે જતા હતા. ત્યાં તેમણે **લીલી ધ્રો** (એક પ્રકારનું ઘાસ) જોઈ. તેમને વિચાર આવ્યો કે, 'પાણી છે, તો આ ધ્રો જીવે છે. અમે પણ આ ધ્રો જેવા છીએ. શ્રીજી મહારાજને લીધે જીવતા હતા. હવે કેમ જીવીશું ?' આ વિચાર આવતાં **વિયોગની વેદના**થી તેઓ **બેભાન** થઈ, જમીન પર પડી ગયા.

ત્યાં તો ચમત્કાર થયો ! સ્વામીને **શ્રીજી મહારાજે દર્શન આપ્યાં.** હાથ પકડીને બેઠા કર્યા. પછી નજીક લઈ કહ્યું, '**હું ક્યાં ગયો છું? હું તો તમારામાં અખંડ રહ્યો છું.** અખંડ રહ્યો છું. અખંડ રહ્યો છું.' આ રીતે અક્ષરબ્રહ્મ દ્વારા - ગુણાતીત સંત દ્વારા પૃથ્વી પર સદાય પ્રગટ રહેવાનો શ્રીજી મહારાજે કોલ આપ્યો.

એટલે જ **નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે : બંધ કીધાં બીજાં બારણાં રે, વહેતી કીધી અક્ષરવાટ; પુરુષોત્તમ પ્રગટી રે... આ અક્ષરવાટ એટલે ગુણાતીત ગુરુપરંપરા દ્વારા શ્રીજી મહારાજનું પ્રગટપણું. હા, ભગવાન હંમેશાં પૃથ્વી ઉપર પ્રગટ રહે છે. હાલ તેઓ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજ દ્વારા પ્રગટ છે.**



# ૧૩. ગુણાતીતાનંદ સ્વામીનું બાળપણ

શ્રીકૃષ્ણ ભગવાનના મુખ્ય ભક્ત એટલે રાધિકાજી. શ્રીરામ ભગવાનના મુખ્ય ભક્ત એટલે સીતાજી. તેમ ભગવાન શ્રીસ્વામિનારાયણના મુખ્ય ભક્ત એ ગુણાતીતાનંદ સ્વામી. શ્રીજી મહારાજ પરબ્રહ્મ અને ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ ! **બ્રહ્મ અને પરબ્રહ્મ**. સ્વામી અને નારાયણ. અક્ષર અને પુરુષોત્તમ. **સ્વામિનારાયણ સંપ્રદાયમાં** ભક્ત અને ભગવાનની **આ બે સનાતન જોડી**.



એમાંના બ્રહ્મ એટલે કે **ગુણાતીતાનંદ સ્વામી**. તેમનો જન્મ જામનગર જિલ્લાના **ભાદરા** ગામે થયો. (સંવત્ ૧૮૪૧, શરદ પૂનમ. તા. ૧૭-૧૦-૧૭૮૫) **પિતા**નું નામ **ભોળાનાથ શર્મા**. **માતા**નું નામ **સાકરબા**.

આ બાળકને સૌ 'મૂળજી' કહીને બોલાવતા. મૂળજી એટલે મૂળ અક્ષર ! એટલે કે અક્ષરધામ. અક્ષર, બ્રહ્મ કે ગુણાતીત.

■ ■ ■

**મૂળજી** નાનપણથી જ ચમત્કારી. એક દિવસ સાકરબાને કહે, 'બા, **દૂધ આપો**ને !' **સાકરબા** કહે, 'બેટા, હમણાં **ઠાકોરજીને ધરાવીને આપું** છું.'

મૂળજી કહે, 'બા, ભગવાન તો મારામાં અખંડ બિરાજમાન છે. **તેઓ મારી સાથે જ જમે છે**. સૂએ છે. બોલે છે...' નાનકડા બાળકની યોગી જેવી વાણી સાંભળી સાકરબા ચકિત થઈ ગયાં. તેમણે **મૂળજીને દૂધનો વાટકો આપ્યો.** મૂળજીએ દૂધ પીધું. માએ જોયું તો ઠાકોરજીની **મૂર્તિના હોઠ પર પણ દૂધની રેખા** દોરાઈ ગઈ હતી !



■ ■ ■

જ્યારે જુઓ ત્યારે મૂળજી કાં તો ભજન કરતા હોય કે પછી ધ્યાન કરતા હોય. આ જોઈ પિતા **ભોળાનાથ** કહે, 'બેટા, **ભજન તો ઘરડા થઈએ ત્યારે કરવાનું**. અત્યારે તો એ...ય રમો, જમો ને આનંદ કરો.'

પિતાની વાત સાંભળી **મૂળજી ગામમાં ફરવા** નીકળ્યા. થોડી વારે પાછા આવ્યા. પિતાને કહે, 'બાપુજી, હું આખા ગામમાં ફરી આવ્યો. બધાય **ઘરડા ગામગપાટા** હાંકે છે. વ્યસન કરે છે. કોઈ ભગવાન ભજતા નથી. માટે **ભજનની ઉંમર તો નાનપણ જ**.'

પિતા ભોળાનાથ આ વાત સાંભળી આશ્ચર્ય પામી ગયા. પછી તેમણે મૂળજીને ક્યારેય રોક્યા નહીં.

■ ■ ■

એક વાર ભાદરામાં **નથુ વાળંદ** મૂળજી ભક્તના વાળ કાપતો હતો. તે શ્રીરામનો ભક્ત હતો. તેથી બોલ્યો, '**રામચંદ્ર ભગવાન** કેવા જબરા, આખી **અયોધ્યાને વૈકુંઠ**માં લઈ ગયા !' આવું સાંભળી **મૂળજી** કહે, 'નથુ ! તું કહે તો **આખા ભાદરા ગામને અક્ષરધામમાં લઈ જાઉં** !'

નથુ હસવા લાગ્યો. પરંતુ આ શું ?! મૂળજી ભક્તના શરીરમાંથી **શીતળ પ્રકાશ** નીકળ્યો. જે બધે જ ફેલાઈ ગયો. સૌ અંજાઈ ગયા. નથુ તો સ્તબ્ધ જ થઈ ગયો. થોડી વારે પ્રકાશ મૂળજીના શરીરમાં સમાઈ ગયો. ત્યાં ઊભેલા **કાનોજી** બોલ્યા, 'નથુ, આ **મૂળજી તો અક્ષરનો અવતાર** છે.'

આવું ચમત્કારી હતું ગુણાતીતાનંદ સ્વામીનું બાળપણ. માતાને અને મિત્રોને તેઓ વારંવાર કહેતા, 'ઉત્તરમાં સર્વોપરી ભગવાન પ્રગટ્યા છે. હું એમને અખંડ દેખું છું. તેઓ આપણા ગામે જરૂર આવશે.'

# ૧૪. અક્ષરબ્રહ્મનો ઉદ્‌ઘોષ

'ગુણાતીતાનંદ મૂળ અક્ષર, સહજાનંદ એક પરમેશ્વર.' ઉપાસનાની આ બે પાયાની વાત. તેમાં 'સહજાનંદ એક પરમેશ્વર.'ની વાત ગુણાતીતાનંદ સ્વામીએ લોકોને સમજાવી હતી. અને '**ગુણાતીતાનંદ મૂળ અક્ષર**' એ વાતનો **ભગતજી મહારાજે ઉદ્‌ઘોષ** કર્યો હતો.

એક વખત **ગુણાતીતાનંદ સ્વામી સારંગપુર** પધાર્યા. અહીંના **વાઘાખાચર** સારા સત્સંગી. તેમણે સ્વામીને પ્રાર્થના કરી, 'સ્વામી! મને **ધિંગાણાંનાં (લડાઈનાં) સપનાં** આવે છે.' સ્વામી કહે, '**જૂનાગઢ આવો.** મહારાજ સારું કરશે.' વાઘાખાચર દરબાર એટલે **સેવક** વિના ચાલે નહીં. સ્વામીએ **ભગતજી મહારાજ**ને સેવક તરીકે મૂક્યા. ભગતજી મહારાજ બાપુની બહુ સેવા કરે. સાથે સાથે **સ્વામીના મહિમાની વાતો** કરે કે 'સ્વામી મૂળ અક્ષર છે.' બાપુને આ વાત ગમી નહીં. તેમણે ભગતજી મહારાજને સેવાની 'ના' કહી દીધી. પણ સેવક વિના **ફાવ્યું નહીં**, તેથી ભગતજીને ફરી સેવામાં રાખ્યા.

**જૂનાગઢ**માં વાઘાખાચરને ખૂબ આશ્ચર્ય થયું હતું. કારણ કે **સ્વામીના હેતવાળા ભક્તો અખંડ આનંદ** કરતા હતા. બાપુએ વિચાર્યું, 'મને કેમ આવો આનંદ આવતો નથી ?' તેમણે મહુવાના દામા શેઠને આ વાત કરી. **દામા શેઠ** કહે, 'તમે ભગતજી મહારાજમાં વિશ્વાસ રાખી ગુણાતીતાનંદ **સ્વામીને મૂળ અક્ષર માનો**. આપનેય બ્રહ્માનંદ મળશે.'

વાઘાખાચર કહે, 'મને **સ્વામી પોતે કહે તો જ માનું.**' આવું સાંભળી ભગતજી મહારાજે વૃત્તિ દ્વારા સ્વામીને તેડાવ્યા. સ્વામી સભામાંથી ઊઠ્યા.




વાડીમાં આવ્યા. ભગતજી મહારાજ કહે, 'સ્વામી! આ વાઘાખાચરને પ્રશ્ન પૂછવો છે.' સ્વામી કહે, 'એ તો ભગતજી કહે છે તે સાચું છે.' પરંતુ વાઘાખાચરે પાક્કું કરવા ફરી પૂછ્યું, 'સ્વામી તમે પંડે અક્ષર ?'

**સ્વામીએ** હસતાં-હસતાં **હા પાડી**. આ શબ્દો સાંભળ્યા કે **વાઘાખાચરને શાંતિ** થઈ ગઈ ! બધા દુર્ગુણો દૂર થઈ ગયા. ખરાબ સપનાં તો શું તેમને સ્વામીની એવી કૃપા થઈ કે **નિરાવરણ** (દીવાલ, લાકડું, લોખંડ વગેરે કોઈ આવરણ તેમને રોકી ન શકે તેવી) **સ્થિતિ** થઈ ગઈ ! ને ઊંઘ પણ ટળી ગઈ.

**'ગુણાતીતાનંદ મૂળ અક્ષર.' એ વાત એ તો ચમત્કાર છે. વેદોનો સાર છે.** સાચા દિલથી માને તેને અખંડ શાંતિ થઈ જાય. તેનો મોક્ષ થઈ જાય. આ વાત સમજ્યા વિના છૂટકો જ નથી. પણ આ વાત એ સમયે સમજાવી અઘરી હતી. ભગતજી મહારાજે અનેક વિરોધો સહન કર્યા ને આ વાતનો પ્રચાર કર્યો. તેઓ કહેતા, 'આ બેઠું છે તે અક્ષર છે. આ સૂતું છે તે અક્ષર છે. આ ચાલે છે તે અક્ષર છે.'

છેવટે સત્ય તો સૌને સ્વીકારવું જ પડેને. **ભગતજી મહારાજના યોગથી અનેક પરમહંસો, હરિભક્તો, મોટા ભાવિકોને 'ગુણાતીતાનંદ મૂળ અક્ષર'ની વાત દૃઢ થઈ. સૌને શુદ્ધ ઉપાસના સમજાવનાર ભગતજી મહારાજની આ સેવાને સૌ સદીઓ સુધી યાદ કરશે.**



# ૧૫. BAPS સંસ્થાની સ્થાપના

**સુરત**ના **રામપુરા**ના **સ્વામિનારાયણ મંદિર**માં ઘનશ્યામ મહારાજની મૂર્તિ પધરાવવાની હતી. આ ઉત્સવમાં મહુવાથી ભગતજી મહારાજ પણ આવ્યા હતા. મહોત્સવની સેવામાં અઢારેક વર્ષના **યજ્ઞપુરુષદાસ** (શાસ્ત્રીજી મહારાજ) પણ જોડાયા હતા. એક વાર અચાનક એમની નજર **ભગતજી મહારાજ** પર પડી. તેમણે એક વિશિષ્ટ દૃશ્ય જોયું. ભગતજી મહારાજ હરિભક્તોને **કથાવાર્તા કરતા** હતા ને નીચે જોયા વિના **કપડું પણ સીવતા હતા** !

ભગતજી મહારાજની દૃષ્ટિ પણ આ સાધુ પર પડી. તેથી તેમણે પૂછ્યું, 'સાધુરામ ! **સ્વામિનારાયણની પૂરી નિષ્ઠા થઈ છે ?**' શાસ્ત્રીજી મહારાજ કહે, '**શ્રીજી મહારાજ સર્વોપરી ભગવાન** છે, તે મેં દૃઢ કર્યું છે.' ભગતજી મહારાજ કહે, 'એ તો ફક્ત નારાયણની નિષ્ઠા કહેવાય. **અડધી નિષ્ઠા** જ કહેવાય. જ્યાં સુધી સ્વામી એટલે કે **ગુણાતીતાનંદ સ્વામી અક્ષર** છે; એ વાત ન સમજાય, ત્યાં સુધી સ્વામિનારાયણની **પૂરી નિષ્ઠા** ન કહેવાય.'




આ વાત સાંભળી શાસ્ત્રીજી મહારાજે ખૂબ ઊંડો વિચાર કર્યો. વાત સાચી છે કે ખોટી?, તે જાણવા તેમણે પોતાના **ગુરુ વિજ્ઞાનાનંદ સ્વામી**ને પૂછી જોયું. વિજ્ઞાનાનંદ સ્વામી તો **વિદ્વાન** હતા, ને **શ્રીજી મહારાજ થકી દીક્ષા પામેલા** હતા. **તેમણે** પણ આ વાતને **સમર્થન આપ્યું**. પછી તો સ્વામી અને નારાયણ, અક્ષર અને પુરુષોત્તમની સાચી ઉપાસના સ્પષ્ટ કરાવનાર **ભગતજી મહારાજ** શાસ્ત્રીજી મહારાજને મન **ગુરુ બન્યા**.

શાસ્ત્રીજી મહારાજને વેદ, ઉપનિષદ, ગીતા વગેરે **શાસ્ત્રોનું જ્ઞાન હતું જ**. તેમણે વચનામૃતો પણ વાંચ્યાં. અનેક **પરમહંસો તથા ભક્તોને મળ્યા**. સૌએ અક્ષર અને પુરુષોત્તમની વાતની 'હા' કહી. પછી તો શાસ્ત્રીજી મહારાજે **નક્કી કર્યું** : મંદિર સ્વામિનારાયણનું, માળા સ્વામિનારાયણની, સાધુ સ્વામિનારાયણના... તો **સ્વામી અને નારાયણની મૂર્તિ મધ્ય મંદિરમાં હોવી જ જોઈએ**.

■ ■ ■

પરંતુ આ વાત **દ્વેષીઓ**ને ન ગમી. તેમણે શાસ્ત્રીજી મહારાજને **મારી નાંખવાની યોજના**ઓ ઘડી. શાસ્ત્રીજી મહારાજની પારણાંની **ખીચડીમાં કાતિલ ઝેર** નાંખવામાં આવ્યું હતું, પણ શાસ્ત્રીજી મહારાજ ઝેર પચાવી ગયા.

એમને **ચૂલામાં** નાંખી, **બાળી મૂકવાની યોજના** ઘડાઈ હતી, પણ ભક્તોએ એ ન થવા દીધું.





શાસ્ત્રીજી મહારાજને કોઈ પણ સંજોગોમાં વરતાલ છોડવું ન હતું, પરંતુ **કૃષ્ણજી અદા**ના કહેવાથી, **શિક્ષાપત્રી** મુજબ **દેશકાળ** પ્રમાણે વર્તવાની વાત આવતાં, તેમણે આજ્ઞા સ્વીકારી.

**પાંચ સંતો ને મુઠ્ઠીભર હરિભક્તો** સાથે તેઓએ મંદિરમાં **હરિકૃષ્ણ મહારાજ પાસે** જઈ **પ્રાર્થના** કરી, 'હે મહારાજ ! અમારે તો છૂટા પડવું નથી; પરંતુ આપની મરજી છે, તો આપનો ને ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા પ્રવર્તાવવા નીકળીએ છીએ. આપ **અખંડ અમારી સાથે રહેજો**.'

**આમ, શાસ્ત્રીજી મહારાજે વરતાલ છોડ્યું. ને બોચાસણમાં પ્રથમ મંદિર બાંધ્યું. આ સાથે BAPS (બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા)ની સ્થાપના થઈ. એ વર્ષ હતું સને ૧૯૦૭.**

વરતાલ છોડ્યા પછી પણ શાસ્ત્રીજી મહારાજે ક્યારેય કોઈનોય જરાય વિરોધ કર્યો નથી. કોઈનીય સાથે સ્પર્ધા કરી નથી. આમ, શુદ્ધ ઉપાસનાના સનાતન વૈદિક **સિદ્ધાંત અને સાધુતાના પાયા ઉપર આપણી સંસ્થા સ્થપાઈ છે**.

# ૧૬. યોગીજી મહારાજ - જીવન અને કાર્ય




**મુંબઈ**માંથી પ્રગટ થતું એક પ્રખ્યાત **મેગેઝિન**, નામ **'ભવન્સ જર્નલ'**. તેમાં **'ભગવાન મારા જીવનમાં કેવી રીતે પ્રવેશ્યા ?'** તેવી એક લેખમાળા આવે. જુદા-જુદા સંતો અને મહંતો પોતાને થયેલા સાક્ષાત્કારની વાત તેમાં જણાવે.

**યોગીજી મહારાજ**ને પૂછવામાં આવ્યું, 'આપને ભગવાનનાં દર્શન થયાં હોય એવા પ્રસંગો કહો, તો મેગેઝિનમાં મોકલીએ.' તરત જ યોગીજી મહારાજ બોલ્યા, **'અમારે તો અખંડ ભગવાનનું દર્શન છે.'**

આ છે યોગીજી મહારાજનો ટૂંકો પરિચય. સદાય ભગવાન અને ગુરુમાં લીન. **અખંડ આનંદમાં અલમસ્ત.** ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તથા સેવા, તપ, દિવ્યભાવ અને સહનશક્તિ વગેરેનું તેઓ મૂર્તિમાન સ્વરૂપ. **સાધુતાના આદર્શ.** કોઈનોય અવગુણ નહીં. ક્યારેય ક્રોધ નહીં. જીવનમાં **દુઃખનો કોઈ પ્રસંગ નહીં** !



અને મિત્રો, આપણાં **બાળમંડળની શરૂઆત** પણ તેમણે જ કરી હતી. ચાલો, આ પાઠમાં તેમનાં જીવન અને કાર્ય વિશે માહિતી મેળવીએ.

- **બાળપણનું નામ :** ઝીણાભાઈ
- **જન્મ :** સંવત્ ૧૯૪૮, વૈશાખ વદ ૧૨ (બારસ), તા. ૨૩-૫-૧૮૯૨.
- **જન્મસ્થળ :** ધારી (અમરેલી જિલ્લો, ગુજરાત)
- **માતાનું નામ :** પૂરીબા
- **પિતાનું નામ :** દેવચંદભાઈ

■ **જીવનક્રમ**

સને ૧૮૯૨ : જન્મ

સને ૧૯૦૮ : ગૃહત્યાગ (ઉંમર : ૧૬ વર્ષ)

સને ૧૯૦૮ : જૂનાગઢમાં પાર્ષદી દીક્ષા, નામ : **ઝીણા ભગત**

સને ૧૯૧૧ : વરતાલમાં ભાગવતી દીક્ષા, નામ : **સાધુ જ્ઞાનજીવનદાસ** (દીક્ષા આપનાર : આચાર્ય શ્રીપતિપ્રસાદજી મહારાજ)

સને ૧૯૧૧ : જૂનાગઢ છોડી શાસ્ત્રીજી મહારાજ સાથે ભળ્યા.

સને ૧૯૩૪ : ગોંડલ મંદિરના મહંતપદે.

સને ૧૯૫૧ : બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના ધામગમન બાદ વારસદાર તરીકે સૌના ગુરુપદે આવ્યા.

સને ૧૯૫૫, ૧૯૬૦, ૧૯૭૦ : **ત્રણ વિદેશયાત્રાઓ** (આફ્રિકા અને ઇંગ્લેન્ડ)

સને ૧૯૭૧ : ૭૯ વર્ષે ધામગમન. (મુંબઈ)

■ **કાર્ય**

૧. ૧૦૦થી વધુ સુશિક્ષિત **યુવાનોને દીક્ષા**
૨. **બાળ-યુવા-સત્સંગ મંડળોની સ્થાપના**
૩. 'સ્વામિનારાયણ પત્રિકા'ની શરૂઆત
૪. **સત્સંગ દરિયાપાર** લઈ જનાર
૫. ૨ શિખરબદ્ધ મંદિરો (અમદાવાદ અને ભાદરા) તથા ૫૪ હરિમંદિરોની પ્રતિષ્ઠા
૬. ગોંડલ ગુરુકુળ, વિદ્યાનગર **છાત્રાલય**, સંગીત અને સંસ્કૃત પાઠશાળા તથા **શિબિર-અધિવેશનો**ની શરૂઆત કરનાર
૭. સેંકડો પારાયણો, હજારો પધરામણીઓ, લાખો પત્રો તથા યાત્રાઓ-યજ્ઞો વગેરે કરનાર

■ **જીવનભાવના અને ઉપદેશ**

**૧. ભગવાન સૌનું ભલું કરો. ભગવાન ભજી લેવા.**
૨. સંપ, સુહૃદભાવ અને એકતા રાખ્યા વગર સુખ જ નથી.
૩. સારા થવા માટે સૌમાંથી **ગુણ ગ્રહણ** કરવા. અવગુણ લેવાનો-ઝેર પીવાનો રસ્તો લેવો જ નહીં.
૪. ગુરુમાં **નિર્દોષબુદ્ધિ** એ જ ભક્તિ.
૫. સત્ય, પ્રિય અને હિતકર બોલવું. વાણી દૂધ અને ઘીની જેમ વાપરવી.
૬. જ્યાં-ત્યાં, જેમ-તેમ, જેવું-તેવું ચલાવી લેવું. **સહન** કરતાં શીખવું.
૭. વર્તમાન-**નિયમધર્મ બરાબર પાળવાં.** ખબરદાર થવું.

■ **અભિપ્રાયો**

**૧. 'અહો ! જોગી જેવા સાધુ અનંતકોટિ બ્રહ્માંડમાં નથી.'**

**- બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ**

૨. 'ઉપનિષદ્‌માં જે બ્રહ્મની વાત છે, તે યોગીજી મહારાજ છે.'

- પૂજ્ય ચિન્મયાનંદ સ્વામી (ચિન્મય મિશન)


MEGHAVI

# ૧૭. ગુણાતીત સંતમાં બધા પ્રગટ

એ હતા **પંજાબી** ભગત. અમૃતસર નજીકના ગામમાં રહે. નામ **ભગવત્સિંહ**. **રાઈસ મિલના માલિક**. ખૂબ ધનવાન. પરિવારમાં પણ સુખ-શાંતિ. એક માણસને જે જોઈએ એ બધું એમની પાસે. છતાં એમને **વિચાર** આવે, 'હવે શું ? **માનવજીવનનો હેતુ શું ?** ફક્ત પૈસા ? બંગલા ? પરિવાર ? ના, ના... ભગવાન ન મળે, તો જીવન નકામું. મોક્ષ ન મળે, તો જીવન નિષ્ફળ.'

પણ હવે મોક્ષ આપનાર તો શોધવા પડેને ? તેઓએ **ઘર છોડ્યું**. પૈસા અને પરિવાર છોડ્યા. અને નીકળી પડ્યા કલ્યાણ શોધવા. ફરતાં-ફરતાં તેઓ **ગુજરાત** આવ્યા. અનેક મંદિરોમાં ફર્યા. ક્યાંય મન ન બેઠું. છેવટે પ્રભાસપાટણ પાસેના **ભાલકાતીર્થ** પહોંચ્યા. અહીં તેમને શાંતિ થઈ. તેઓ સાચા મુમુક્ષુ હતા, તેથી એક દિશા મળી ગઈ. તેઓ **શિવજીની સાધના** કરવા લાગ્યા. રોજ વહેલાં ઊઠે. સ્નાન કરે. 'ૐ નમઃ શિવાય'ના પાઠ કરે. શિવલિંગને દૂધ ચઢાવે. બિલિપત્ર ચઢાવે. શિવમહિમાનું સ્તોત્ર ગાય. ઉપવાસ પણ કરે. મનમાં એક જ ઇચ્છા : શિવજી પ્રગટ થઈ દર્શન દે અને મારો મોક્ષ કરે.

વર્ષો વીતી ગયાં. શુદ્ધ ભક્તિ હતી અને કઠોર સાધના હતી, તેથી **શિવજી પ્રસન્ન** થયા. પ્રગટ થઈ દર્શન આપ્યાં ને વરદાન માંગવા કહ્યું. ભગવત્સિંહ કહે, 'નાથ, મારી પાસે બધું જ હતું. મેં **કેવળ મોક્ષ** માટે ઘર, પરિવાર અને સમૃદ્ધિ છોડ્યાં છે. રાજી થયા હો, તો મોક્ષ **આપો.**' શિવજી મીઠું હસ્યા ને બોલ્યા, '**તારે મોક્ષ જોઈતો હોય, તો પ્રમુખસ્વામી પાસે જા**. તેઓમાં ભગવાન પ્રગટ છે.' બીજું કાંઈ પૂછવા જાય, એ પહેલાં શિવજી અદૃશ્ય થઈ ગયા.

ભગવત્સિંહ માટે આ બીજી પરીક્ષા આવી કે, 'કોણ છે પ્રમુખસ્વામી ? ક્યાં મળે તેઓ ?' **આજુબાજુ પૂછ્યું ત્યારે ભાળ મળી.** કોઈએ કહ્યું, 'અહીંથી થોડે દૂર ગઢડા છે. ત્યાં જા. પ્રમુખસ્વામી કદાચ ત્યાં મળે.' તેઓ જરાય રાહ જોયા વિના **ગઢડા** પહોંચ્યા. પૂછતાં-પૂછતાં ઘેલા કાંઠે આવ્યા. ટેકરા પર ચઢ્યા. મંદિરમાં પ્રવેશ્યા. દર્શન કર્યાં. સંતોને મળ્યા. સંતો કહે, 'તમે અહીં રોકાઈ જાવ. થોડા દિવસોમાં પ્રમુખસ્વામી આવશે.'

ભગવત્સિંહજીને નિરાંત થઈ, 'હાશ ! વર્ષોની યાત્રા હવે પૂરી થશે. મોક્ષ મળશે.' થોડા દિવસે **પ્રમુખસ્વામી મહારાજ ગઢડા** આવ્યા. **ભગવત્સિંહજીએ દર્શન કર્યાં**. તેમને **મોક્ષની પ્રતીતિ** થઈ. શિવજીનું વચન સાચું ઠર્યું. અહો ! ભગવાન પ્રગટ હોય એવા-મોક્ષ આપનાર સાધુ મળ્યા! ભગવત્સિંહજી સત્સંગી બન્યા. કંઠી પહેરી, **વર્તમાન ધારણ** કર્યાં. અને **અંતકાળ સુધી ગઢડા મંદિરમાં સેવા કરતા** રહ્યા. એ વર્ષ હતું સને ૧૯૮૬. તેમની અનંત જન્મોની યાત્રા પૂરી થઈ ગઈ! મોક્ષ થઈ ગયો! અક્ષરધામ મળી ગયું !!


આમ, કોઈને **શ્રીરામ**નાં તો કોઈને **શ્રીકૃષ્ણ**નાં, કોઈને **શિવજી**નાં તો કોઈને પોતાના **આરાધ્ય દેવ-દેવી**નાં, કોઈને પોતાના **ગુરુજનો**નાં તો કોઈને **મહાપુરુષો**નાં... અનેક લોકોને પ્રમુખસ્વામી મહારાજમાં આવાં અદ્ભુત દર્શન થયાં હતાં. **તીર્થો** અને **શાસ્ત્રો**ય **એમનામાં પ્રગટ** હતાં.

**હા, ગુણાતીત સંતમાં બધું જ આવી ગયું. ભગવાન હાલ પણ મહંતસ્વામી મહારાજ સ્વરૂપે પ્રગટ જ છે. જેનું સદ્ભાગ્ય હોય તેને ઓળખાણ થાય અને તે મોક્ષના અધિકારી થાય.**

# ૧૮. પરોપકારી જીવન

સને ૧૯૮૭. **રાજકોટ** નજીકના **રતનપુર** ગામનો આ પ્રસંગ છે. ત્યાં એક જગ્યાએ ૫,૦૦૦ **વાછરડાં** રાખવામાં આવ્યાં હતાં. પ્રમુખસ્વામી મહારાજ ત્યાં પહોંચ્યા. ટોળાબંધ વાછરડાંઓ **પ્રમુખસ્વામી મહારાજની પાછળ** દોડવા લાગ્યાં. સ્વામી જે બાજુ જાય, ત્યાં પાછળ ને પાછળ. સ્વામીએ આ અંગે ત્યાંના કાર્યકર્તાઓને પૂછ્યું, તો તેઓ કહે, 'સ્વામી! દુકાળને લીધે ઘાસચારો મળતો નથી. **૨-૩ દિવસથી** આ બિચારાં વાછરડાંઓને કાંઈ જ **ખાવા મળ્યું નથી**. એટલે જે કોઈ આવે, તે કાંઈક આપવા આવ્યા હશે; એમ માની વાછરડાં તેમની પાછળ ફરે છે.'


આ સાંભળી **પ્રમુખસ્વામી મહારાજને અત્યંત દુઃખ** થયું. તેઓ ગળગળા થઈ ગયા. ગોંડલ આવી તેમણે તરત જ ત્યાંના કોઠારી સ્વામીને બોલાવ્યા ને કહ્યું, 'રતનપુરમાં મારી પાછળ જે રીતે વાછરડાં દોડતાં હતાં, તે હું જોઈ જ ન



શક્યો. અત્યારે ને અત્યારે રાજકોટ જવાબદાર સંતને કહેવડાવી દો કે ઘાસના ખટારા ત્યાં મોકલે ને વાછરડાંઓનું ભૂખનું દુઃખ ટાળે.'

'આવાં તો કેટલાં વાછરડાં ગુજરાતમાં હશે?! બધાં દુઃખી હશેને ?' એ વિચારે પ્રમુખસ્વામી મહારાજે આવાં અનેક મૂંગાં પશુઓને સાચવવા માટે, અનેક **કેટલકેમ્પ** શરૂ કરવાનું નક્કી કર્યું. તેઓ કહેતા, 'હું ૩૦૦ સંતોને આ સેવામાં કામે લગાડીશ. હરિભક્તોનેય કામે લગાડીશ. અત્યારે બેસી રહેવાય તેવું નથી. **પશુઓનું દુઃખ તો જુઓ! આ મૂંગાં પશુઓને માણસોનો જ આધાર છે.'**

કેવી કરુણા ! હા મિત્રો, પ્રમુખસ્વામી મહારાજની આ કરુણા જીવપ્રાણીમાત્ર તરફ




વહેતી હતી. તેના પરિણામે જ આજે **બી.એ.પી.એસ. સંસ્થામાં** નાની-મોટી **અનેક પ્રકારની** આધ્યાત્મિક ને સામાજિક **સેવા-પ્રવૃત્તિઓ** ચાલે છે.


**પ્રમુખસ્વામી મહારાજ ખૂબ દયાળુ હતા. તેઓ બીજા માટે જ જીવન જીવ્યા હતા. આવા પરોપકારી સંતનું ઋણ ક્યારેય ચૂકવી ન શકાય.**

■ **<u>પ્રમુખસ્વામી મહારાજનું પરોપકારી કાર્ય</u>**

- ૫૨ દેશોમાં સત્સંગ
- ૧,૧૦૦ થી વધુ **મંદિરો** અને ૨ **અક્ષરધામ**
- ૧,૦૦૦ થી વધુ સુશિક્ષિત **સંતો**
- ૩,૮૫૦ આંતરરાષ્ટ્રીય **કેન્દ્રો**
- ૧૬,૦૦૦ અઠવાડિક બાળ, યુવા, સત્સંગ તથા મહિલા **સભાઓ**
- દેશ-વિદેશમાં ૧૦ લાખથી વધુ **હરિભક્તો**

■ **<u>સંસ્થાની આંતરરાષ્ટ્રીય સેવા પ્રવૃત્તિઓ</u>**

- બાળ - યુવા - વડીલ - મહિલા સત્સંગ પ્રવૃત્તિઓ દ્વારા સૌમાં **આધ્યાત્મિક ગુણોનો વિકાસ.**
- દવાખાનાં - હૉસ્પિટલો દ્વારા લાખો દર્દીઓની **આરોગ્ય સેવા.**
- શાળા - કૉલેજ - છાત્રાલયો - શિષ્યવૃત્તિ દ્વારા લાખો વિદ્યાર્થીઓની **શિક્ષણ સેવા.**
- દુષ્કાળ - પૂર હોનારત - વાવાઝોડું - ભૂકંપ વગેરે **આપત્તિઓમાં પીડિતોની સેવા.**
- **આદિવાસી**ઓના સર્વાંગી **ઉત્કર્ષ**ની સેવા.
- પર્યાવરણ જાગૃતિ, વાલી જાગૃતિ, શિક્ષક જ્યોતિ, મહિલા ઉત્કર્ષ, વ્યસનમુક્તિ, સાક્ષરતા અભિયાન, દહેજનાબૂદી, જળસંચય અભિયાન, નર્મદા યોજના જાગૃતિ... વગેરે.
- અનેક વાર **ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ**માં સ્થાન. **યુનો (UNO) દ્વારા માન્યતા**.




સ્વામીશ્રીએ આપેલ પોતાની ઓળખાણ:

બ્રહ્મ. શ્રીજીના દાસ. પરમ એકાંતિક સંત.

# ૧૯. સ્વામીશ્રીની ઓળખાણ

૪-૧-૨૦૧૭. **અમદાવાદ**. પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજની હાજરીમાં અહીં એક **શિબિર**નું આયોજન થયું હતું. અમેરિકા, યુરોપ, ઓસ્ટ્રેલિયા અને આફ્રિકાના યુવકો તેમાં લાભ લેતા હતા. બધા યુવકોએ વિચાર્યું કે આખું જીવન યાદ આવે એવી સ્વામીશ્રીની સ્મૃતિ આજે લેવી છે.



સ્વામીશ્રી સવારે મંદિરમાં દર્શન કરીને ઉતારા તરફ જતા હતા. મંદિરની પાસેની લોનમાં પરદેશના આ **યુવકો** બેઠા હતા. સ્વામીશ્રી નજીક આવ્યા ત્યારે એક યુવક બોલ્યો, 'સ્વામી ! જય સ્વામિનારાયણ... હું **અમેરિકાથી** આવ્યો છું.' બીજો યુવક બોલ્યો, 'હું **આફ્રિકાથી** આવ્યો છું.' ત્રીજો યુવક બોલ્યો, 'હું **ઓસ્ટ્રેલિયાથી** આવ્યો છું.' ચોથા યુવકે ઊભા થઈ પૂછ્યું, 'સ્વામી ! અમે તો અમારી વાત કરી, હવે **આપ કહો કે આપ ક્યાંથી આવ્યા છો ?**'

તરત જ સ્વામીશ્રીએ હાથનું લટકું કરીને કહ્યું, '**ઠે... ઠ અક્ષરધામથી.**' આ લટકું એટલું અદ્ભુત હતું કે સૌ યુવકો માટે જીવનભરની સ્મૃતિ બની ગઈ. ત્યાં હાજર સૌ સંતો-હરિભક્તો પણ આ લીલા જોઈ તાળી વગાડવા લાગ્યા.

આપણાં કેવાં ભાગ્ય ! આપણા ગુરુ છેક અક્ષરધામથી આપણું કલ્યાણ કરવા અહીં પૃથ્વી ઉપર આવ્યા છે, આપણા જેવા થયા છે.


▪ ▪ ▪

૨૮-૯-૨૦૧૬. **બોચાસણ**. બપોરના આરામ પછી સ્વામીશ્રી પત્રલેખન કરવા માટે બિરાજ્યા. પ્રમુખસ્વામી મહારાજના ધામગમનને હજુ દોઢ મહિનો જ થયો હતો. પ્રમુખસ્વામી મહારાજના સ્થાને મહંતસ્વામી મહારાજ ગુરુપદે આવ્યા ત્યારે તેઓનું બાહ્યસ્વરૂપ જુદું જણાતું હોવાથી એક હરિભક્તે **પત્ર** લખી એક પ્રશ્ન પૂછ્યો હતો.

પત્રમાં લખ્યું હતું : 'પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજનાં ચરણકમળમાં દંડવત્ પ્રણામ તથા હેતપૂર્વક જય સ્વામિનારાયણ. સ્વામી! **આપના સ્વરૂપ વિશે મારે શું સમજવું ?** મારે મારા જીવનું કલ્યાણ કરવું છે. માટે જેમ હોય તેમ મને જવાબ લખશો.'

સ્વામીશ્રી એકદમ ભાવમાં આવી ગયા અને સ્પષ્ટ શબ્દોમાં કહેવા લાગ્યા, '**યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ... બહારના દેખાવમાં બધા જુદા લાગે, પણ અંદર તત્ત્વ (અક્ષરબ્રહ્મ) એક જ છે.** જે શ્રીજી મહારાજ ભગતજી મહારાજમાં હતા, એ જ શાસ્ત્રીજી મહારાજમાં, એ જ યોગીજી મહારાજમાં, એ જ પ્રમુખસ્વામી મહારાજમાં... એ જ આપણે પણ તત્ત્વ છે. **મૂળ તો શ્રીજી મહારાજ બધામાં છે.** (બધા ગુણાતીત ગુરુઓમાં) શ્રીજી મહારાજનો જ પ્રતાપ છે.'

આપણાં કેવાં ભાગ્ય ! **આપણા ગુરુ અક્ષર છે, બ્રહ્મ છે, ગુણાતીત છે. એમનામાં શ્રીજી મહારાજ અખંડ રહ્યા છે.** એમના દ્વારા આપણને ભગવાન જ દર્શન આપે છે. એમના દ્વારા ભગવાન જ આપણી સાથે વાતો કરે છે. એમના દ્વારા ભગવાન જ આપણને આશીર્વાદ આપે છે.



# ૨૦. દાસના દાસ

સને ૧૯૯૧. એકવાર પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ **વિદ્યાનગર**માં છાત્રાલયમાં પધાર્યા હતા. એક રાત્રે તેઓ ઉતારામાં **પત્રલેખન** કરી રહ્યા હતા. એટલામાં છાત્રાલયના **કેટલાક યુવકો ગોષ્ઠી કરવા** માટે રૂમમાં આવ્યા. **તેઓ ટૂંક સમયમાં દીક્ષા લેવાના હતા.**

યુવકો આવ્યા એટલે **સ્વામીશ્રી**એ પત્રલેખન બંધ કર્યું. પછી ઊભા થઈ બાથરૂમ તરફ જવા લાગ્યા. યુવકોને એમ કે તેઓ બાથરૂમમાં જાય છે, પરંતુ એવું ન હતું, તેઓ જગ્યા શોધતા હતા. જેવી પૂરતી જગ્યા મળી કે તેઓ યુવકોને **દંડવત્ કરવા લાગ્યા**.

યુવકો માટે આ ઘટના અણધારી હતી. આવા મોટા સંત યુવકોને દંડવત્ કરે! હવે શું કરવું! - એવું વિચારે એટલામાં તો સ્વામીશ્રીએ બે દંડવત્ કરી દીધા. સંસાર છોડીને **સાધુ બનવા જઈ રહેલા** આ **યુવકોનો મહિમા સમજતા** સ્વામીશ્રીને જાણે સંતોષ જ થતો ન હતો. તરત જ **સ્વામીશ્રીએ ત્રીજો દંડવત્ પણ પૂરો કરી દીધો** !

કેવું આશ્ચર્ય !! પોતે કેટલા મહાન છતાં યુવકોને દંડવત્ કરે !! સ્વામીશ્રી દાસના દાસ થઈને જીવન જીવે છે, સૌનો મહિમા સમજે છે.

■ ■ ■

૧૪-૯-૨૦૧૬. **મુંબઈ**. સ્વામીશ્રી ઉતારામાં સોફા ઉપર બિરાજમાન હતા. સામે **એક સંત** એકલા બેઠા હતા. તે સંતને ડાબા **પગમાં ઓપરેશન** કરાવ્યું હતું. તેથી તેઓ **વ્હીલચેરમાં** હતા. **મુલાકાત પૂરી** થઈ ત્યારે તેઓ હાથથી વ્હીલચેર ચલાવી દરવાજા સુધી ગયા. તકલીફને લીધે ઊભા થવાય એવું હતું નહીં, તેથી તે **સંતે જમણા સાજા પગેથી ધક્કો મારી દરવાજો ખોલ્યો.**

તેઓ ફરી હાથથી વ્હીલચેર ચલાવવા જાય તેટલામાં તો આશ્ચર્ય થયું. **વ્હીલચેર આપમેળે રૂમની બહાર નીકળવા લાગી !** સંતે પાછળ જોયું તો **સ્વામીશ્રી વ્હીલચેર ચલાવી રહ્યા હતા !** સંત કાંઈ બોલે તે પહેલાં તો વ્હીલચેર રૂમની બહાર નીકળી ગઈ. રૂમ બહાર ઊભેલા સૌ સંતો-હરિભક્તો પણ આશ્ચર્યચકિત થઈ ગયા !! કોઈ સંત વ્હીલચેર લેવા ગયા તો સ્વામીશ્રીએ બિલકુલ 'ના' પાડી દીધી અને હસતાં-હસતાં **વ્હીલચેર છેક બહારની લોબી સુધી લઈ ગયા** !!

સ્વામીશ્રી ફક્ત બોલતા નથી. તેઓ દાસના દાસ છે. સૌની સેવા કરે છે, સૌ માટે ઘસાય છે. **પોતે અક્ષરબ્રહ્મ હોવા છતાં, આટલા મોટા ગુરુ હોવા છતાં દાસભાવે વર્તે એ કેવું આશ્ચર્ય ?!**

■ ■ ■

સ્વામીશ્રી પોતાની ઓળખાણ 'દાસના દાસ' કહીને આપે છે. તેઓ કહે છે : **દાસના દાસ થઈને રહેવું એ ખરેખરો સત્સંગ છે.** દાસના દાસ થાય તેને બધું જ સિદ્ધ થઈ જાય છે. દાસપણું એ સત્સંગની **માસ્ટર-કી છે**, સત્સંગનું મિડિયમ (માધ્યમ) છે. દાસના દાસ થવામાં જ **અંતરનો રાજીપો છે.**



# ૨૧. આપણે કોણ ?

કોઈ તમને પૂછે : તમારો **ધર્મ** કયો ? તમે તરત જ કહેશો: **હિંદુ** વળી. બીજો પ્રશ્ન પૂછે : તમારો સંપ્રદાય કયો ? હવે તમે શું કહેશો ? આ પાઠમાં એનો જવાબ મળશે.

બાળમિત્રો, હિંદુધર્મમાં ઘણા સંપ્રદાયો છે. સૌમાં ભગવાનને પામવાના માર્ગો દર્શાવાયા છે, પરંતુ એ બધામાં આપણો '**સ્વામિનારાયણ સંપ્રદાય**' વિશિષ્ટ છે. વેદ-ઉપનિષદમાં બ્રહ્મ અને પરબ્રહ્મનો એટલે કે અક્ષર અને પુરુષોત્તમનો સિદ્ધાંત પડ્યો જ છે. શ્રીજી મહારાજે પ્રગટ થઈ તેનો પ્રસાર કર્યો. અને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સને ૧૯૦૭માં **બી.એ.પી.એસ. સંસ્થા**ની સ્થાપના કરી, એ જ્ઞાન મૂર્તિમાન કર્યું.

હવે ત્રીજો પ્રશ્ન : આપણે સ્વામિનારાયણ સંપ્રદાયના - **બી.એ.પી.એસ. ના સત્સંગી ક્યારે કહેવાઈએ ? ઉપાસના અને આજ્ઞા દૃઢ હોય ત્યારે.** આજ્ઞા અને ઉપાસના જ અક્ષરધામમાં જવાની બે પાંખો છે.

- **<u>ઉપાસનામાં આપણે ૪ વસ્તુ માનવાની છે</u>**

વેદાદિક શાસ્ત્રોના સાર એવા વચનામૃત અને સ્વામીની વાતો અનુસાર આપણે ઘણી બાબતો માનવાની છે, પરંતુ તેમાં મુખ્ય નીચેની ૪ છે :

૧. **સહજાનંદ એક પરમેશ્વર** (શ્રીજી મહારાજ કર્તાહર્તા, દિવ્ય-સાકાર, સર્વોપરી અને પ્રગટ છે.)
૨. **ગુણાતીતાનંદ મૂળ અક્ષર** (ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ છે.)
૩. **પ્રગટ સત્પુરુષ મોક્ષનું દ્વાર** (પ્રગટ અક્ષરબ્રહ્મ મહંતસ્વામી મહારાજ મોક્ષનું દ્વાર છે.)
૪. **બી.એ.પી.એસ. અસ્મિતા** (બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંપ્રદાયના સિદ્ધાંતો, ગ્રંથો, પરંપરા વગેરે પરમ સત્ય છે.)

- **<u>આજ્ઞામાં આપણે ૮ વસ્તુ કરવાની છે</u>**

શિક્ષાપત્રી મુજબ આપણે ઘણી બાબતો કરવાની છે, પરંતુ બાળકો માટે હાલ વધુ જરૂરી ૮ બાબતો નીચે મુજબ છે :

૧. **કંઠી** (કંઠી પહેરી શ્રીજી મહારાજનો આશરો કરવો.)
૨. **પૂજા-પંચાંગ** (તિલક-ચાંદલા સહિત પૂજા કરવી. માતા-પિતાને પંચાંગ પ્રણામ કરવા.)
૩. **બાળસભા-ઘરસભા** (નિયમિત અને સમયસર બાળસભામાં જવું. ઘરસભામાં બેસવું.)
૪. **આરતી-અષ્ટક** (ઘરમંદિરમાં કે વ્યક્તિગત બે સમયે આરતી-અષ્ટક કરવાં.)





૫. **આહારશુદ્ધિ** (ડુંગળી-લસણનો ત્યાગ કરવો. બજારુ ખાણી-પીણી અને વ્યસનનો ત્યાગ કરવો. એકાદશી (ફરાળી કે સજળા કે નિર્જળા) કરવી.)

૬. **વાંચન-પરીક્ષા** ('સત્સંગ વિહાર' પુસ્તિકાઓનું રોજ વાંચન કરવું. 'સત્સંગ વિહાર' પુસ્તિકાઓની પરીક્ષા ફરજિયાત આપવી.)

૭. **કુસંગ ત્યાગ** (ખરાબ મિત્રો, સિનેમા-સિરિયલનો ત્યાગ કરવો.)

૮. **સારો અભ્યાસ** (રોજ ૩ કલાક વિશેષ અભ્યાસ કરવો.)

■ **<u>આપણું તત્ત્વજ્ઞાન</u>**

બાળમિત્રો, આપણું તત્ત્વજ્ઞાન સાવ સરળ છે. એ નીચેનાં બે નાનાં ગીતરૂપે રજૂ કરીએ છીએ.

● **પંચતત્ત્વ ગીત**

જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ;
આપ્યું શ્રીજી મહારાજે, પંચતત્ત્વ-જ્ઞાનમ્...
જીવ, ઈશ્વર માયામાં, અનાદિથી અટવાય;
અક્ષરબ્રહ્મનો સંગ થાતાં, પરબ્રહ્મ પમાય...

● **ઉપાસના ગીત**

સ્વામી અને નારાયણ, અક્ષર અને પુરુષોત્તમ...
આત્મા ને પરમાત્મા, બ્રહ્મ અને પરબ્રહ્મ...
સ્વામી તે ગુણાતીત સ્વામી,
નારાયણ સહજાનંદ સ્વામી...
અક્ષર તે ગુણાતીત સ્વામી,
પુરુષોત્તમ સહજાનંદ સ્વામી...
અક્ષરપુરુષોત્તમ ઉપાસના... (૨)...
અક્ષરરૂપ થઈને, પુરુષોત્તમની,
ભક્તિ કરવાની આ સાધના...
અક્ષરરૂપ થવું એટલે અક્ષર જેવા થાવું,
પ્રગટ અક્ષર મહંતસ્વામી મહારાજ જેવા થાવું...
પુરુષોત્તમની ભક્તિ એટલે પ્રેમ શ્રીજીમાં કરવો,
સર્વોપરી સાકાર પ્રગટ કર્તાનો નિશ્ચય કરવો...
આદર્શ બાળક થઈને, એકમના રહી,
અક્ષરધામે જાવાની આરાધના...
અક્ષરપુરુષોત્તમ ઉપાસના... (૨)...

**અંતે આટલું યાદ રાખીએ : હું ધર્મથી હિંદુ છું. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંપ્રદાયનો અનુયાયી છું. શ્રીજી મહારાજનો આશ્રિત છું. મહંતસ્વામી મહારાજનો શિષ્ય છું.**

# ૨૨. આશરો કર્યે પાપ ટળે !

**ડભાણમાં** શ્રીજી મહારાજે **યજ્ઞ** કર્યો હતો. બહુ મોટ્ટો યજ્ઞ. આખા ગુજરાતમાં તેની વાત ફેલાઈ ગઈ. એ વાત વરતાલ પહોંચી. ત્યાં એક ભયાનક **લૂંટારો** રહેતો હતો. આખા ભારતમાં તેની ધાક હતી. છેક કોલકાતા સુધી તેનું તીર ચાલતું હતું. એનું તીર જેની પાસે હોય, તેનું કોઈ નામ ન લઈ શકે. વાળ વાંકો કરી ન શકે.

તેનું નામ **જોબન પગી**. તેને થયું, 'સ્વામિનારાયણનો **રોઝો ઘોડો ચોરી લઉં**.' ચોરી કરવામાં એને કોઈ ન પહોંચે. ચાહે દુનિયાની કોઈ પણ વસ્તુ હોય. ફટ્ દઈને ચોરી લે અને ક્યારેય પકડાય પણ નહીં.

જોબન પગીએ અનેક યોજનાઓ ગોઠવી. ઘણા પ્રયત્નો કર્યા. પણ શ્રીજી મહારાજનો રોઝો ઘોડો હાથ ન લાગ્યો. તે **ઘોડશાળમાં** જાય ને ચમત્કાર થાય. **અનેક સ્વરૂપે શ્રીજી મહારાજ** દેખાય ! કોઈ વાર ઘોડાને ઘાસ નીરતા, કોઈ વાર ઘોડાને પાણી પાતા, તો કોઈ વાર ઘોડાને પંપાળતા. જોબન પગીને સતત ૩ રાત્રી સુધી એક સાથે અનેક ઘોડાઓ પાસે ભગવાન દેખાયા !

**ચમત્કાર** થયા ને નમસ્કાર થયા. ચોથે દિવસે સભામાં જોબનપગી આવ્યો. શ્રીજી મહારાજનાં ચરણે પડ્યો. ને કહે, 'મહારાજ ! મને **માફ કરો.** જ્યાંથી પાપથી છુટાય, ત્યાં જ મેં પાપ કર્યાં. હવે મને સત્સંગી કરો.' શ્રીજી મહારાજે બ્રહ્મચારી પાસે જળ મંગાવ્યું. જોબન પગીના જમણા હાથમાં આપ્યું. શ્રીજી મહારાજ **વર્તમાનનો મંત્ર** બોલવા જાય, ત્યાં જોબન બોલ્યો, 'મહારાજ! જરા વિચાર કરીને મને વર્તમાન ધરાવજો. મેં સાંભળ્યું



છે કે સ્વામિનારાયણનાં વર્તમાન ધારી કંઠી પહેરે, આશરો કરે, તેનાં **પૂર્વનાં તમામ પાપ તમે માથે લઈ લો છો**...'

શ્રીજી મહારાજ કહે, 'હાસ્તો વળી. એમાં શું?' જોબન પગી કહે, 'પણ મારી વાત જુદી છે. મેં એટલાં બધાં પાપ કર્યાં છે કે ન પૂછો વાત ! આપનું મુખ હાલ સૂર્ય જેવું તેજસ્વી છે. મારાં પાપ લેશો, તો **મુખ ઝાંખું પડી જશે.**' શ્રીજી મહારાજ ખડખડાટ હસવા લાગ્યા. ને કહે, 'જોબન , તારું તો શું, **અનંતકોટિ બ્રહ્માંડનું પાપ માથે લઉં, તોય મારું મુખ ઝાંખું ન પડે.**'




જોબનપગીને અંતરે શાંતિ થઈ ગઈ ! શ્રીજી મહારાજ ઘણી વાર કહેતા, 'કોઈ જોબન પગીનાં પાપ લેવા જાય, તો બળીને ભસ્મ થઈ જાય. એટલાં બધાં તેનાં પાપ હતાં.'

**હા બાળમિત્રો, આવા હતા શ્રીજી મહારાજ ! એમના આશરાનો, એમનાં વર્તમાનનો, એમની કંઠીનો પ્રતાપ જ જુદો. આપણે ભાગ્યશાળી છીએ કે એ લાભ આપણને મળ્યો છે.**

### ■ <u>સ્વામિનારાયણીય વર્તમાન ધારણવિધિ</u>

- સૌ પ્રથમ જમણા **હાથમાં જળ** આપવામાં આવે છે. બાદ **મંત્ર** બોલાય છે :

કાળ - માયા - પાપ - કર્મ - યમદૂત - ભયાદ્ અહમ્ ।
સ્વામિનારાયણ - શરણં પ્રપન્નોસ્મિ સ પાતુ મામ્ ॥

(અર્થ : કાળ, માયા, પાપ, કર્મ, યમદૂત વગેરેના ભયથી હું સ્વામિનારાયણ ભગવાનનું શરણું સ્વીકારું છું. હે પ્રભુ ! મારી રક્ષા કરો.)

- બાદ ગળામાં **બેવડી કંઠી** ધારણ કરાવવામાં આવે છે. અને સત્સંગનાં ૫ વર્તમાન આપવામાં આવે છે. વર્તમાન એટલે નિયમો. **સત્સંગીનાં ૫ પાયાનાં વર્તમાન છે : (૧) દારૂ : દારૂ ન પીવો. (૨) માટી : માંસાહાર ન કરવો. (૩) ચોરી : ચોરી ન કરવી. (૪) અવેરી : વ્યભિચાર ન કરવો અને (૫) વટલવું-વટલાવવું નહીં : અયોગ્ય આહાર-વિહાર ન કરવો.**

- પછી વ્યસનમુક્તિ, નિત્યપૂજા, અઠવાડિક સભા, ઘરસભા વગેરેના નિયમો આપવામાં આવે છે.

# ૨૩. નિત્ય પૂજાની રીત

આપણે ખૂબ જ સુંદર દુનિયામાં જીવીએ છીએ. આકાશ સુંદર. ફૂલો અને પંખીઓ સુંદર. હવા, પાણી, અનાજ, વૃક્ષો... બધું જ સુંદર. ભગવાને આ તમામ વસ્તુઓ તમારા જેવા મધુરા બાળકો માટે અને સૌ માનવો માટે બનાવી છે.

તો શું આ તમામ સુંદર વસ્તુની ભેટ માટે ભગવાનનો આભાર માનવો ન જોઈએ ?! **ભગવાનનો આભાર** માનવો **એટલે પૂજા**. દિવસની શુભ શરૂઆત કરવી એટલે પૂજા. પૂજા એટલે **ભગવાન સાથેની** વ્યક્તિગત **મુલાકાત**. પૂજાથી મન સ્થિર થાય. ભગવાનનો રાજીપો મળે. આપણે ભગવાનને પ્યારા થઈએ. અને આનંદ મળે.

■ **પૂજા કરવાની પદ્ધતિ**

### ૧. પૂર્વ તૈયારી

સ્નાનાદિક વિધિ બાદ સવારનું પહેલું કામ પૂજા. સ્વચ્છ અને **પવિત્ર વસ્ત્રો** પહેરી **ઉત્તર કે પૂર્વ મુખે** બેસવું. **ચોખ્ખી જગ્યા** પસંદ કરવી. એક આસન પર પોતે બેસવું. બીજા આસન પર ઠાકોરજીની મૂર્તિ ખોલ્યા વિના રાખવી. અન્ય સામગ્રી એક બાજુમાં ગોઠવવી.

### ૨. તિલક-ચાંદલો

**કપાળ** પર ચંદનનું તિલક અને કંકુનો ચાંદલો કરવાં. બાદ **છાતી** પર અને **બંને ભુજા** (હાથ) પર ચંદનનાં તિલક - ચાંદલા કરવાં. (પરણેલાં બહેનોએ કપાળે કંકુનો ચાંદલો કરવો.)

### 3. ધ્યાન અને માનસી


પદ્માસન કે સુખાસન(પલાંઠી)માં બેસી ધ્યાન કરવું. **આત્માનું ચિંતન, પરમાત્માનું ચિંતન અને ધ્યેયનું ચિંતન** કરવું : હું કોણ છું ? હું આ દેહ નથી. હું આત્મા છું. મારા આત્મામાં પરમાત્મા સદાય વિરાજમાન છે. મહંતસ્વામી મહારાજ મારો આત્મા છે. મારે તો કોઈ પણ ભોગે - કોઈ પણ સંજોગે તેમને રાજી કરવા જ છે.

બાદ **માનસી પૂજા** કરવી. આંખો બંધ કરી કલ્પના કરવી. મનની આંખથી દર્શન કરવાં: ‘સરસ મજાની સવાર છે. શીતળ સુગંધી વાતાવરણ છે. સ્વામીશ્રી ઢોલિયા પર પોઢ્યા છે. હું ચરણ ચાંપું છું. પ્રેમથી તેમને જગાડું છું. (ઋતુ પ્રમાણે ઠંડા કે હૂંફાળા) નિર્મળ જળથી સ્નાન કરાવું છું. નવાં વસ્ત્રો પહેરાવું છું.

પછી સ્વામીશ્રી પૂજામાં પધારે છે. ધ્યાન કરે છે. તિલક-ચાંદલો કરે છે. માળા કરે છે. તપની માળા-પ્રદક્ષિણા-દંડવત્ કરે છે. જળને પ્રસાદીનું કરે છે. પ્રાર્થના કરે છે. શિક્ષાપત્રી વાંચે છે. પછી બે હાથ જોડી - નમીને સૌને ‘જય સ્વામિનારાયણ’ કહે છે. કીર્તનોમાં લટકાં કરે છે.

બાદ સ્વામીશ્રી મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરે છે. પછી હું એમને સોનાના પલંગ પર બેસાડું




પ્રદક્ષિણા
તપની માળા
શિક્ષાપત્રી
વાંચન
પ્રાર્થના

છું. ચાંદલો કરું છું. હાર પહેરાઉં છું. તેમની આરતી ઉતારું છું. ૩૨ પ્રકારનાં ભોજન જમાડું છું. સ્વામીશ્રી રાજી થઈ મને ભેટે છે. હું ધન્ય થઈ જાઉં છું...'

(માનસી પૂજામાં રોજ જુદા-જુદા સ્થળની કલ્પના કરી શકાય. ઋતુ મુજબ શણગાર અને ભોજન ધરાવી શકાય. મનગમતાં લાડ લડાવી શકાય. આમાં કોઈ નિયમ નથી. કોઈ ખર્ચ નથી. માનસીમાં તો બહેનોય સ્વામીશ્રીની સેવા કરી શકે છે. જોઈએ માત્ર સાચ્ચી ભાવના. ખરો પ્રેમ. એટલે ભગવાન રાજી થાય. આપણને આનંદ આવે ને ફળ પ્રત્યક્ષ પૂજા જેટલું જ મળે.) (સ્વામીશ્રીમાં શ્રીજી મહારાજ પ્રગટ છે. તેથી તેમની માનસી પૂજા શાસ્ત્રોક્ત છે.)

### ૪. આહ્‌વાન મંત્ર

પછી નીચેનો આહ્‌વાન મંત્ર બોલી ક્રમ મુજબ મૂર્તિ પધરાવવી.

ઉત્તિષ્ઠોત્તિષ્ઠ હે નાથ, સ્વામિનારાયણ પ્રભો ।
ધર્મસૂનો દયાસિન્ધો, સ્વેષાં શ્રેયઃ પરં કુરુ ॥

*(હે સ્વામિનારાયણ પ્રભુ! હે નાથ! ઊઠો ઊઠો. અને હે ધર્મના પુત્ર! દયાના સાગર! પોતાના આશ્રિતજનોનું પરમ (આત્યંતિક) કલ્યાણ કરો.)*

આગચ્છ ભગવન્ દેવ, સ્વસ્થાનાત્ પરમેશ્વર ।
અહં પૂજાં કરિષ્યામિ, સદા ત્વં સમ્મુખો ભવ ॥

*(હે ભગવન્, હે પરમેશ્વર, હે દેવ, આપ આપના સ્થાનથી (દિવ્ય અક્ષરધામમાંથી) (અત્રે) પધારો. હું (આપની) પૂજા કરીશ. (માટે) આપ સદાય (મારી) સન્મુખ બિરાજો.)*

### ૫. માળાજાપ

'સ્વામિનારાયણ' મંત્રની **૫ કે ૧૧** માળા ફેરવવી.

### ૬. તપની માળા

એક પગે ઊભા રહી, બંને હાથ ઊંચા રાખી **૧** તપની માળા ફેરવવી.

### ૭. પ્રદક્ષિણા

**૫ કે ૧૧** પ્રદક્ષિણા કરવી.

### ૮. દંડવત્

**૬** દંડવત્ કરવા. છેલ્લો **છઠ્ઠો દંડવત્** જાણે-અજાણે ભક્તનો અપરાધ થયો હોય, તેની **માફીરૂપે કરવામાં આવે છે.** (બહેનોએ પંચાંગ પ્રણામ કરવાં.) (દંડવત્ વખતે 'કૃપા કરો મુજ ઉપરે... ' બોલી શકાય.)

### ૯. પ્રાર્થના

આસન પર બેસી પ્રાર્થના કરવી : હે મહારાજ, હે સ્વામી ! હે મહંતસ્વામી મહારાજ! હું હંમેશાં આપની **આજ્ઞા** પાળું, ખરાબ કાર્ય ન કરું, આપને **રાજી** કરી શકું તેવાં બળ-બુદ્ધિ આપજો. **કુસંગ થકી રક્ષા** કરજો અને સારાનો સંગ આપજો. **માતાપિતાની સેવા** કરું અને **અભ્યાસ** બરાબર કરું અને આપનો આદર્શ ભક્ત બનું એવી શક્તિ આપજો.

### ૧૦. વિસર્જન મંત્ર

અંતમાં નીચેનો વિસર્જન મંત્ર બોલવો.

સ્વસ્થાનં ગચ્છ દેવેશ, પૂજામાદાય મામકીમ્ ।
ઇષ્ટકામ - પ્રસિદ્ધ્યર્થં, પુનરાગમનાય ચ ॥

*(હે દેવોના દેવ (સહજાનંદ સ્વામી) ! મેં કરેલી પૂજા સ્વીકારીને, ઈચ્છિત કામનાઓની સિદ્ધિને માટે અને ફરી પધારવા માટે આપ સ્વસ્થાને સિધાવો.)*

### ૧૧. શિક્ષાપત્રી વાંચન

શિક્ષાપત્રીનાં **૫ આજ્ઞાવચનો** વાંચવાં.

### ૧૨. ઘરમંદિરમાં દર્શન અને પંચાંગ પ્રણામ

ઘર મંદિરમાં દર્શન-દંડવત્-પ્રાર્થના કરવાં. ત્યારબાદ માતા-પિતાને પંચાંગ પ્રણામ કરવાં અને ઘરના અન્ય સભ્યોને 'જય સ્વામિનારાયણ' કહેવા. (નજીકમાં શિખરબદ્ધ કે હરિમંદિર હોય, તો ત્યાં પણ દર્શન કરવા અવશ્ય જવું.)

... આ રીતે પૂજા કરવામાં ફક્ત ૨૦ થી ૨૫ મિનિટ લાગે. બસ આટલું કરીએ ને ભગવાનની આજ્ઞા પળાઈ જાય. ભગવાન રાજી થઈ જાય.

બાળમિત્રો, શ્રીજી મહારાજની આ **પાયાની આજ્ઞા**માં બેદરકારી ન રાખશો. ભગવાનને ગમતા થવાની, ૧૦૦% સત્સંગી બનવાની તક ચૂકશો નહિ.

# ૨૪. આરતીની વિધિ

■ **આરતી એટલે શું ?**

**આરતી એટલે** આર્દ્રભાવે (**ગદ્‌ગદભાવે**) થતી **ભગવાનની સ્તુતિ**. સંસ્કૃત શબ્દ પ્રમાણે આરતી એટલે 'આસમન્તાત્ રતિઃ' એટલે કે હે ભગવાન! મારો બધો જ પ્રેમ કેવળ આપને વિશે જ થાઓ - એ ભાવના. આરતી એ દિવ્ય ધ્વનિ, દિવ્ય પ્રકાશ અને દિવ્ય દર્શનનો ત્રિવેણી સંગમ છે.

આરતી દરમ્યાન હૃદયપૂર્વક થયેલી પ્રાર્થનાઓ ભગવાન સ્વીકારે છે. ભક્તને દુ:ખમુક્ત કરે છે. આરતી બાદ અષ્ટક થાય છે. ભગવાન અને સંતના મહિમાગાનથી ભક્ત શાંતિનો અનુભવ કરે છે.


■ **આરતીનો ઇતિહાસ**

જૂના જમાનામાં **વીજળી ન હતી**. વળી, મંદિરોનાં **ગર્ભગૃહમાં દીવાનો આછો પ્રકાશ** જ રહેતો. તેથી **ભગવાનનાં** સંપૂર્ણ **દર્શન કરાવવા પૂજારી બીજો દીવો પ્રગટાવતા**. ને ભગવાનના અંગેઅંગ પર ફેરવતા. સમય જતાં આ વિધિના સમય નક્કી થયા. તેમાં સ્તુતિ અને ધ્વનિ ઉમેરાયાં ને આમ 'આરતી' અસ્તિત્વમાં આવી.

■ **આરતી શા માટે ?**

આરતી એટલે પંચતત્ત્વોથી ભગવાનનું પૂજન. પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એ પાંચ તત્ત્વો છે. એનાથી જ માનવજીવન ચાલે છે. એ ભગવાને બનાવ્યાં છે. તેથી ભક્તો પણ ભગવાનનો આભાર માને છે. અને **પંચ તત્ત્વો દ્વારા** જ **ભગવાનનું પૂજન** કરે છે. એ જ છે આરતી.

આપણી પ્રણાલિકા અનુસાર દીવાની વાટ અને દંડવત્ પૃથ્વીનાં પ્રતીક છે. આરતી બાદ જ્યોત



ફરતે ૩ વાર ફરતું પાણી જળનું પ્રતીક છે. જ્યોત તેજનું પ્રતીક છે. અગરબત્તીનો ધૂપ વાયુનું પ્રતીક છે. અને ઘંટડીનો રણકાર, ઘંટનાદ, શંખનાદ, નગારાવાદન અને આરતીગાન વગેરે આકાશનાં પ્રતીક છે.

■ **<u>આરતીની વિધિઓ (પગથિયાં)</u>**

૧. **આરતી ઉતારવી :**
આરતીમાં ભગવાનનાં **દરેક અંગ પર જ્યોત** ફેરવવી. પ્રેમથી આરતી ગાવી. ઘડિયાળના કાંટાની જેમ (ક્લોકવાઈસ) ધીરે-ધીરે આરતી ઉતારવી. ભગવાન સાક્ષાત્ સામે ઊભા છે, એ ભાવ લાવવો. **છેલ્લી કડી વખતે ચારેય દિશાના દેવતાઓનું પૂજન** કરવું.

૨. **જળ ફેરવવું :**
આરતી ઉતારી જ્યોત પર શંખ કે ચમચી વડે આજુ બાજુ ૩ વાર પ્રદક્ષિણાની જેમ (ક્લોકવાઈસ) જળ ફેરવવું. જળના દેવતા **વરુણદેવની ચોકી** કોઈ ઉલ્લંઘી ન શકે. આરતીની જ્યોત ભગવાનનાં દિવ્ય અંગો પર ફરે, એટલે તેમાં **દિવ્ય શક્તિ** પ્રવેશે છે. એ દિવ્યતા એમની એમ **જળવાઈ રહે**, એ માટે ૩ વાર જળ ફેરવવામાં આવે છે.

૩. **આરતી લેવી :**
આરતી બાદ આશકા લેવાય છે. એટલે કે આરતીની જ્યોતિ પર જમણો હાથ કે બંને હાથ ફેલાવી; તેને માથે, આંખ પર અને હૃદય પર ચઢાવવામાં આવે છે. આનો હેતુ છે **ભગવાનની દિવ્ય જ્યોતિથી આપણું મન, દૃષ્ટિ અને આત્મા પવિત્ર બને.**
(વિષ્ણુધર્મોત્તર નામના શાસ્ત્રમાં કહ્યું છે : જેના શરીર પર આરતીનો સ્પર્શ થાય છે, તેને હજારો યજ્ઞના અંતે કરાતા અતિ પવિત્ર સ્નાનનું ફળ મળે છે.)



**૪. દાન કરવું :**

આરતી લઈ ભક્તો થાળીમાં પૈસાનું દાન કરે છે. આરતીની જ્યોતિ ભગવાનનું સ્વરૂપ છે. પૈસાનું **દાન કરી ભક્તો ભગવાનને વધાવે છે.**

■ **<u>આરતી અંગે વિશેષ કેટલુંક</u>**

● આરતી બાદ 'અનંતકોટિ...' અષ્ટક, 'નિર્વિકલ્પ ઉત્તમ અતિ...' પ્રાર્થના, 'કૃપા કરો ...' અષ્ટક વગેરે પણ ગાવામાં આવે છે.

● ભગવાનને રાજી કરવા દરેક બાળકે **બે સમયની આરતી અવશ્ય** કરવી જોઈએ. (સવારે ૭: ૦૦ તથા સાંજે ૭: ૦૦ વાગ્યે) ક્યારેક સમય આગળ-પાછળ કરી શકાય, પરંતુ ૨ સમયની આરતી જરૂરી છે.

● ઘરમંદિરમાં સંધ્યા સમયે સમૂહ આરતી કરવી જોઈએ. આરતી બાદ અષ્ટકો પણ ગાવાં જોઈએ. એકાગ્ર થઈ દર્શન-દંડવત્-પ્રાર્થના પણ કરવાં જોઈએ.


● આરતીનાં સાધનો, દીવી, ઘંટડી, અગરબત્તીનું સ્ટેન્ડ, ઘરમંદિર વગેરે ચોખ્ખાં રાખવાં જોઈએ.

● આપણાં **હરિમંદિરોમાં બે આરતી** થાય છે: (૧) શણગાર અને (૨) સંધ્યા. **શિખરબદ્ધ મંદિરમાં ૫ આરતી** થાય છે : (૧) મંગળા (૨) શણગાર (૩) રાજભોગ (૪) સંધ્યા અને (૫) શયન.

■ **<u>પ્રમુખસ્વામી મહારાજ કહેતા...</u>**

સને ૧૯૮૮માં પ્રમુખસ્વામી મહારાજ **લંડન**માં હતા. અલ્પાહાર ચાલતો હતો. નાના-નાના બાળકોએ વિવિધ કાર્યક્રમો રજૂ કર્યા. છેવટે સ્વામીએ પૂછ્યું, '**વૉટ ઈઝ આરતી ?**'

નાના બાળકો તરત કાંઈ ન કહી શક્યા. તેથી સ્વામી કહેવા લાગ્યા, 'આપણે ભગવાન પાસે દીવો પ્રગટાવી ગોળ - ગોળ ફેરવીએ છીએ, એ આરતી. **આરતી ઉતારવાથી ભગવાનનું તેજ આપણામાં આવે છે. માટે આપણે નિયમિત આરતીમાં જોડાવું.**'



# ૨૫. કથા આમ સંભળાય

**શ્રીજી મહારાજ સારંગપુર**માં વિરાજમાન હતા. એક વાર કથાવાર્તામાં તેઓ **૪ પ્રકારના પ્રલયની વાત** કરતા હતા. સૌ સંતો-હરિભક્તો ધ્યાનથી સાંભળતા હતા, પરંતુ **બળોલ ગામના એક બાળક**નું શ્રીજી મહારાજ તરફનું ધ્યાન કંઈક વિશેષ હતું.


તે શ્રીજી મહારાજની સુંદર મૂર્તિને આંખોથી અંતરમાં ઉતારતો જતો હતો. અને તેમની વાણીને પણ કાન દ્વારા મનમાં સંઘરી લેતો હતો. આ બાળક **સાંજે ઉતારે** જઈ શ્રીજી મહારાજે કરેલી **વાતો ગજા ગઢવીને** અક્ષરો-અક્ષર **સંભળાવતો** હતો.



હવે વાત જાણે એમ હતી કે, એ બંનેનો ઉતારો બાવાખાચરના ઘરમાં હતો. અને **બાજુમાં જ શ્રીજી મહારાજનો ઉતારો** હતો. એટલે શ્રીજી મહારાજને તે બંનેની વાતો બરાબર સંભળાતી હતી. **શ્રીજી મહારાજ** મોડી રાત્રી સુધી તેઓનો વાર્તાલાપ **સાંભળતા** હતા. આવું ઘણા દિવસ ચાલ્યું !

એક વાર **સવારે** જીવાખાચરના દરબારમાં **સભા** થઈ. ત્યાં ગજા ગઢવી પણ હાજર હતા. શ્રીજી મહારાજે તેમને બોલાવીને પૂછ્યું, 'રાત્રે તમને કોણ વાતો કરે છે ?' ગજા ગઢવીએ માંડીને બધી વાત કરી. તે સમયે પેલો બાળક પણ ત્યાં હાજર હતો. શ્રીજી મહારાજ તેના પર **અત્યંત રાજી** થયા. અને તેને પાસે બોલાવી ભેટ્યા.

પછી સભામાં વાત કરતાં સૌને કહ્યું, '**કથાવાર્તા** સાંભળીએ, તો આ બાળ ભક્તની જેમ **ધ્યાન દઈને સાંભળીએ**. કથાવાર્તાના શબ્દોને **યાદ રાખીએ**. અને સાંભળેલી કથા, મહિમા સાથે **અન્યને પણ કેફથી કહીએ**. ને **જીવનમાં ઉતારીએ,** તો શ્રવણભક્તિ થઈ કહેવાય.'



ખરેખર, શ્રીજી મહારાજ આજે આ બાળક પર ખૂબ જ રાજી થયા હતા. તેમણે **બાળકના માથે ફાળિયું** બંધાવી તેનું બહુમાન કર્યું. **છાતીમાં** સ્મૃતિરૂપે **ચરણારવિંદ** આપ્યાં. સાથે **૫ રૂપિયા ભેટ** પણ આપ્યા.

■ **કથાવાર્તાના લાભ**

યોગીજી મહારાજ કહેતાઃ **૨૫,૦૦૦ રૂપિયાનો નફો છોડી** રવિ**સભામાં જવું.** તેમના કહેવાનો અર્થ છે : બાળસભા, સત્સંગસભા અને ઘરસભામાં બેસવાથી **હજારો રૂપિયા કરતાં વધુ લાભ** થાય છે. આપણને ઉપાસના સમજાય છે. આજ્ઞા દૃઢ થાય છે. સંસ્કાર મળે છે. સભાથી આપણને **ગમ્મત સાથે જ્ઞાન** મળે છે. જીવનમાં સમજણ આવે છે. અને તેથી સુખ-શાંતિ રહે છે. અને છેવટે આપણને **અક્ષરધામ** મળે છે.

માટે **એકેય બાળસભા ચૂકવી નહીં. સમયસર આવી, શિસ્ત રાખી, ધ્યાન દઈ બાળસભાનો લાભ લેવો. અને ત્યાં સાંભળેલી વાતો માતા-પિતા અને મિત્રોને અવશ્ય કરવી. તો ભગવાન રાજી થાય. મોટા થઈ યુવાસભામાં પણ જવું જ જોઈએ.**

# ૨૬. એકાદશીનો ઉપવાસ

પ્રમુખસ્વામી મહારાજનું બાળપણનું નામ હતું **શાંતિલાલ**. વડોદરા જિલ્લાના ચાણસદ ગામમાં તેમનો જન્મ. પણ તેમનાં બાળપણનાં વર્ષો ચાણસદ નજીકના **રાજનગર** ગામમાં વિશેષ વીત્યાં હતાં. ત્યાં એક પ્રેમી સજ્જન રહેતા હતા. ભાદરણના છોટુભાઈ. નાના બાળકો તેમને ખૂબ જ વહાલા લાગે. જે કોઈ ઉત્સવ આવે, છોટુભાઈ તેની સામગ્રી લાવે. બાળકોને આપે ને રાજી કરે. ક્યારેક ફટાકડા તો ક્યારેક પતંગ, ક્યારેક કપડાં તો ક્યારેક રમકડાં. એમાંય **છોટુભાઈ**ને શાંતિલાલ બહુ ગમે. તેનો ખુલ્લો પક્ષ રાખે.

એક વાર છોટુભાઈને ઉમંગ આવી ગયો. તેમણે **બાળકો માટે રસોઈ** બનાવી. જલેબી, મેસૂબ, દૂધપાક, ફરસાણ... અનેક વાનગીઓ હતી. ટપોટપ બાળકો આવી ગયા. જમવા બેસી ગયા. વાનગીઓની સુગંધથી સૌના મોંમાં પાણી છૂટવા લાગ્યું. પણ જ્યારે છોટુભાઈ પીરસવા ગયા, ત્યાં તેમને શાંતિલાલ યાદ આવ્યા.

છોટુભાઈ કહે, 'શાંતિલાલ ક્યાં છે ?' કોઈ કહે, 'એ બેઠો ખૂણામાં.' તેથી છોટુભાઈ શાંતિલાલ પાસે ગયા. ને કહે, 'કેમ કોઈએ માર્યું છે કે રિસાઈ ગયો ? ચાલ બેસી જા જમવા. સરસ મજાની રસોઈ છે.' શાંતિલાલ કહે, 'ના, એવું કાંઈ નથી. પણ મારાથી આજે નહીં જમાય.'

છોટુભાઈ કહે, 'કેમ ?' શાંતિલાલ કહે, '**આજે એકાદશી છે. મારે ઉપવાસ છે.** એકાદશીના દિવસે **અન્ન ન ખવાય.**' છોટુભાઈ હસી પડ્યા. શાંતિલાલને પ્રેમથી સમજાવવા લાગ્યા. કહે, '... અરે ! નાના બાળકોને એકાદશી-બેકાદશી શું ? તેને તો બધું ચાલે...' એમ કહી છોટુભાઈ જમાડવા **ખૂબ આગ્રહ** કરવા લાગ્યા. મોટા વડીલ પાસે નાનો બાળક બીજું તો શું કરે ? છેવટે 'ના કેમ પાડવી ?' એ વિચારમાં શાંતિલાલ **રડી પડ્યા** ! **છોટુભાઈ** આવી દૃઢતા જોઈને રાજી થઈ ગયા. શાંતિલાલને **ભેટી પડ્યા**. અને પોતાના સૌથી વહાલા બાળભક્ત માટે **ફરાળી વાનગી મંગાવી**.

**કહો જોઈએ પ્રમુખસ્વામી મહારાજ શું પ્રેરણા આપે છે ? તેઓ કહે છે : દરેક બાળકે એકાદશી કરવી. એકાદશીએ અન્ન ખાવું, એ માંસ ખાધા બરાબર છે.**

### ■ એકાદશીના લાભ

● દર ૧૫ દિવસે એક વાર એકાદશી આવે છે. વિજ્ઞાન કહે છે : દર ૭ કે ૧૫ દિવસે ૧ દિવસ અનાજ ન ખાવાથી પાચનક્રિયાને આરામ મળે છે. પાચનશક્તિ વધે છે. પેટના રોગો મટે છે. **શરીર સારું રહે** છે.

● એકાદશીથી **મન પણ પવિત્ર થાય** છે. મનોબળ વધે છે. બુદ્ધિ તેજ થાય છે.

● એકાદશી નિર્જળા, સજળા કે ફળાહાર કરીને કરવી. એકાદશીને દિવસે દેહ અને મનનું તપ કરવાનું. ભગવાનનું ભજન - સ્મરણ કરવાનું. તપથી ભગવાનની **આજ્ઞા પળાય**. તપથી **સ્વામીશ્રી રાજી થાય**. માટે એકાદશી હંમેશાં કરવી.





MEGHAVI

# ૨૭. એ ગંધથી ભગવાન દૂર રહે

**જૂનાગઢ**માં પધરામણીઓ ચાલતી હતી. શ્રીજી મહારાજ સત્સંગીઓના ઘરે પધારતા હતા. ભોજન પણ કરતા હતા. **ગોકળદાસ ભાટિયા**ને થયું, 'હુંય મહારાજને ભોજન કરાવું.' તેણે શ્રીજી મહારાજને વિનંતી કરી. દિવસ નક્કી કર્યો. ને શુદ્ધ રસોઈ પણ તૈયાર કરાવી.

પરંતુ ઘરમાં એક વ્યક્તિ હતી કે જેને આ ન ગમ્યું. તે હતાં ગોકળદાસનાં **માતુશ્રી**. તેઓ શ્રીજી મહારાજને જાદુગર કહેતાં. વૈષ્ણવ મત છોડી **દીકરો સત્સંગી થયો, તે તેમને ગમ્યું ન હતું.** તેઓ કહેતાં, 'દીકરો વંઠી ગયો છે.' તેમણે આજે નક્કી કર્યું કે ભલે સ્વામિનારાયણ મારા ઘરે આવે, મારે મોં પણ જોવું નથી.



**શ્રીજી મહારાજ આવ્યા**, ત્યારે **ડોશી સંતાઈ ગયાં.** આ જાણી શ્રીજી મહારાજ હસવા લાગ્યા. સંતોએ પૂછ્યું, 'મહારાજ ! કેમ હસો છો ?' શ્રીજી મહારાજ કહે, 'આ ગોકળનાં માને અમારું મોં જોવું નથી, તેઓ સંતાઈ ગયાં છે. પણ તેઓ ક્યાં જાણે છે કે અમે તો ચાર આંખ ભેગી ન થાય, તોય અંતરમાં પેસી જઈએ એવા છીએ.'

પછી શ્રીજી મહારાજ હાથ-પગ ધોઈ બાજોઠે બિરાજ્યા. બ્રહ્મચારી થાળ લાવ્યા. શ્રીજી મહારાજ ભાવથી જમ્યા. સૌને પ્રસાદી આપી. અને સંતો જમી રહ્યા પછી ઉતારે જવા નીકળ્યા. ઘણો સમય વીત્યો તેથી ગોકળદાસનાં માતુશ્રીથી રહેવાયું નહીં. તેમને થયું, '**લાવને બારણું ખોલી જરાક જોઈ લઉં.** ખબર તો પડે કે કેવા છે સ્વામિનારાયણ! એમાં ક્યાં **૪ આંખ ભેગી** થશે.' એમ


વિચારી તેમણે બારણું જરાક અમથું ખોલ્યું. ને શ્રીજી મહારાજ સામું જોયું. પણ બરાબર એ જ સમયે શ્રીજી મહારાજની દૃષ્ટિ પણ ત્યાં જ હતી. ‘અરે ! ચાર આંખ ભેગી થઈ ?’ ડોશીએ ફટાક્ કરતાં બારણું બંધ કરી દીધું. પણ શ્રીજી મહારાજની **મૂર્તિ તેમના અંતરમાં પેસી ગઈ** !

મોટા મોટા મુનિઓ તપ કરીને મરી જાય, તોય જે મૂર્તિનાં દર્શન ન થાય, તે મૂર્તિ ગોકળદાસનાં માને અખંડ દેખાવા લાગી. પણ બાઈને મહિમા ન હતો. તેમના હૃદય પર અજ્ઞાનનો પડદો હતો. તેઓ અકળાવા લાગ્યાં. દિવસે ને દિવસે તેમની **મૂંઝવણ** વધવા લાગી, પણ કરવું શું ?! જ્યાં જાય ત્યાં નજર સામે શ્રીજી મહારાજ જ દેખાય. આંખ મીંચે તો અંતરમાં મૂર્તિ દેખાય! તેઓ હેરાન થવા લાગ્યાં.

છેવટે તેમને રસ્તો સૂઝ્યો, ‘સ્વામિનારાયણના **વિરોધી પાસે** જાઉં. તે ઉપાય કહેશે.’ પછી તેઓ બાજુના ઘરે ગયાં. બધી વાત કરી. કોઈએ **ઉપાય** બતાવતાં કહ્યું, ‘માજી ! સ્વામિનારાયણને **ડુંગળી - લસણ**નો અણગમો છે. તે **ખાવા માંડો**. આપો આપ સ્વામિનારાયણ અદૃશ્ય થઈ જશે.’ ડોશીમા રાજી થયાં ! ઘરે જઈ ઉપાય અજમાવ્યો. ને તરત જ **શ્રીજી મહારાજ દેખાતા બંધ** થઈ ગયા. જીવની કેવી અવળાઈ ?!

પછી તો એ બાઈ થોડા સમય પછી સત્સંગી થયાં હતાં. ગઢડામાં શ્રીજી મહારાજને કહે, ‘પહેલાં જેવું કરી દો.’ શ્રીજી મહારાજ કહે, ‘એ તો કૃપા હતી. ડુંગળી - લસણે ટાળી. હવે સાધના કરો...’

**હા બાળમિત્રો, જે ભગવાનને ન ગમે તે આપણનેય કેમ ગમે ? ન ખાવાનું ખાઈએ, તો ભગવાન આપણાથી દૂર થઈ જાય. અરે ! આપણી પાસે આવે જ નહીં. ડુંગળી-લસણ-હિંગ સત્સંગીએ ન ખવાય. એ ગંધથી ભગવાન દૂર રહે છે.**



# ૨૮. માથું જાય પણ વ્યસન ન થાય

**લોધિકાના અભેસિંહ** દરબાર પાક્કા **સત્સંગી** થયા. પછી તો બધ્ધા નિયમ પાળે. કોઈ દિવસ અફીણ ન ખાય. દારૂ ન પીએ. તેમની **ટેક એકદમ પાક્કી.**


એક દિવસ તેઓ **જામનગર** ગયા. **જામસાહેબની કચેરી**માં કાંઈક કામ હતું. દરબાર એટલે મહેફિલ તો હોય જ. બધા દરબારો દારૂ પીતા હતા. અભેસિંહ આવ્યા. તેમને જોઈ સૌએ વિચાર્યું, 'આજે અભેસિંહની ટેક તોડાવવી.' **બધાને સ્વામિનારાયણ ઉપર દ્વેષ** હતો. વારાફરથી બધાએ અભેસિંહને આગ્રહ કર્યો, 'દારૂ પીઓ બાપુ. મહેફિલનો રંગ માણો.' જામસાહેબના દરબારમાં જોરથી બોલાય નહીં. તોછડાઈ કરાય નહીં. ઝઘડો પણ કરાય નહીં. તેથી અભેસિંહે પ્રેમથી બધાને 'ના' પાડી.

દરબારોએ વિચાર્યું, 'આજે તો કામ પાર પાડીએ. **દારૂની પ્યાલી** જામસાહેબના હાથે અપાવીએ. પછી ક્યાં જશે ?' જામસાહેબ પણ દારૂના નશામાં હતા. કોઈ કહે, 'જામબાપુ, આ અભેસિંહ દારૂ પીતા નથી. આપની મહેફિલનો અનાદર કરે છે. આપ ધરશો તોય નહીં અડે - એમ કહે છે.' બાપુ ચોંક્યા ને કહે, 'એમ ? તો લાવો પ્યાલી.'

પછી **જામસાહેબ જાતે પ્યાલી ભરી**ને અભેસિંહ **પાસે ગયા**. પી જવા આગ્રહ કર્યો. **અભેસિંહે** ખૂબ વિનંતી સાથે **ના** પાડી, પણ જામસાહેબ તો ગુસ્સે ચઢ્યા. તેમણે દારૂની પ્યાલી અભેસિંહના મોં સુધી લઈ જવા પ્રયત્ન કર્યો. અત્યાર સુધી અભેસિંહ ચૂપ હતા. હવે તેમનાથી રહેવાયું નહીં. તેમણે **તલવાર ખેંચી**. જામબાપુ પણ ડઘાઈ ગયા. આખો દરબાર ચૂપ થઈ ગયો. બધાના હાથ તલવાર પર ગયા.



... પરંતુ અભેસિંહે જામબાપુને મારવા તલવાર



નહોતી કાઢી. તેમણે તલવાર બાપુના હાથમાં મૂકી ને એક પગ વાળી નીચે બેસી ગયા. કહે, ‘લ્યો બાપુ આ તલવાર, મને સ્વામિનારાયણનો નિયમ છે. **જે મુખે સ્વામિનારાયણનું નામ** લીધું, **તે મુખે વ્યસન કેમ થાય ?** આ ધડ પર માથું છે, ત્યાં લગી દારૂનો ઘૂંટડોય ગળેથી નીચે ઊતરશે નહીં. આપને દારૂ પાવો હોય, તો મારું **માથું કાપી ધડમાં રેડવો હોય એટલો દારૂ રેડો.**’

આવું સાંભળ્યું ને જામબાપુ ભાનમાં આવી ગયા. તેમને અભેસિંહનો ભાર પડી ગયો. પછી માફી માંગી કહે, ‘મને ગર્વ છે કે મારા રાજ્યમાં આવા સારા દરબારો છે.’

બાળમિત્રો, ૨૦૦ વર્ષ પહેલાંય ખૂબ વ્યસનો થતાં હતાં. એ સમયે **શ્રીજી મહારાજે પંચવ્રતો આપ્યાં** હતાં. વ્યસનમુક્ત અને **શુદ્ધ સમાજ ખડો કર્યો** હતો. અને એ પણ કેવો ? **માથું જાય તોય નિયમ ન તોડે તેવો !**

■ **<u>પ્રમુખસ્વામી મહારાજ કહેતા...</u>**

‘દારૂ ન પીવાય. ચોરી ન કરાય. માંસ ન જ ખવાય. વ્યભિચાર ન જ થાય. ટી.વી., ઈન્ટરનેટ, ડિસ્કો, ફેશન, જુગાર... એ આપણી સંસ્કૃતિ નથી. એ બધું કળિયુગ છે. કુસંગ છે. **થોડોય કુસંગ કરે તો તરત ઝેર ચઢે. જીવન તો બરબાદ થઈ જાય ને અક્ષરધામ પણ જાય.**’

‘મોટાપુરુષની આજ્ઞા પળાય એટલો જ પ્રોગ્રેસ(પ્રગતિ). **નિયમભંગ થાય તો દુઃખ થવું જોઈએ. નિયમો જ આપણી ખરી શોભા છે.** નિયમ દૃઢપણે પાળીએ, તો ભગવાન અને સંત અંતરથી રાજી થાય છે.’

# ૨૯. વાંચનારને દંડવત્

**ગોંડલ** ગામનો આ પ્રસંગ છે.


**ઘનશ્યામ ભગત** નામના એક નાનકડા પાર્ષદ હતા. તેઓની ઉંમર **૧૪ વર્ષ**ની હતી. તેમને સત્સંગનાં પુસ્તકો વાંચવામાં ખૂબ રસ હતો. **ભગતજી મહારાજનું જીવનચરિત્ર** છપાયું; ત્યારે તેમણે એક બેઠકે, એક આખો **દિવસ ને** એક **રાત જાગી**, **૫૦૦ પાનાંનો ગ્રંથ વાંચી લીધો** !

આ વાતની **જાણ યોગીજી મહારાજને** થઈ. તેમણે દર્શને જતાં ઘનશ્યામ ભગતને જોયા અને તરત દંડવત્ કરવા લાગ્યા. ગુરુ શિષ્યને **દંડવત્** કરે, તે તો કેવું કહેવાય ! તેમ વિચારી ઘનશ્યામ ભગત નાસવા લાગ્યા.

યોગીજી મહારાજ વિનુભાઈ (હાલ : મહંતસ્વામી મહારાજ)ને કહે, 'એ ભગતને પકડી રાખો.'

વિનુભાઈ મૂંઝાયા કે હવે શું કરવું ? યોગીબાપાને દંડવત્ કરતાં રોકવા કે ભગતને પકડવા ? કઈ આજ્ઞા પાળવી ? ત્યાં તો યોગીજી મહારાજ કહે, 'આજ્ઞા પાળો. ભગતને પકડો.'

વિનુભાઈએ ભગતને પકડી રાખ્યા. બીજા યુવકોએ યોગીજી મહારાજને દંડવત્ કરતાં





રોક્યા. પણ ત્યાં સુધીમાં તો **ત્રણ** દંડવત્ પૂરા થઈ ગયા હતા ! યોગીજી મહારાજ બોલવા લાગ્યા, ‘અહોહો ! ભગતજી મહારાજનું **જીવનચરિત્ર વાંચ્યું, તે ભગતજી મહારાજનું સ્વરૂપ થઈ ગયા.** કેટલી શ્રદ્ધા !’


આવા હતા યોગીજી મહારાજ !

કોઈ સત્સંગનાં પુસ્તકો વાંચે, મુખપાઠ કરે, તે તેમને ખૂબ ગમતું. અને વાંચન કરનારને તેઓ ખૂબ જ સન્માન આપતા. આવું કેમ ? કારણ કે પૈસા હોય, ગાડી-બંગલા હોય, બુદ્ધિ હોય, સત્તા હોય, પણ જ્ઞાન ન હોય તો દુઃખ જ રહે. ને જ્ઞાનની દૃઢતા વાંચનથી થાય છે.

શ્રીજી મહારાજ પણ કહે છે કે : ‘પોતાના સંપ્રદાયનું જે શાસ્ત્ર હોય, તે જ પોતાના સંપ્રદાયની પુષ્ટિ કરે છે.’ (વચનામૃત : ગઢડા મધ્ય-૫૮)

**હા બાળમિત્રો, વચનામૃત, સ્વામીની વાતો, શિક્ષાપત્રી અને જીવનચરિત્રોનું નિત્ય વાંચન જ આપણામાં સંપ્રદાયનું જ્ઞાન દૃઢ કરે છે. આવાં વાંચનથી જ આજ્ઞા-ઉપાસના દૃઢ થાય છે. ને સંપ્રદાયની પુષ્ટિ થાય છે. ને ભગવાન ને સંત આપણા પર ખૂબ રાજી થાય છે.**

# ૩૦. દાનનો મહિમા



ગુણાતીતાનંદ સ્વામીના સમયમાં એક હરિભક્ત હતા. નામ **માણસિયો ખુમાણ. સેંજળ ગામ**ના. દર વર્ષે તેમને ૧૦ હજાર રૂપિયાની આવક થતી, પણ તેઓ **ચોખ્ખો ધર્માદો** (દાન) કાઢતા. જેવા **૧૦,૦૦૦ રૂપિયા આવે કે ૧,૦૦૦ રૂપિયા મંદિરે ધર્માદો** લખાવે. એમ છતાં થોડાં વર્ષે **૨ લાખ બચત** થઈ. માણસિયા ખુમાણે તે બચત દેગડામાં ભરી. એ સમયે બેંક હતી નહીં, તેથી તેમણે **દેગડો** પોતાના ઘરના એક **ઓરડામાં દાટી દીધો.**

કોઈને આ વાતની ખબર ન હતી, પણ એક **નોકરે છુપાઈને આ જોઈ લીધું** હતું. સમય જતાં તે નોકરીમાંથી છૂટો થયો. એક રાત્રે તેણે દેગડો ચોરવાનું વિચાર્યું. એક મોટું **ભોંયરું ખોદ્યું**. નદી કિનારેથી શરૂ કર્યું ને છેક દરબારના ઘર સુધી કાઢ્યું.

**સવાર** પડી. દરબારના **પુત્ર જીવા ખુમાણે ભોંયરું જોયું.** તે બેબાકળો થઈ ગયો. પિતાને જગાડીને કહે, 'બાપુ, આપણે લૂંટાઈ ગયા. **ચોર** હાથ ફેરો કરી ગયો.' માણસિયો ખુમાણ કહે, 'જીવા ! **એ ન બને. મેં ભગવાનનો ભાગ ચોખ્ખો કાઢેલો છે.** આપણી લક્ષ્મી દૈવી છે. આપણું દ્રવ્ય શુદ્ધ છે.' પછી બાપ-દીકરે તપાસ કરી, તો જોયું કે દેગડો હેમખેમ હતો. નોકરે **ભોંયરું** તો ખોદ્યું હતું, પરંતુ જ્યાં **દેગડો હતો ત્યાં સુધી તે પહોંચ્યું ન હતું.**

## ■ દ્રવ્ય(ધન)ની શુદ્ધિ કરવી પડે

આપણા ઘરમાંય પૈસા આવે છે, પણ તે દૈવી છે કે આસુરી કોને ખબર ? આપણે દ્રવ્યની શુદ્ધિ કરવા શું કરવું ? શ્રીજી મહારાજ **શિક્ષાપત્રી**માં કહે છે : મહિના કે વર્ષના અંતે નોકરી કે ધંધામાંથી જે નફો થયો હોય, તેમાંથી **દશમો ભાગ (૧૦%) કે ગરીબ હોય તેને વીસમો ભાગ (૫%)** ભગવાનનાં ચરણે ધરવો. **મંદિરમાં દાન-ધર્માદો કરવો. તો દ્રવ્યની શુદ્ધિ થાય.** નોકરી કે ધંધા વખતે જાણે-અજાણે ઘણાં પાપ થઈ જાય છે, એનું દાન કરવાથી નિવારણ થાય છે.

## ■ અશુદ્ધ દ્રવ્ય ઉત્પાત મચાવે

શતાનંદ મુનિ શિક્ષાપત્રીના ભાષ્યમાં કહે છે : 'ગૃહસ્થ સત્સંગી દશમો કે વીસમો ભાગ ન આપે, તો દ્રવ્યની શુદ્ધિ થતી નથી.' ને તેથી વ્યક્તિની આર્થિક, શારીરિક અને પારિવારિક સ્થિતિમાં અનેક મુશ્કેલીઓ આવે છે.

ભગવાને આપણને જીવન અને જીવન જીવવા અનેક વસ્તુઓ મફત આપી છે. તેનું ઋણ આપણે સેવા, ભક્તિ અને દાનથી ચુકવવાનો પ્રયત્ન કરીએ છીએ. વળી, આપણે આપેલું દાન સત્કાર્યોમાં વપરાય છે. અને ભગવાન અનંતગણું કરી પાછું પણ આપે જ છે.


**માટે દરેક સત્સંગીએ નિયમિત ધર્માદો કરી દ્રવ્યની શુદ્ધિ કરવી જોઈએ. આપણી કમાણીનો દશમો કે વીસમો ભાગ ભગવાનનો છે. તેના પર લોભવૃત્તિ ન રાખવી જોઈએ. ધર્માદો એ ભગવાન અને સંતને રાજી કરવાની ઉત્તમ તક છે.**



# ૩૧. પરમહંસોનો પ્રતાપ

**બોટાદ**માં **હમીર ખાચર**નો દરબાર. **વ્યાપકાનંદ** સ્વામી ફરતાં-ફરતાં ત્યાં પહોંચ્યા, પણ દરબારમાં રોકકળ ચાલતી હતી. પૂછ્યું તો જાણવા મળ્યું કે બાપુની **ઘોડી મરી ગઈ** છે. ઘોડી મરે એટલે દરબારને દીકરો મર્યા જેવું દુ:ખ થાય. બાપુની આ હાલત જોઈ સ્વામીને દયા આવી.

સ્વામી મરેલી ઘોડી પાસે પહોંચ્યા. પાણી મંગાવ્યું. આજુબાજુ જોયું. સ્વામી




કાંઈક શોધતા હતા. કોઈને ખબર પડતી ન હતી કે આ શું ચાલે છે. છેવટે સ્વામીએ એક મચ્છર ઊડતો જોયો.

'સ્વામિનારાયણ' બોલી સ્વામીએ ઘોડી પર પાણીની અંજલિ છાંટી ને **મચ્છરનો જીવ લઈ ઘોડીમાં** નાંખી દીધો ! ઘોડી હણહણતી બેઠી થઈ ગઈ. દરબારમાં આનંદ વ્યાપી ગયો. જયજયકાર થઈ ગયો. હમીર ખાચર સ્વામીનાં ચરણોમાં પડી ગયા.

બાળમિત્રો, ૧-૨ નહીં, શ્રીજી મહારાજે આવા અનેક પરમહંસો બનાવ્યા હતા.

■ **બ્રહ્માંડ ચલાવે એવું ઐશ્વર્ય**

શ્રીજી મહારાજ **ગઢપુર**માં હતા. સામે પરમહંસો બેઠા હતા. શ્રીજી મહારાજે કહ્યું, 'હે પરમહંસો! આજે તમે પોતે પોતાની વિશેષતા કહો. જેથી કામ પડે ત્યારે અમને સેવા બતાવવાની ખબર પડે.' પોતાના મુખે કાંઈ પોતાનાં વખાણ ન કરાય, પણ આ તો ભગવાનની આજ્ઞા. તેથી પરમહંસોએ માથે ધરી.




**મુક્તાનંદ સ્વામી** કહે, 'મહારાજ, કોઈ ગમે તેટલો **ક્રોધે ભરાયો** હોય, પણ મારી સામે આવે તો **શાંત** થઈ જાય. એ બધું આપની દયાથી.'

**બ્રહ્માનંદ સ્વામી** કહે, 'આપના આશીર્વાદથી હું કાવ્ય રચું, તો ૧ શબ્દ ફરીવાર ન આવે. મારે **શબ્દો શોધવા ન પડે**. અને **ઝાકઝમાક** તો એવી થાય કે **બીજો કવિ કરી ન શકે.**'

પછી **નિત્યાનંદ સ્વામી**નો વારો આવ્યો. તેઓ કહે, 'આપની કૃપાથી **આખા ભારતના વિદ્વાનો** ભેગા થાય, તોય **મને જીતી ન શકે**.'

છેવટે શ્રીજી મહારાજે **ગોપાળાનંદ સ્વામી** સામે દૃષ્ટિ કરી. તેઓ કહે, 'આપ પૂછો છો તેથી કહેવું પડે છે. **અનંતકોટિ બ્રહ્માંડમાં** આપની મરજી વિના પાંદડું ન હલે. પણ આપની કૃપાથી **હું ધારું તે કરી શકું**.' સભામાં બેઠેલા સૌ, આ બધું સાંભળી સ્તબ્ધ થઈ ગયા.

**હા બાળમિત્રો, આ તો પાંચ પરમહંસોની વાત થઈ, આવા તો અનેક પરમહંસો હતા. ભગવાન થઈને પૂજાય એવા. એમનો જોટો ન જડે.**

**ધન્ય છે સર્વોપરી શ્રીજી મહારાજ !'**

■ **પરમહંસોના ચમત્કારો**

- **સચ્ચિદાનંદ સ્વામી**એ **ઇન્દ્રને લાત** મારી વરસાદ વરસાવ્યો હતો.
- **કાનડાનંદ સ્વામી સિંહ પર સવારી** કરતા.
- અક્ષરબ્રહ્મ **ગુણાતીતાનંદ સ્વામી**એ નિર્જીવ **થાંભલાને ડોલતા** કર્યા હતા.
- **સ્વરૂપાનંદ સ્વામી**એ 'સ્વામિનારાયણ મંત્ર'થી **યમપુરીના જીવોને મુક્તિ** અપાવી હતી.
- હા, આવા તો અનેક ચમત્કારો પરમહંસો દેખાડી શકતા હતા. તેમના વચને રોગ મટી જતા. દીકરા થતા. બધા સંકલ્પ પૂરા થતા.
- આવું ઐશ્વર્ય કેમ ન દેખાય ? કારણ કે મોટા-મોટા **દેવો અને અવતારો** સર્વોપરી ભગવાનની સેવા કરવા **પરમહંસ બનીને** આવ્યા હતા.

# ૩૨. મહારાજ મારું સર્વસ્વ


**મૂળી** ગામમાં **પાતલભાઈ** નામના ભક્ત રહે. તેમનાં **બહેન**નું નામ **રાજુબા**. રાજુબાને શ્રીજી મહારાજમાં ખૂબ હેત. સંસારનું કામ તો કરે, પણ **મન અખંડ ભગવાનમાં** રાખે. એક વાર તો **૬ મહિના** વીતી ગયા, પણ **શ્રીજી મહારાજનાં દર્શન ન થયાં**. રાજુબાના ગળેથી અન્ન ન ઊતરે ને આંખે **આંસુની ધારા** વહે !

ભક્ત આવાં પ્રેમી હોય, તો ભગવાન પણ કાંઈ ઝાલ્યા રહે ! **શ્રીજી મહારાજે** અંતર્યામીપણે આ **જાણ્યું**. ને લોયાથી સીધા **મૂળી પહોંચ્યા**. પાતલભાઈએ શ્રીજી મહારાજની આગતા-સ્વાગતા કરી. રાજુબાએ તો શ્રીજી મહારાજને જોયા કે પ્રેમનો સાગર છલકાયો. થોડી જ વારમાં તેમણે **કંસાર અને રોટલીનો થાળ** બનાવ્યો.

શ્રીજી મહારાજ જમવા પધાર્યા. કંસાર જોઈ કહે, 'કંસારમાં જરા **ઘી** નાંખજો.' રાજુબાને તો સેવાનો આવો લ્હાવો જ જોઈતો હતો. ઘીની તાંબડી લઈ તેઓ કંસારમાં રેડવા માંડ્યાં ને શ્રીજી મહારાજની મૂર્તિ અંતરમાં ઉતારવા લાગ્યાં. શ્રીજી મહારાજે થાળ જમી રાજુબાને **પ્રસાદી આપી**, ત્યારે તો તેઓ ખૂબ જ પુલકિત થઈ ગયાં.

સાંજ પડી. ઓસરીમાં ઢોલિયો ઢાળ્યો હતો. **ઠંડી ખૂબ** જ હતી. **પવન** પણ વાતો હતો. શ્રીજી મહારાજ કહે, 'રાજુબા ! ટાઢ વાય છે. તાપણું કરો.' રાજુબાએ **તાપણી** કરી. તાપતાં-તાપતાં શ્રીજી મહારાજ બોલ્યા, 'હજુ વધારે તાપ જોઈશે.' રાજુબાએ ઘરનાં બધાં **છાણાં-લાકડાં** તાપણીમાં નાખ્યાં. તોય શ્રીજી મહારાજની ઠંડી ઊડી નહીં, ત્યારે રાજુબાએ **સાંગામાંચી** સળગાવી. **ગાડાનું પૈડું**ય સળગાવ્યું. ને છેવટે મોંઘો **રંગીન ઢોલિયો** પણ ફાડવાની તૈયારી કરી !

ભક્ત **પરીક્ષામાં પાસ** થયા. શ્રીજી મહારાજે કહ્યું, 'હવે ટાઢ ઊડી ગઈ છે... પણ રાજુબા ! તમે આટલું બધું બળતણ અમારા માટે વાપરી નાખ્યું ?' રાજુબા કહે, 'મહારાજ ! **આપ જ મારું જીવન છો.** આપે મને આજે ઝીલી ન શકાય એટલું સુખ આપ્યું છે. **અમારું જે કાંઈ છે તે બધું આપનું જ છે. મારાથી તો કાંઈ આપી શકાયું નથી.**'



આવું સાંભળી શ્રીજી મહારાજ કહે, 'રાજુબા, તમને આજે બહુ ભીડો આપ્યો, પણ અમેય હાલ ભીડામાં આવ્યા છીએ.' રાજુબાએ પૂછ્યું, 'પ્રભુ ! આપને વળી કેવો ભીડો ?' શ્રીજી મહારાજ કહે, 'બ્રહ્માનંદ સ્વામી **વરતાલમાં મંદિર** બાંધે છે. **કડિયાના પગાર** ચઢી ગયા છે. નાણાં મંગાવ્યાં છે, પણ અમે ક્યાંથી લાવીએ ?'

રાજુબાએ તરત જ ગળામાંથી **૫૦૦ રૂપિયાનો ચંદનહાર** ઉતારી આપ્યો. **રોકડા ૨૦૦ રૂપિયા** પણ આપ્યા. આવું સમર્પણ જોઈ શ્રીજી મહારાજ રાજી થયા ને બોલ્યા, 'રાજુબા ! અમને માફ કરજો. અમે તમારું **સર્વસ્વ લઈ લીધું.**'

આવું સાંભળી રાજુબાએ શ્રીજી મહારાજનાં ચરણોમાં માથું ઢાળી દીધું ને આંસુથી ચરણો પખાળતાં બોલ્યાં, 'મહારાજ ! **મારું સર્વસ્વ તો આપ છો.** ને આપ મારા અંતરમાં જડાઈ ગયા છો. આપની કૃપાની મૂડી અમારા અંતરમાં સદાયને માટે સચવાય એટલી દયા કરજો. ને આપની કૃપાનું પાત્ર બનું એટલું જ માંગું છું.'

શ્રીજી મહારાજ તેમના તરફ પ્રેમભરી દૃષ્ટિ કરી માણકી પર સવાર થયા ને વરતાલ જવા નીકળી ગયા.

**આવા હતા શ્રીજી મહારાજના ભક્તો ! શ્રીજી મહારાજ જ એમનું સર્વસ્વ હતા. ભગવાન માટે સર્વસ્વ અર્પણ કરવામાં એમને જરાય વાર ન લાગે. અરે ! ઊલટું રાહ જોઈ બેઠા હોય કે ભગવાન ક્યારે મારી પાસે માંગવાની કૃપા કરે. આવા ભક્ત થવાય તો જીવન જીવ્યા કહેવાય.**



# ૩૩. મછરાંની બીકે મહેલ ન છોડીએ

૨૦૦ વર્ષ પહેલાંની વાત છે. અનેક લોકોને સ્વામિનારાયણની નવી વાત ગમતી ન હતી. સ્વામિનારાયણનો ધર્મ પાળે તેને કુટુંબીજનો નાતબહાર કરતા. એટલે કે તેના કુટુંબ સાથે કોઈ જમવાનો, બોલવાનો, ધંધા-વ્યવહારનો, લગ્નનો કે આવવા-જવાનો સંબંધ પણ ન રાખતા. એ સમયે પણ નિષ્ઠાવાન ભક્તો કેવું જીવન જીવતા તે એક પ્રસંગ દ્વારા જાણીએ.

**સુંદરિયાણા ગામમાં હિમરાજ શાહ** કરીને એક **વૈષ્ણવ શેઠ** હતા. એ વૈદું પણ જાણતા હતા. તેમને **ત્રણ પુત્રો** હતા : **વનાશા, જેઠાશા ને પૂજાશા**. એક વાર એના એક દીકરાએ કહ્યું કે 'ગામમાં સ્વામિનારાયણના એક સાધુ **ગોપાળાનંદ સ્વામી** આવ્યા છે. તેઓ **બીમાર** છે. નાડી જોઈ એમની કંઈ દવા કરો તો સારું !'

હિમરાજ શાહ સાધુની દવા કરવા આવ્યા. સાધુનો હાથ પકડી નાડી જોવા બેઠા, પણ **નાડી જડે નહીં** ! નાડી બંધ થઈ જાય, તો માણસ મરી જાય. પણ આ સાધુ તો મરક મરક હસતા હતા ! હિમરાજ શાહને નવાઈ લાગી. તેમણે ફરી નાડી તપાસી જોઈ. પણ નાડીના ધબકારા બંધ હતા! હવે હિમરાજ શાહને ખબર પડી કે આ કોઈ સાધારણ સાધુ નથી, પણ મહાયોગી છે ! **આવું યોગબળ તો એક શ્રીકૃષ્ણ ભગવાને બતાવ્યું હતું.**

પછી એમને વિચાર આવ્યો કે જો **શિષ્ય આવા યોગી છે, તો ગુરુ કેવા હશે ?** એટલે એ શ્રીજી મહારાજનાં દર્શન કરવા ગયા. અને સ્વામિનારાયણના **ભક્ત** બની ગયા. પછી તો આખું કુટુંબ શ્રીજી મહારાજનું ભક્ત બની ગયું.

સગાં-સંબંધીઓથી આ સહન ન થયું. તેમણે હિમરાજ શાહને **નાતબહાર** કર્યા. તેઓ કહેવા લાગ્યા, 'બાપ-દાદાનો ધર્મ છોડી દીધો ?' ત્યારે હિમરાજ શાહ મક્કમતાથી કહેતા, 'એમાં કાંઈ ખોટું નથી કર્યું. **આપણા બાપ-દાદાઓએ પણ વૈષ્ણવ બનતી વખતે** એમના બાપદાદાનો **ધર્મ છોડ્યો જ છેને.**'

હિમરાજ શાહનો અંતકાળ નજીક આવ્યો. તેમણે પોતાના ત્રણેય દીકરાઓને છેલ્લી શિખામણ આપી, 'શ્રીજી મહારાજ સર્વોપરી ભગવાન છે, માટે સત્સંગની ટેક ક્યારેય મૂકવી નહીં.' એટલું કહી ભજન કરતાં-કરતાં તેમણે દેહ મૂકી દીધો.

હવે વિરોધીઓ જોરમાં આવ્યા. **કારજ**ના થોડા દિવસો પહેલાં જબરો પ્રસંગ બન્યો. વિરોધીઓ હિમરાજ શાહના ઘરે આવ્યા ને કહે, 'સ્વામિનારાયણની **કંઠી તોડો. તો જ નાત જમવા આવશે.**' કોઈ કહે, 'છેવટે કારજના દિવસ પૂરતી કંઠી કાઢી નાંખો. ને લોકો જમી રહે ત્યાં સુધી ઓરડામાં છુપાઈ રહેજો.' હિમરાજ શાહના ત્રણેય દીકરાઓ કહે, '**સૂર્ય પશ્ચિમમાં ઊગે, તોય સત્સંગ નહીં છોડીએ.**'

ત્યારે જ્ઞાતિના મોટેરાઓ કહે, 'તમારી લાજ જશે હોં.' હિમરાજ શાહના દીકરાઓ કહે, 'મછરાંની બીકે અમે મહેલ નહીં છોડીએ ! હવે **અમારી નાત શ્રીજી મહારાજ અને તેમના સંતો-ભક્તો.**'


પછી તો ગામે-ગામ પત્રો લખાયા કે હિમરાજભાઈના ઘરે કોઈએ જવું નહીં. જશે તે નાતબહાર. આ **સમાચાર છેક ગઢપુર** પણ **પહોંચ્યા**. સાંભળીને **શ્રીજી મહારાજ**ની આંખોમાં હર્ષનાં આંસુ આવી ગયાં. તેઓ



સંતો-ભક્તો સાથે **સુંદરિયાણા** પધાર્યા. પાંચ દિવસ એમને ઘેર રહ્યા. ને ખૂબ આનંદ કરાવ્યો.

આવા હતા શ્રીજી મહારાજના ભક્તો ! **શ્રીજી મહારાજ એમનો મહેલ હતા. શ્રીજી મહારાજના વિરોધીઓ 'મછરાં' હતા. મછરાંની બીકે મહેલ છોડી દે એવા તેઓ મૂરખ નહોતા !**

**એ સમયે સત્સંગ પ્રત્યે આવી અડગ ટેકવાળા અનેક ભક્તો હતા.**



# ૩૪. માતૃપિતૃભક્ત શ્રવણ

**શ્રવણ**ને આજે સૌ કોઈ ઓળખે છે. તેનાં **માબાપ આંધળાં** હતાં. શ્રવણ તેમની **સેવા** કરે. પોતે વહેલો ઊઠે. નાહી-ધોઈ ભગવાનની પૂજામાં લીન બની જાય. **ભગવાનને પ્રાર્થના** કરે, 'હે ભગવાન ! હું કદી માબાપને ભૂલું નહીં, તેવી કૃપા કરજો. સાધુ-સંતોનો સંગ આપજો. ને આપને રાજી કરી શકું, એવી સદ્‌બુદ્ધિ આપજો.'

પૂજા-પ્રાર્થનાથી પરવારી શ્રવણ તેનાં માબાપની સેવામાં લાગી જાય. સૂર્ય ઊગે એટલે તે માબાપને ચરણ-વંદન કરી, ધીરે-ધીરે **જગાડે**. ધીમે-ધીમે પગચંપી કરે. એક જગ્યાએ બેસાડી **દાતણ કરાવે**. ગરમ જળથી **સ્નાન કરાવે**. દરરોજ તેમનાં વસ્ત્રો ધોઈ, નવાં વસ્ત્રો પહેરાવે. ગામમાંથી ભિક્ષા માંગી લાવે. જાતે **રસોઈ પકાવે**. ભગવાનને થાળ ધરી, માબાપને પ્રેમથી **જમાડે**. પછી પોતે જમે.

એકવાર શ્રવણે તેનાં માબાપની ચર્ચા સાંભળી, 'આપણે તો આંધળાં છીએ. ભગવાન અને સાધુનાં દર્શન કેમે કરીને ન કરી શકીએ. પણ તીર્થ તો કરી શકીએને ? ત્યાં મોટા સંતોના આશીર્વાદ મળે ને મોક્ષ મળે. પણ આપણને **તીર્થયાત્રા** કરાવે કોણ ?'

માબાપના દુઃખની વાત સાંભળી શ્રવણે કહ્યું, 'તમે ચિંતા ન કરશો. હું તમને બધાં તીર્થોમાં લઈ જઈશ.'

તે જંગલમાંથી એક વાંસ લઈ આવ્યો. તેમાંથી બે મજબૂત ટોપલા બનાવ્યા. તેને એક લાકડી સાથે મજબૂત દોરીથી બાંધી એક **કાવડ** તૈયાર કરી. ટોપલામાં રજાઈ



પાથરી. પછી એક ટોપલામાં પિતાને બેસાડ્યા. બીજા ટોપલામાં માતાને બેસાડ્યાં. ને ખભે કાવડ લઈ શ્રવણ માબાપને તીર્થયાત્રા કરાવવા નીકળી પડ્યો.

કાંટાળી કેડીઓ, જંગલ ને ઝાંખરાં, પર્વત ને કોતરો, નદીઓ ને ઝરણાં પાર કરતો શ્રવણ ચાલ્યો જ જાય... ચાલ્યો જ જાય. માબાપને ભૂખ લાગે, ત્યારે શ્રવણ પાકાં પાકાં ફળો જમાડે. કોઈ નગર કે ગામમાં જઈ **ભિક્ષા** માંગી લાવે. માબાપ જમે. શ્રવણ રાજી થાય. નદીમાંથી ગાળીને પાણી લાવે. તરસ્યાં માબાપની **તરસ** છિપાવે.


એક વાર **નદીમાં પાણી ભરતાં** તુંબડામાંથી **બુડ્ બુડ્ બુડ્ અવાજ** આવ્યો. બરાબર એ જ સમયે અયોધ્યાના **રાજા દશરથ** શિકાર કરવા નીકળ્યા હતા. અવાજનું નિશાન લઈ તેમણે **તીર** છોડ્યું. એ તીર **શ્રવણને વાગ્યું**.

'હે ભગવાન !' કરતો તે ઢળી પડ્યો. રાજાએ આ સાંભળ્યું. તેઓ દોડતા શ્રવણ પાસે આવ્યા. તેમણે માફી માંગી કે, 'કોઈ પશુ પાણી પીએ છે, એમ જાણી મેં તીર ફેંક્યું હતું; પણ તમને વાગી ગયું. મને માફ કરો.'

શ્રવણે કહ્યું, '**મારાં માબાપ આંધળાં** છે. તેમને હું તીર્થયાત્રા કરાવવા નીકળ્યો છું. તેઓ સામેના ઝાડ નીચે બેઠાં છે. તેઓ **તરસ્યાં** મારી રાહ જોતાં હશે. તમે જલદી જઈને તેમને **પાણી પાઓ.**'

દશરથ રાજા પાણી લઈને ગયા. માબાપને શ્રવણની હકીકત કહી. વહાલા પુત્રના વિયોગમાં માબાપના પ્રાણ ત્યાં જ ઊડી ગયા.

**બાળમિત્રો, આમ છેલ્લા શ્વાસ સુધી શ્રવણે માબાપની સેવા કરી. આપણે પણ જીવનના અંત સુધી માતા-પિતાની સેવા કરીએ, તો શ્રવણમાંથી કાંઈ શીખ્યા કહેવાય.**



# ૩૫. ગાગરમાં સાગર : શિક્ષાપત્રી



શ્રીજી મહારાજ એક વાર **ખોખરા** ગામે પધાર્યા હતા. સૌ ભક્તો એક પછી એક તેમનાં દર્શને આવતા હતા. તેમાં **કાના પટેલ અને વસ્તા પટેલ** પણ આવ્યા. તેમણે શ્રીજી મહારાજનું પૂજન કર્યું ને ચરણે ભેટ પણ ધરી, પરંતુ તેઓ થોડા ઉદાસ જણાતા હતા.

શ્રીજી મહારાજે પૂછ્યું, 'કેમ ઉદાસ છો ? કોઈ મુશ્કેલી છે ?' કાના પટેલ કહે, 'મહારાજ, અમારા ગામમાં **કોઈ બ્રાહ્મણ નથી**. શાસ્ત્રોનું કોઈ જાણકાર નથી. માટે અમારે દર વર્ષે **ખેતી કરવાનું મૂરત** કાઢવું હોય, તો કોને પૂછીને કાઢીએ ?' શ્રીજી મહારાજ કહે, 'એમાં શું ? ખેતીનો સમય થાય, ત્યારે '**સ્વામિનારાયણ**.. સ્વામિનારાયણ..' એમ **કહીને સાંતી જોડવી**. એ તમારા માટે મોટું મૂરત. એમ કરવાથી પાક સારો થશે. અને કોઈ વિઘ્ન નહીં આવે. એ અમારા આશીર્વાદ છે.'

એવામાં વસ્તા પટેલે પૂછ્યું, 'પણ મહારાજ, અમે નવાં ઘર કરીએ, તો **વાસ્તુ** કઈ રીતે કરાવવું ?' શ્રીજી મહારાજ કહે, 'નવા ઘરમાં **'શિક્ષાપત્રી' પધરાવવી**. તેની આગળ **ઘીનો દીવો** કરવો ને થોડી વાર 'સ્વામિનારાયણ.. 'નું **ભજન** કરવું. તમારું વાસ્તુ થઈ ગયું. શિક્ષાપત્રી અમારું સ્વરૂપ છે. તે હશે, તો સર્વ કુશળ-મંગલ થશે !' કાના પટેલ અને વસ્તા પટેલ જ નહીં, આવા શુભ આશીર્વાદ સાંભળી સૌ આશ્ચર્યચકિત થઈ ગયા !

હા, બાળમિત્રો ! શિક્ષાપત્રીનો આટલો બધો મહિમા છે. શિક્ષાપત્રી એ કોઈ સામાન્ય ધર્મગ્રંથ નથી, **સર્વોપરી ભગવાન શ્રીજી મહારાજે લખેલો ધર્મગ્રંથ** છે. તેની તોલે કોઈ ન આવે. અરે ! આ કેવળ ધર્મગ્રંથ નથી, **શ્રીજી મહારાજનું સ્વરૂપ** જ છે. એમાં કહ્યું છે તેમ જીવન જીવવામાં આવે, તો લોક અને પરલોક, બધે જ સુખ-શાંતિના ઢગલા થઈ જાય.

તેથી જ શ્રીજી મહારાજ કહે છે : સત્ શાસ્ત્રોએ પ્રતિપાદન કરેલા સદાચારને જે પાળે છે, તે આ લોક અને પરલોકમાં મહાસુખિયા થાય છે. તેનું ઉલ્લંઘન કરીને જે મનમાં આવે તેમ વર્તે છે, તે કુબુદ્ધિવાળા છે. અને તે આ લોક અને પરલોકમાં નિશ્ચય મોટું કષ્ટ પામે છે.

■ **શિક્ષાપત્રી : મહિમા અને ઇતિહાસ**

૧. **વરતાલના નારાયણ મોલમાં** શ્રીજી મહારાજે શિક્ષાપત્રી લખવાની **શરૂઆત** કરી હતી. અને સંવત્ ૧૮૮૨, મહા સુદ ૫ (પાંચમ)ના દિવસે વરતાલના **હરિમંડપમાં તે પૂર્ણ** થઈ. (તા. ૧૨-૨-૧૮૨૬)

૨. શિક્ષાપત્રી **ગાગરમાં સાગર** છે. તેના ૨૧૨ શ્લોકોમાં હિંદુ ધર્મના તમામ શાસ્ત્રોનો સાર છે. તેમાં **૩૪૬ ગ્રંથોનાં ૩,૮૧૪ પ્રમાણો** છે.

૩. શિક્ષાપત્રી **સર્વજીવહિતાવહ** ગ્રંથ છે. તેમાં સંતોના, બાઈ-ભાઈ હરિભક્તોના, રાજાના વગેરે સૌના નિયમો આપ્યા છે. ક્યાં થૂંકવું ? ક્યાં મળ-મૂત્ર કરવું ? ત્યાંથી માંડીને **બ્રહ્મરૂપ થવા સુધીની વાતો** આ ગ્રંથમાં કંડારાયેલી છે.

૪. શિક્ષાપત્રી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ... એમ **ચારેય પુરુષાર્થની સિદ્ધિ** કરાવે છે.

૫. શૈક્ષણિક, શારીરિક, આર્થિક, સામાજિક, કૌટુંબિક, વૈશ્વિક... **માનવજીવનના તમામ પ્રશ્નોના** પ્રત્યક્ષ કે પરોક્ષ **ઉત્તરો** શિક્ષાપત્રીમાં વર્ણવાયેલા છે.

૬. શિક્ષાપત્રીનો એક-એક અક્ષર અર્થસભર છે. તેની એક-એક આજ્ઞા વિશ્વમાં ક્રાંતિ સર્જે તેવી છે.


૭. **સરદાર વલ્લભભાઈ પટેલ** કહેતા : ભારત દેશના તમામ લોકો શિક્ષાપત્રીની આજ્ઞા પાળે, તો દેશમાં **પોલીસ અને અદાલતની ઓછામાં ઓછી જરૂર** પડે.

ચાલો, શિક્ષાપત્રી મુજબ જીવન ઘડી લોક અને પરલોકમાં સુખિયા થઈએ.

(નોંધ : શિક્ષાપત્રીના ૨૧૨ શ્લોકોનું સારરૂપ વિષયવાર ટૂંકું વર્ગીકરણ એટલે **'શિક્ષાપત્રીનાં આજ્ઞાવચનો'**.)

# ૩૬. શ્રીજી મહારાજનું સપનું

ગઢડામાં જ નહીં, સ્વામિનારાયણ સંપ્રદાયમાં એકેય મંદિર ન હતું, ત્યારની આ વાત છે. ત્યારે ગઢડાની અક્ષર ઓરડીય ન હતી. **શ્રીજી મહારાજ એભલ ખાચરના દરબારમાં** સૂતા હતા. **અડધી રાતે** આ શું ? શ્રીજી મહારાજ **જાગ્યા**. સેવકને કહે, 'મોજડી લાવો. અમારે મુક્તાનંદ સ્વામીને મળવા જવું છે. સ્વામી ક્યાં છે ?'



મુક્તાનંદ સ્વામી **જીવાખાચરના દરબારમાં** હતા. શ્રીજી મહારાજ ત્યાં પહોંચ્યા. અડધી રાત્રે ત્યાં **મુક્તાનંદ સ્વામી ધ્યાન** કરતા હતા. શ્રીજી મહારાજે તેમને જગાડ્યા. સ્વામી કહે, 'આપ અડધી રાતે ?' પછી સ્વામીએ શ્રીજી મહારાજને આસન પર બેસાડ્યા.

શ્રીજી મહારાજ કહે, 'સ્વામી, અમને એક **સપનું** આવ્યું છે. તે કહેવા સારુ અમે આવ્યા છીએ.' મુક્તાનંદ સ્વામી કહે, 'આપ તો સર્વોપરી ભગવાન છો. **આપનું સ્વપ્ન તો સત્ય જ થાય.** ઝટ કહો.'

શ્રીજી મહારાજ કહે, 'અમારા સપનામાં પહેલાં બધા **અવતારો** આવ્યા. તેઓ અમને કહેવા લાગ્યા, 'અમે તમારી પાસે રહેવા આવ્યા છીએ. તમે ગામોગામ મંદિરો કરશો, ત્યારે એમાં **અમનેય પધરાવજો.**' તેથી અમે તેમને 'હા' કહી. પછી સર્વે **તીર્થો** આવ્યાં ને કહે, 'હે મહારાજ, અમારે તમારી પાસે રહેવું છે. બીજે તો અધર્મ ફેલાઈ ગયો છે.' તેથી અમે તેમને **ઘેલા નદીમાં રહેવા કહ્યું**.'

શ્રીજી મહારાજના એક એક શબ્દે આશ્ચર્ય હતું! એક ભવિષ્યવાણી હતી! તેઓ આગળ બોલ્યા, 'વળી

અમને એમ દેખાણું જે એભલ ખાચરના દરબારમાં મોટું શિખરબદ્ધ મંદિર થયું છે. મોટો દરવાજો થયો છે. ગઢડા મોટું શહેર બન્યું છે. ને બધે સ્વામિનારાયણનું ભજન થાય છે.'

આટલું થયું ત્યાં તો બીજા ઘણા પરમહંસોય ઊંઘમાંથી ઊઠી-ઊઠીને આવી ગયા હતા. શ્રીજી મહારાજે છેલ્લે તો ખૂબ જ અદ્ભુત ભવિષ્યવાણી ઉચ્ચારી, 'સંતો, અમને સપનામાં દેખાણું જે અમે **મોટાં-મોટાં મંદિરો** બાંધ્યાં છે. **ગામોગામ** સાધુને રહેવાની **ધર્મશાળા** છે. તેમાં નિરંતર કથા-વાર્તા, કીર્તન થાય છે. અરે ! **એકાંતિક ધર્મ આખી પૃથ્વી પર** પ્રવર્ત્યો છે. ને **એકાંતિકને માર્ગે ઘણા સાધુ તથા હરિભક્ત ચાલ્યા છે.**'


ત્યાં બેઠેલા સૌ માટે આ વાત કલ્પના હતી, પણ ભગવાનની વાણી ક્યારેય નિષ્ફળ ન જાય. એમાંય આ તો તેમનું સપનું છે. એ એકાંતિક એટલે હાલ ગુરુહરિ મહંતસ્વામી મહારાજ.

## ■ આપણે નિમિત્ત બનીએ

● શ્રીજી મહારાજે સંકલ્પ કર્યો છે : **૧૦૦ કરોડ મનવારો** ભરાય એટલા જીવોનું કલ્યાણ કરવું છે.

● ગુણાતીતાનંદ સ્વામી કહે છે : **પાંદડે-પાંદડે સત્સંગ** કરાવવો છે. ૧ સાધુ પાછળ લાખ માણસ ફરે, ત્યારે સત્સંગ થયો જાણવો.

● ચાલો બાળમિત્રો ! આપણે ૧૦૦% સત્સંગી થઈએ અને બીજાને પણ સત્સંગનો રંગ ચઢાવીએ. **એક જીવને સત્સંગ**ને માર્ગે ચઢાવવાથી **બ્રહ્માંડ ઉગાર્યાનું પુણ્ય** મળે છે.



# ૩૭. કાયમી મુખપાઠ

## ■ જયનાદ

શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય
અક્ષરપુરુષોત્તમ મહારાજની જય
ગુણાતીતાનંદ સ્વામી મહારાજની જય
ભગતજી મહારાજની જય
શાસ્ત્રીજી મહારાજની જય
યોગીજી મહારાજની જય
પ્રમુખસ્વામી મહારાજની જય
મહંતસ્વામી મહારાજની જય

## ■ આરતી

જય સ્વામિનારાયણ, જય અક્ષરપુરુષોત્તમ,
અક્ષરપુરુષોત્તમ જય (૨), દર્શન સર્વોત્તમ...
જય સ્વામિનારાયણ... ટેક

મુક્ત અનંત સુપૂજિત, સુંદર સાકારમ્, (જય) (૨)
સર્વોપરી કરુણાકર(૨), માનવ તનુધારમ્... જય. ૧.

પુરુષોત્તમ પરબ્રહ્મ, શ્રીહરિ સહજાનંદ, (જય)(૨)
અક્ષરબ્રહ્મ અનાદિ(૨), ગુણાતીતાનંદ... જય. ૨.

પ્રકટ સદા સર્વકર્તા, પરમ મુક્તિદાતા, (જય) (૨)
ધર્મ એકાંતિક સ્થાપક(૨), ભક્તિ પરિત્રાતા... જય. ૩.

દાસભાવ દિવ્યતા સહ, બ્રહ્મરૂપે પ્રીતિ, (હો) (૨)
સુહૃદભાવ અલૌકિક (૨), સ્થાપિત શુભ રીતિ... જય. ૪.

ધન્ય ધન્ય મમ જીવન, તવ શરણે સુફલમ્, (હો) (૨)
યજ્ઞપુરુષ પ્રવર્તિત (૨), સિદ્ધાન્તં સુખદમ્... જય. ૫.

જય સ્વામિનારાયણ, જય અક્ષરપુરુષોત્તમ...
અક્ષરપુરુષોત્તમ જય(૨), દર્શન સર્વોત્તમ...
જય સ્વામિનારાયણ, જય અક્ષરપુરુષોત્તમ... જય સ્વામિ...

## ■ પૂજાના શ્લોકો

**ઉત્તિષ્ઠોત્તિષ્ઠ હે નાથ ! સ્વામિનારાયણ પ્રભો ! ।**
**ધર્મસૂનો દયાસિન્ધો સ્વેષાં શ્રેયઃ પરં કુરુ ॥**

(હે સ્વામિનારાયણ પ્રભુ! હે નાથ! ઊઠો ઊઠો. અને હે ધર્મના પુત્ર! દયાના સાગર! પોતાના આશ્રિતજનોનું પરમ (આત્યંતિક) કલ્યાણ કરો.)

**આગચ્છ ભગવન્ દેવ ! સ્વસ્થાનાત્ પરમેશ્વર ! ।**
**અહં પૂજાં કરિષ્યામિ સદા ત્વં સમ્મુખો ભવ ॥**

(હે ભગવન્, હે પરમેશ્વર, હે દેવ, આપ આપના સ્થાનથી (દિવ્ય અક્ષરધામમાંથી) (અત્રે) પધારો. હું (આપની) પૂજા કરીશ. (માટે) આપ સદાય (મારી) સન્મુખ બિરાજો.)

**સ્વસ્થાનં ગચ્છ દેવેશ પૂજામાદાય મામકીમ્ ।**
**ઈષ્ટકામ-પ્રસિદ્ધ્યર્થં પુનરાગમનાય ચ ॥**

(હે દેવોના દેવ (સહજાનંદ સ્વામી) ! મેં કરેલી પૂજા સ્વીકારીને, ઈચ્છિત કામનાઓની સિદ્ધિને માટે અને ફરી પધારવા માટે આપ સ્વસ્થાને સિધાવો.)

## ■ જમતાં પહેલાં બોલવાનો શ્લોક

**શ્રીમદ્સદ્ગુણશાલિનંચિદચિદ્વ્યાપ્તંચદિવ્યાકૃતિં**
**જીવેશાક્ષર-મુક્ત-કોટિ-સુખદંનૈકાવતારાધિપમ્ ।**
**જ્ઞેયં શ્રીપુરુષોત્તમં મુનિવરૈ ર્વેદાદિકીર્ત્યં વિભું**
**તમ્મૂલાક્ષરયુક્તમેવ સહજાનન્દં ચ વન્દે સદા ॥**

(શોભાયમાન, સદ્ગુણોથી યુક્ત, જડચેતનમાં વ્યાપ્ત, દિવ્ય આકૃતિવાળા, કરોડો જીવોને, ઇશ્વરોને તથા અક્ષરમુક્તોને સુખ આપનારા, અનેક અવતારોના અધિપતિ, મુનિશ્રેષ્ઠોને પણ જાણવા યોગ્ય, વેદો વગેરેને પણ સ્તુતિ કરવા યોગ્ય, સર્વાધિક સામર્થ્યવાળા અને મૂળ અક્ષરમૂર્તિ (શ્રી ગુણાતીતાનંદ સ્વામી) સહિત જ એવા પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામીને હું સદાય વંદન કરું છું.)

**ૐ સહ નાવવતુ, સહ નૌ ભુનક્તુ,**
**સહ વીર્યં કરવાવહૈ ।**
**તેજસ્વિનાવધીતમસ્તુ, મા વિદ્વિષાવહૈ ॥**
**ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ॥**

(હે પરમાત્મા ! આપ અમારા બંનેનું (ગુરુ-શિષ્યનું) સાથે રક્ષણ કરો અને પોષણ કરો. અમે બંને સાથે શક્તિ પ્રાપ્ત કરીએ. અમારા બંનેનું અધ્યયન તેજસ્વી બનો અને અમે બંને પરસ્પર દ્વેષ ન કરીએ.)

## ■ રોજ સવારે પૂજામાં કરવાની પ્રાર્થના

હે મહારાજ, હે સ્વામી ! હે મહંતસ્વામી મહારાજ! હું હંમેશાં આપની આજ્ઞા પાળું, ખરાબ કાર્ય ન કરું, આપને રાજી કરી શકું તેવાં બળ-બુદ્ધિ આપજો. કુસંગ થકી રક્ષા કરજો અને સારાનો સંગ આપજો. માતાપિતાની સેવા કરું અને અભ્યાસ બરાબર કરું અને આપનો આદર્શ ભક્ત બનું એવી શક્તિ આપજો.

## ■ રોજ રાત્રે સૂતાં પહેલાં કરવાની પ્રાર્થના

હે મહારાજ, હે સ્વામી ! હે મહંતસ્વામી મહારાજ! આખા દિવસમાં જાણે અજાણે મારાથી ભૂલ થઈ હોય તે માફ કરજો. ફરી ભૂલ ન થાય તેવી પ્રેરણા આપજો અને સવારે મને વહેલો ઉઠાડજો. આવતી કાલે આપને વિશેષ રાજી કરી શકું તેવી શક્તિ આપજો.

# ૩૮. વિશેષ મુખપાઠ

■ **સ્તુતિ**

**વંદું શ્રી હરિને સદા હૃદયથી, ગુણાતીતાનંદને,**
**વંદું પ્રાગજી ભક્તને વળી નમું, શાસ્ત્રી મહારાજને;**
**વંદું શ્રી ગુરુ યોગીજી પ્રમુખજી, સૌના ઉરે જે રમે,**
**વંદું સંત મહંતસ્વામી ચરણે, કલ્યાણદાતા તમે.**

**ગુણાતીતોક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ ।**
**જનો જાનન્નિદં સત્યં, મુચ્યતે ભવબન્ધનાત્ ॥**

(ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ છે તથા ભગવાન શ્રી સ્વામિનારાયણ પુરુષોત્તમ છે. જે વ્યક્તિ આ સત્યને જાણે છે, તે ભવબંધનમાંથી મુક્ત થાય છે.)

**ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ ર્ગુરુર્દેવો મહેશ્વરઃ ।**
**ગુરુઃ સાક્ષાત્ પરં બ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥**

(ગુરુ એ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ છે. ગુરુ એ જ સાક્ષાત્ પરબ્રહ્મનું સ્વરૂપ છે. એવા ગુરુને હું નમન કરું છું.)

**ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ**
**ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ ।**
**ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ**
**ત્વમેવ સર્વં મમ દેવ દેવ ॥**

(હે ભગવાન ! આપ જ મારાં માતા, પિતા, ભાઈ-બહેન, મિત્ર, વિદ્યા અને ધન છો. આપ જ મારું સર્વસ્વ છો.)

**ૐ સહ નાવવતુ, સહ નૌ ભુનક્તુ,**
**સહ વીર્યં કરવાવહૈ ।**
**તેજસ્વિનાવધીતમસ્તુ, મા વિદ્વિષાવહૈ ॥**
**ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ॥**

■ **ધ્યેયમંત્ર અને પૂર્ણાહુતિ શ્લોક**

**ગુણાતીતં ગુરું પ્રાપ્ય બ્રહ્મ રૂપં નિજાત્મનઃ ।**
**વિભાવ્ય દાસભાવેન સ્વામિનારાયણં ભજે ॥**

(ગુણાતીત ગુરુને પ્રાપ્ત કરીને, પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને, દાસભાવે હું સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરું છું.)

**શ્રીહરિં સાક્ષરં સર્વદેવેશ્વરં,**
**ભક્તિધર્માત્મજં દિવ્યરૂપં પરમ્ ।**
**શાંતિદં મુક્તિદં કામદં કારણં,**
**સ્વામિનારાયણં નીલકંઠં ભજે ॥**

(અક્ષરસહિતના શ્રીહરિ, સર્વ દેવોના દેવ, ભક્તિધર્મના પુત્ર, દિવ્ય સ્વરૂપવાળા, સર્વથી પર, શાંતિ અર્પનાર, મુક્તિ અર્પનાર, કામના (સંકલ્પ) સિદ્ધ કરનાર, સર્વના કારણ એવા નીલકંઠ પ્રભુ સ્વામિનારાયણ ભગવાનને હું ભજું છું.)

■ **સ્વામીની વાતો**

(દરેક વાતની શરૂઆતમાં **'સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે...'** બોલવું. તથા જ્યાં અલ્પવિરામ અને પૂર્ણવિરામ છે ત્યાં જરા થોભવું.)

૧. આપણે તો અક્ષરધામમાં જાવું છે, એવો એક સંકલ્પ રાખવો. (૧/૩૦૧)

૨. આપણે ભગવાનના છીએ, પણ માયાના નથી, એમ માનવું. (૧/૨૩૦)

૩. મૂંઝવણ આવે તો કેમ કરવું ? એ પ્રશ્ન પૂછ્યો. તેનો ઉત્તર કર્યો જે, સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરવું. તેથી મૂંઝવણ ટળી જાય. (૧/૨૭૨)

૪. કરોડ કામ બગાડીને પણ, એક મોક્ષ સુધારવો, ને કદાપિ કરોડ કામ સુધાર્યાં, ને એક મોક્ષ બગાડ્યો, તો તેમાં શું કર્યું ? (૧/૧૪)

૫. સત્ય હિત ને પ્રિય એવું વચન બોલવું. ને ઉપેક્ષારહિત બોલવું, પણ આગ્રહથી વચન કહેવું નહીં. (૫/૧૬૪)

૬. જેને ભગવાન ભજવા હોય, તેનાથી બધાયની મરજી રાખી શકાય નહીં, તેનાથી તો ભગવાનની મરજી સચવાય. (૫/૫૯)

૭. નિરંતર સર્વ ક્રિયામાં, પાછું વળીને જોવું જે, મારે ભગવાન ભજવા છે, ને હું શું કરું છું ? એમ જોયા કરવું. (૨/૩૫)

૮. કોટિ તપ કરીને, કોટિ જપ કરીને, કોટિ વ્રત કરીને, કોટિ દાન કરીને, ને કોટિ યજ્ઞ કરીને પણ, જે ભગવાનને ને સાધુને પામવા હતા, તે આજ આપણને મળ્યા છે. (૧/૨૯૪)

૯. સેવા તો પોતાની શ્રદ્ધા પ્રમાણે થાય તે કરવી, પણ અસેવા તો ન જ કરવી. તે અસેવા તે શું ? જે અવગુણ લેવો. (૨/૧૩૩)

૧૦. એક ઉપાસના, બીજી આજ્ઞા, ત્રીજો સમાગમ, ને ચોથું સત્શાસ્ત્રનું વ્યસન, એ ચાર દૃઢ કરીને રાખવાં. (૪/૨૨)



# ૩૯. જાણવા જેવું

## ભગવાન શ્રી સ્વામિનારાયણ

૧. **સ્વરૂપ :** પરબ્રહ્મ, પૂર્ણ પુરુષોત્તમ નારાયણ, સર્વોપરિ ભગવાન.

૨. **અવતરણ :** તા. ૩/૪/૧૭૮૧, સંવત્ ૧૮૩૭, ચૈત્ર સુદ ૯ (નોમ-રામનવમી), છપૈયા, ઉત્તરપ્રદેશ.

**માતા :** ભક્તિમાતા, **પિતા :** ધર્મદેવ.

**બાળપણનું નામ :** ઘનશ્યામ, **અન્ય નામ :** નીલકંઠ વર્ણી, સરજૂદાસ, નારાયણ મુનિ, સહજાનંદ સ્વામી, શ્રીહરિ, શ્રીજી મહારાજ, હરિકૃષ્ણ મહારાજ વગેરે.

૩. **જન્મહેતુ :** દૂસરા જો અવતાર હૈ સો તો કાર્યકારણ અવતાર હૈ, કિન્તુ મેરા જો અવતાર હૈ સો તો જીવો કું આત્યંતિક મુક્તિ દેને કે વાસ્તે પુરુષોત્તમ જૈસા જો મૈં વો મનુષ્ય કે જૈસા બન્યા હૂઁ.

૪. **દિવ્ય બાળપણ :** અનેક ચમત્કારો. ૭ વર્ષની ઉંમરે તમામ શાસ્ત્રોમાં પારંગત થયા.

૫. **કલ્યાણમય વનવિચરણ :** ૧૧ વર્ષની ઉંમરે ગૃહત્યાગ કરી કઠોર તપ કર્યું. ૭ વર્ષ ૧ માસ અને ૧૧ દિવસ ભારતભરમાં વિચરણ કરી, લાખો મુમુક્ષુઓનું કલ્યાણ કર્યું.

૬. **૨૧ વર્ષે સ્વામિનારાયણ સંપ્રદાયનું સ્થાપન.**

૭. **મંદિરો :** ભક્તે સહિત ભગવાનની શુદ્ધ ઉપાસના દૃઢ કરાવવા ૬ શિખરબદ્ધ મંદિરો બાંધ્યાં. (અમદાવાદ, ભૂજ, વરતાલ, ધોલેરા, જૂનાગઢ અને ગઢડા.)

૮. **શાસ્ત્રો :** વચનામૃત અને શિક્ષાપત્રી ગ્રંથો આપ્યા.

૯. **પરમહંસો :** ૩,૦૦૦ થી વધુ સંતોને દીક્ષા આપી.

૧૦. **બે વરદાન :** (૧) ભક્તને વીંછી કરડવાનું દુઃખ થવાનું હોય, તો તે મને થાય, પણ ભક્તને ન થાય. (૨) ભક્તના ભાગ્યમાં રામપાતર (ભિક્ષા માંગવાનું) લખ્યું હોય, તો તે મને મળે. પણ ભક્ત અન્ન-વસ્ત્રે દુઃખી ન થાય.

૧૧. **'સ્વામિનારાયણ' મહામંત્ર આપ્યો.**

૧૨. **લાખો મનુષ્યોનું નિયમન :** હજારો સંતો અને લાખો ભક્તો એમની આજ્ઞામાં વર્તતા હતા.

૧૩. **સમાધિ અને બ્રહ્મસ્થિતિ :** અષ્ટાંગયોગ વિના સમાધિ કરાવી. અનેકને બ્રહ્મસ્થિતિ કરાવી.

૧૪. **અંતકાળે અક્ષરધામ :** ભક્તોને મૃત્યુ સમયે દર્શન દઈ અક્ષરધામમાં લઈ જવાનું વરદાન પાળ્યું.

૧૫. **સમાજસેવાઓ :** સતી પ્રથા બંધ, દૂધપીતી પ્રથા બંધ,

કૂવા-વાવ સર્જન, અંધશ્રદ્ધા મુક્તિ, દલિત ઉદ્ધાર, અહિંસક યજ્ઞો, સદાવ્રતો, જીવન પરિવર્તન, જીવનશુદ્ધિ, વ્યસનમુક્તિ, અક્ષરજ્ઞાન... વગેરે.

૧૬. **ધામગમન :** તા. ૧/૬/૧૮૩૦, સંવત્ ૧૮૮૬, જેઠ સુદ ૧૦ (દશમ), ગઢડા, ૪૯ વર્ષની વયે.

૧૭. **ગુણાતીત ગુરુપરંપરા દ્વારા પ્રાગટ્ય :** હાલ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજ દ્વારા પ્રગટ.

## મહંતસ્વામી મહારાજ

૧. **સ્વરૂપ :** અક્ષરબ્રહ્મ, ગુણાતીત સત્પુરુષ, પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણના છઠ્ઠા આધ્યાત્મિક અનુગામી, ભગવાનનું સ્વરૂપ, મોક્ષનું દ્વાર.

૨. **જન્મ :** તા. ૧૩-૯-૧૯૩૩, વિક્રમ સંવત ૧૯૮૯, ભાદરવા વદ-૯, જબલપુર, રાજ્ય - મધ્યપ્રદેશ. (મૂળ વતન - આણંદ)

૩. **માતાનું નામ :** ડાહીબહેન, **પિતાનું નામ :** મણીભાઈ
**બાળપણનું નામ :** વિનુભાઈ. બાળપણમાં તેઓ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદ પામ્યા હતા.

૪. **દીક્ષા :**

- ■ ૨૫ વર્ષની ઉંમરે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના વચને ગૃહત્યાગ કરી પાર્ષદી દીક્ષા ગ્રહણ કરી. (ગોંડલ)
- ● **પાર્ષદી દીક્ષાનું નામ :** વિનુ ભગત
- ■ ૨૮ વર્ષની ઉંમરે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે ભાગવતી દીક્ષા આપી. (ગઢડા)
- ■ **ભાગવતી દીક્ષાનું નામ :** સાધુ કેશવજીવનદાસ.

૫. **અભ્યાસ અને સંતોના મહંત :** દીક્ષા બાદ મુંબઈમાં તેમણે સંસ્કૃતનો અભ્યાસ કર્યો. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે તેમને ૫૦ સંતોમાં મુખ્ય તરીકે નીમ્યા. ત્યારથી તેઓ 'મહંતસ્વામી'ના નામે ઓળખાતા થયા.

૬. **જીવન-સાધુતા :**

- ■ સુશિક્ષિત સંતોમાં પ્રથમ દીક્ષા લેનાર
- ■ પંચવર્તમાનમાં દૃઢ
- ■ શાસ્ત્રોમાં વર્ણવેલ સંતના તમામ સદ્ગુણોથી યુક્ત
- ■ પરાભક્તિ અને ગુરુભક્તિ : પ્રત્યેક કાર્યનો યશ ભગવાન અને ગુરુને ચરણે ધરે છે.

૭. **કાર્ય :**

- ■ બાળ-યુવા-સત્સંગ પ્રવૃત્તિને દિશાદર્શન
- ■ ભવ્ય મહોત્સવોમાં સુશોભન સેવાઓ
- ■ અક્ષરધામ અને અન્ય આંતરરાષ્ટ્રીય આયોજનોમાં માર્ગદર્શન
- ■ સત્સંગ માટે સતત વિચરણ-ભીડો.

૮. **ગુરુપદે :** ૮૩ વર્ષની ઉંમરે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના અનુગામી તરીકે ગુરુપદે બિરાજ્યા.

૯. **જીવનભાવના :** ઊંચ-નીચ, ગરીબ-તવંગર, નાત-જાત કે ધર્મના ભેદ સિવના સૌની સેવા - સૌનું કલ્યાણ, સંપ-સુહૃદભાવ-એકતા, દિવ્યભાવ, મહિમા, દાસભાવ વગેરે.

૧૦. **અન્ય :**

- ■ તેઓની ઉપસ્થિતિમાં સૌને પરમશાંતિનો અનુભવ થાય છે. બાળકો, યુવાનો, વૃદ્ધો, ભણેલ કે અભણ, દેશના કે વિદેશના સૌને પરમાત્માને મળ્યાનો આનંદ અનુભવાય છે.
- ■ સૌ કોઈ એમના સાંનિધ્યમાં આધ્યાત્મિક પ્રગતિ કરે છે.

## બી.એ.પી.એસ. સંસ્થા

૧. **આખું નામ :** બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા. (બી.એ.પી.એસ.)

૨. **ટૂંકો પરિચય :** સનાતન હિંદુ વૈદિક તત્ત્વજ્ઞાન અને જીવનશૈલીના અનુસરણ સાથે નિ:સ્વાર્થભાવે સૌનું કલ્યાણ કરતી આધ્યાત્મિક-સામાજિક સંસ્થા.

૩. **સ્થાપના :** સને ૧૯૦૭, બોચાસણ.

૪. **સ્થાપક :** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ.

૫. **સૂત્રધાર :** પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજ.

૬. **મુખ્ય સિદ્ધાંત :** અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની સ્વામી-સેવકભાવે ઉપાસના કરવી.

૭. **પાયાની સમજણ :** શ્રીજી મહારાજ સર્વોપરિ ભગવાન. ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર. પ્રગટ સત્પુરુષ મહંતસ્વામી મહારાજ મોક્ષનું દ્વાર.

૮. **હેતુ :** ભગવાન શ્રી સ્વામિનારાયણે કહેલ વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તન સાથે સમાજનો સર્વાંગી ઉત્કર્ષ. ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યોનું જતન અને સંવર્ધન.

૯. **મુખ્ય શાસ્ત્રો :** વચનામૃત, શિક્ષાપત્રી, સ્વામીની વાતો.

૧૦. ૩,૮૫૦ આંતરરાષ્ટ્રીય **કેન્દ્રો**.
૧૬,૦૦૦ અઠવાડિક બાળ, યુવા, સત્સંગ તથા મહિલા **સભાઓ**.

૧૧. દેશ-વિદેશમાં ૧૦ લાખથી વધુ **હરિભક્તો**.

૧૨. ૧,૦૦૦ થી વધુ સ્ત્રી-ધનના ત્યાગી સુશિક્ષિત **સંતો**.

૧૩. ૧,૧૦૦ થી વધુ મંદિરો. ગાંધીનગર અને દિલ્હીમાં

સ્વામિનારાયણ **અક્ષરધામ**.

**૧૪.** અનેક પ્રકારની આંતરરાષ્ટ્રીય **સેવા પ્રવૃત્તિઓ :**

- દવાખાનાં-હોસ્પિટલો દ્વારા લાખો દર્દીઓની આરોગ્ય સેવા.
- શાળા - કોલેજ - છાત્રાલયો - શિષ્યવૃત્તિ દ્વારા લાખો વિદ્યાર્થીઓની શિક્ષણ સેવા.
- દુષ્કાળ - પૂર હોનારત - વાવાઝોડું - ભૂકંપ વગેરે આપત્તિઓમાં પીડિતોની સેવા.
- આદિવાસીઓના સર્વાંગી ઉત્કર્ષની સેવા.
- પર્યાવરણ જાગૃતિ, વાલી જાગૃતિ, શિક્ષક જ્યોતિ, મહિલા ઉત્કર્ષ, વ્યસનમુક્તિ, સાક્ષરતા અભિયાન, દહેજનાબૂદી, જળસંચય અભિયાન, નર્મદા યોજના જાગૃતિ... વગેરે.

**૧૫. આધ્યાત્મિક પ્રવૃત્તિઓ :** બાળ-યુવા-વડીલ-મહિલા સત્સંગ પ્રવૃત્તિઓ દ્વારા સૌમાં આધ્યાત્મિક ગુણોનો વિકાસ.

**૧૬.** અનેકવાર **ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ**માં સ્થાન. **યુનો દ્વારા માન્યતા**.

## ભગવાન ભજી લેવા

એક વાર એક શિક્ષક ગંગા નદીની યાત્રા કરવા નીકળ્યા. નાવમાં શિક્ષક અને નાવિક બે જ હતા. યાત્રાની શરૂઆત થતાં જ શિક્ષકે પૂછ્યું, 'એ નાવિક ! તને વિજ્ઞાન વિશે કે રાજકારણ વિશે કાંઈ ખ્યાલ છે ?' નાવિક બિચારો શું કહે ? તેણે ના પાડી. શિક્ષક કહે, '૨૧મી સદીમાં વિજ્ઞાન વિશે જાણતો નથી ? તારી અડધી જિંદગી પાણીમાં ગઈ.' નાવિક શરમાઈ ગયો.

એવામાં અચાનક ભયંકર વાવાઝોડું ફૂંકાયું. નાવ હાલક-ડોલક થવા લાગી. નાવિકે કહ્યું, 'સાહેબ ! તરતાં આવડે છે ?' શિક્ષકે કહ્યું, 'ના.' નાવિક કહે, 'તો સાહેબ, હવે તમારી આખી જિંદગી પાણીમાં જશે. મને ભલે વિજ્ઞાન, રાજકારણ, રમત-ગમત વગેરે આવડતું ન હોય, પણ તરતાં આવડે છે. છેલ્લા રામરામ...' અને નાવિક નદીમાં કૂદી પડ્યો.

મિત્રો ! આ દૃષ્ટાંત ખૂબ જ ઊંડો બોધ આપી જાય છે. આપણને આખી દુનિયાનું બધું જ્ઞાન હોય, પણ ભગવાન કે જે જીવનનું અંતિમ ધ્યેય છે, તેનું જ્ઞાન ન હોય, તો શિક્ષકની જેમ આપણી પણ આખી જિંદગી પાણીમાં જ ગઈ કહેવાય.

વેદના વિભાગ કરનાર, બ્રહ્મસૂત્ર અને ૧૮ પુરાણોની રચના કરનાર, મહા બુદ્ધિશાળી, જ્ઞાની, ભગવાનના અવતાર સમા મુનિ વેદવ્યાસ એટલે જ કહે છે કે,

**આલોડ્ય સર્વશાસ્ત્રાણિ**
**વિચાર્ય ચ પુનઃ પુનઃ ।**
**ઈદમ્ એકં સુનિષ્પન્નં**
**ધ્યેયો નારાયણો હરિઃ ॥**

એટલે કે બધાં જ શાસ્ત્રોનો સાર એક જ છે કે જીવનનું ધ્યેય ભગવાન છે. તેથી જ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ વારંવાર કહેતા કે ભગવાન ભજી લેવા... હા મિત્રો ! આ જરાય ખોટી વાત નથી. આ કોઈ વેવલાવેડા નથી. આ અનુભવસિદ્ધ વાત છે. જરા વિશ્વનો ઈતિહાસ તપાસી જુઓ.

અડધી દુનિયાનો રાજા બનનાર સમ્રાટ નેપોલિયન કહે છે, 'મેં સુખના ૬ દિવસો જોયા નથી.' મહાન શિલ્પકાર અને ચિત્રકાર માઇકલ એન્જેલો કહે છે, 'મને પસ્તાવો થાય છે કે મેં આત્મકલ્યાણ માટે કાંઈ ન કર્યું.' આથી વિરુદ્ધ નરસિંહ મહેતા, મીરાંબાઈ, ૫૦૦ પરમહંસો, ગુણાતીત ગુરુપરંપરા... પાસે સ્ત્રી-ધન-સત્તા વગેરેમાંથી કાંઈ ન હતું, છતાં તેઓ અત્યંત સુખી હતા.

આનો અર્થ એવો નથી કે પૈસા ન જ કમાવા. સત્તા ન જ મેળવવી... બધું જ કરવું પણ શાસ્ત્રની મર્યાદા મુજબ. ધર્મની આજ્ઞા મુજબ. હંમેશાં યાદ રાખીએ ભગવાનને ભૂલીને થતું દરેક કાર્ય એકડા વિનાનાં મીંડા જેવું છે. નિરર્થક, હાસ્યાસ્પદ, પસ્તાવાજનક અને દુઃખજનક છે...

તો ચાલો મિત્રો ! જાગ્યા ત્યારથી સવાર. જીવનના અંતે આપણે કોઈએ પસ્તાવું ન પડે. ભગવાન ભજી લઈ આપણે આ લોકમાં અને પરલોકમાં મહાસુખિયા થઈએ. અંતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું એક સૂત્ર પણ યાદ કરી લઈએ, 'શ્રદ્ધા અને ભક્તિ જીવનમાં દૃઢ કરો...' જય સ્વામિનારાયણ.





# ૪૦. મંદિરો : હિંદુ સંસ્કૃતિની ઓળખ

સને ૧૯૯૮ની આ વાત છે. **વેસ્ટચેસ્ટર(અમેરિકા)**ની સભામાં વિશ્વવિખ્યાત હૃદયરોગના નિષ્ણાત **ડૉ. સુબ્રહ્મણ્યમ્** આવ્યા હતા. તેમણે પ્રમુખસ્વામી મહારાજને ભરસભામાં સાષ્ટાંગ **દંડવત્ પ્રણામ** કર્યા. જરાય સંકોચ નહિ ને ભાવ પણ પૂરે પૂરો. આખી સભા આશ્ચર્યચકિત થઈ ગઈ !

સને ૧૯૮૮ની વાત છે. પ્રમુખસ્વામી મહારાજ **વેસ્ટ ઈન્ડીઝ** ગયા હતા. **વડાપ્રધાન શ્રી વાસુદેવ પાંડે** સાથે મુલાકાત હતી. જેવી હારતોરાની વિધિ પૂરી થઈ, વડાપ્રધાને સ્વામીનાં **ચરણોનો સ્પર્શ** કરીને વંદના કરી. જોનારા સૌ વિચારતા રહી ગયા !

બંને ભાવિકોને પૂછવામાં આવ્યું હતું કે આપ આવું ક્યાંથી શીખ્યા ? બંને તરફથી એક જ **જવાબ** મળ્યો : **મંદિરે અમને આ શીખવ્યું છે**.

હા બાળમિત્રો, મંદિરો એ આપણી હિંદુ સંસ્કૃતિના ૩ આધારસ્તંભોમાંનો એક આધારસ્તંભ છે. **મંદિરો રહેશે, ત્યાં આપણી સંસ્કૃતિ અને સંસ્કાર જીવંત રહેશે.** હિંદુ સંસ્કૃતિનો નાશ કરવા વિધર્મીઓએ સૌ પ્રથમ મંદિરો તોડ્યાં હતાં. તેમને બરાબર ખ્યાલ હતો કે મંદિરોને લીધે વૈદિક હિંદુ સંસ્કૃતિ જીવંત છે.

તો ચાલો, આપણાં મંદિરો વિશે વિશેષ જાણકારી મેળવીએ.

■ **મંદિરોની શરૂઆત**

ભારત એક આધ્યાત્મિક દેશ છે. આત્મા અને પરમાત્માનું જ્ઞાન પામવા માટે લોકો અહીં સદાય તત્પર રહે છે. વૈદિક સમયમાં ભક્તો **જંગલમાં, ગુફામાં કે પર્વતની ટોચે** જઈને ઊંડું ચિંતન-મનન કરતા. ત્યાં એમને અત્યંત **શાંતિનો અનુભવ** થતો.

સમય જતાં એ જ ચિંતન 'ઘરમાં કે ગામમાં કેમ ન થઈ શકે ?' એ વિચારે બાજોઠ પર ભગવાનની મૂર્તિ મૂકી, **શેરડીના સ્તંભોનો મંડપ** બાંધી ભક્તો શાંતિ શોધવા લાગ્યા. ધીરે-ધીરે આ જ રચનામાં **ઈંટ અને પત્થરોનો ઉમેરો** થયો. સમય જતાં **શિલ્પસ્થાપત્ય કલા અને મૂર્તિપૂજાનાં શાસ્ત્રો લખાયાં**.

આમ આપણી સંસ્કૃતિમાં પવિત્ર ઋષિઓ દ્વારા મંદિર પરંપરાનો જન્મ થયો. આજે **ભારતમાં** આશરે **૩૫ લાખથી વધુ મંદિરો છે**. મંદિરો


સારંગપુર (ભારત)

વિનાના ભારતની કલ્પનાય ન થઈ શકે. આ **મંદિરો** જ **હિંદુ સંસ્કૃતિની ઓળખ** બન્યાં છે. સંસ્કૃતિની રક્ષા અને પ્રસાર માટે મંદિરોનો ફાળો અમૂલ્ય છે.

■ **શ્રીજીમહારાજે કરેલાં મંદિરો**

ઉપાસનાના પ્રવર્તન માટે શ્રીજીમહારાજે **૬ મંદિરો** બાંધ્યાં : **(૧) અમદાવાદ (૨) ભૂજ (૩) વડતાલ (૪) ધોલેરા (૫) જૂનાગઢ અને (૬) ગઢડા**. શ્રીજીમહારાજે બાંધેલાં આ ત્રિશીખરીય મંદિરો માટે પ્રસિદ્ધ કવિવર ન્હાનાલાલ લખે છે : ‘સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરની ઘુમ્મટ-ઘટા નીચે બેસજો. ત્યાં તમને લાગશે કે અંતરીક્ષમાંથી શીતળતાનાં બુંદ વરસે છે. આત્મા ઠરે છે. અંતરને ટાઢક વળે છે. ઉરના ને અંગના અગ્નિ શાંત પડે છે.’ આ અનુભવ આજે કોઈ પણ માણસ કરી શકે છે.


નૈરોબી (આફ્રિકા)

■ **શાસ્ત્રીજી મહારાજે બાંધેલાં મંદિરો**

બ્રહ્મ અને પરબ્રહ્મનું જ્ઞાન શાસ્ત્રોમાં પડ્યું જ હતું. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે બ્રહ્મ અને પરબ્રહ્મના સનાતન વૈદિક જ્ઞાનની મૂર્તિઓ મધ્ય મંદિરમાં સ્થાપી. અને કુલ **૫ મંદિરો** બાંધ્યાં : **(૧) બોચાસણ (૨) સારંગપુર (૩) ગોંડલ (૪) અટલાદરા અને (૫) ગઢડા**. તેઓ કહેતા : મારો જન્મ મંદિર બાંધવા માટે છે.



શિકાગો (અમેરિકા)

■ **મંદિરો થયાં નવખંડમાં**

શાસ્ત્રીજી મહારાજ બાદ યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને મહંતસ્વામી મહારાજે અમેરિકા, યુરોપ, આફ્રિકા, ઓસ્ટ્રેલિયા વગેરે ખંડોમાં મંદિરો કરી, હિંદુ સંસ્કૃતિની વિજયપતાકા નવખંડમાં લહેરાવી છે. આજે કરોડો હિંદુઓ આ મંદિરોને લીધે પોતાના **ધર્મનું ગૌરવ** અનુભવે છે. લાખો લોકો આ મંદિરોનો લાભ પ્રાપ્ત કરી **પોતાનું અને વિશ્વનું કલ્યાણ** કરી રહ્યા છે.

■ **પ્રમુખસ્વામી મહારાજ : સૌથી વધુ મંદિરો સ્થાપનાર**

વિશ્વમાં સૌથી વધુ મંદિર બાંધનાર કોણ ? જવાબ છે : પ્રમુખસ્વામી મહારાજ. તેમણે પોતાના હસ્તે ૧,૧૦૦ થી વધુ મંદિરો બાંધ્યાં છે. જેની ગિનિસબુક ઓફ વર્લ્ડ રેકોર્ડે નોંધ લીધી છે. સ્વામીએ સર્જેલ


લંડન (યુરોપ)


ઑકલેન્ડ (ન્યૂઝીલેન્ડ)

**દિલ્હીનું અક્ષરધામ વિશ્વનું શ્રેષ્ઠ હિંદુ મંદિર** છે. ખરેખર, પ્રમુખસ્વામી મહારાજે મંદિરો દ્વારા સમગ્ર વિશ્વમાં આપણી સંસ્કૃતિનું ગૌરવ વધાર્યું છે.

**• પ્રમુખસ્વામી મહારાજ કહેતા :**

'આજે ભૌતિકવાદ ખૂબ વધ્યો છે. તેથી આપણા મૂળ સંસ્કારો ભૂલાયા છે. અને અશાંતિ વધી છે. એ સંસ્કારો મંદિરોથી જ દૃઢ થશે. અને તેનાથી જ શાંતિ થશે.'

સ્વામીનું આ વેદસમાન વાક્ય રોજ યાદ કરવા જેવું છે.



**અક્ષરધામ (ગાંધીનગર)**

**■ મંદિરો શા માટે ?**

**• હિંદુ સંસ્કૃતિના ૩ મુખ્ય આધારસ્તંભો છે : (૧) મંદિર (૨) શાસ્ત્ર અને (૩) સંત.** જેમાં મંદિર ખૂબ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. જીવનના ચારેય પુરુષાર્થો : **(૧) ધર્મ (૨) અર્થ (૩) કામ અને (૪) મોક્ષની સિદ્ધિ** મંદિરોની છત્રછાયામાં થાય છે.

**• મંદિરોથી...**

**૧. ઉપાસના દૃઢ થાય છે. ૨. ભક્તિ થાય છે. ૩. મનને શાંતિ મળે છે. ૪. મોક્ષનો માર્ગ સમજાય છે. ૫. ચારિત્ર્ય ઘડતર થાય છે. ૬. ઉત્સવો દ્વારા આનંદ અને એકતા વધે છે. ૭. સંસ્કૃતિનાં મૂલ્યોની રક્ષા થાય છે. ૮. સમાજસેવા, આરોગ્ય-શિક્ષણ સેવા, બાળ-મહિલા ઉત્કર્ષ, પર્યાવરણ રક્ષા, કુટુંબશાંતિ વગેરે અનેકવિધ લાભ થાય છે.**

... મંદિર એ પવિત્ર ઋષિઓ અને મહાપુરુષોનો પ્રસાદ છે. એક મોટું વિજ્ઞાન છે. તેથી જ વૈજ્ઞાનિક ચાર્લ્સ સ્ટાઈન્મેટ્સ કહે છે : 'જ્યારે વિશ્વની તમામ લેબોરેટરીઓ પ્રાર્થનાખંડમાં ફેરવાશે, ત્યારે છેલ્લી ૪ પેઢીઓમાં જે પ્રગતિ નથી થઈ, તે થશે.'




**અક્ષરધામ (દિલ્હી)**



■ <u>**મંદિરો ખોટો ખર્ચ નથી લાગતો ?**</u>

- દર વર્ષે પતંગ, ફટાકડા, રમત ઉત્સવો વગેરે પાછળ અબજોનો ખર્ચ થાય છે. ૨-૩ કલાકનું **મનોરંજન** દેનાર ફિલ્મ **પાછળ કરોડો ખર્ચાય છે**.
- માણસના ક્ષણિક આનંદ માટે તથા મનોરંજન માટે આટલો ખર્ચ થાય છે, તો **મન અને હૃદયની શાશ્વત શાંતિ** આપનાર મંદિરો પાછળ ખર્ચ થાય, તે પણ યોગ્ય જ છે.

■ <u>**મંદિરો નાનાં હોય તો ન ચાલે ?**</u>



- હિંદુ ધર્મમાં વર્ષોથી ભગવાન માટે વિશાળ મંદિરો બાંધવાની **પરંપરા** છે.
- આ દુનિયામાં **રાજા અને રાણી** માટે **આલિશાન મહેલો** હોય છે. તેમ અનેક બ્રહ્માંડોના રાજાધિરાજ ભગવાન માટે ભક્તો પ્રેમ અને સમર્પણથી વિશાળ મંદિરો બનાવે છે.

■ <u>**આજે હોસ્પિટલો અને શાળા - કોલેજની વધુ જરૂર છે.**</u>



- શાળા અને હોસ્પિટલો જરૂરી જ છે. પરંતુ એનો અર્થ એ નથી કે મંદિરો જરૂરી નથી.
- શાળા-કોલેજોમાં આ દુનિયાનું જ્ઞાન અને શિક્ષણ મળે છે. પરંતુ **સંસ્કાર વિનાનું શિક્ષણ સમાજમાં અનેક પ્રશ્નો ઊભા કરે છે**. મંદિર સમાજની નૈતિક અને આધ્યાત્મિક જરૂરિયાત પૂરી પાડે છે. મંદિરો માણસને સાચા માનવ બનાવે છે.



- આજે વિજ્ઞાને જાહેર કર્યું છે કે **સ્વાસ્થ્ય બગડવા પાછળનું એક મોટું કારણ મન છે**. જો કોઈનું મન શાંત, તાણરહિત અને શુદ્ધ હોય, તો સ્વાસ્થ્ય સહેજે તંદુરસ્ત રહે છે. મંદિર એ કામ કરે છે. અને તેથી ડૉક્ટર અને દવાખાનાની જરૂર ઘટે છે.
- વળી, BAPS સ્વામિનારાયણ મંદિરોમાં અનેક પ્રકારની આરોગ્ય, શિક્ષણ અને સમાજલક્ષી પ્રવૃત્તિઓ થાય જ છે.

■ <u>**હું અને મારું મંદિર**</u>

બાળમિત્રો, હિંદુ સંસ્કૃતિના વારસદાર તરીકે આપણે નીચેની બાબતોને અવશ્ય લક્ષ્યમાં લેવી જોઈએ :



૧. હું ઘરમંદિર અને હરિમંદિર કે શિખરબદ્ધ મંદિરમાં **નિત્ય દર્શન** કરવા જઈશ. ત્યાં દર્શન, પ્રાર્થના, પ્રદક્ષિણા, દંડવત્, દાન વગેરે કરીશ.

૨. મંદિરમાં ચાલતી **સભા**ઓ અને **સેવા**માં જોડાઈશ.

૩. **મિત્રોને મંદિરનો મહિમા** સમજાવી મંદિરમાં આવતા કરીશ.

## આદર્શ બાળકની

# દિનચર્યા

બાળમિત્રો! આપણે સૌ મહારાજ-સ્વામીના આદર્શ બાળકો છીએ. આપણો જન્મ એમને રાજી કરવા થયો છે. આપણી દિનચર્યા એવી હોવી જોઈએ કે મહારાજ-સ્વામી રાજી થઈ જાય અને સૌ પ્રેરણા લે, 'વાહ! સત્સંગી બાળકો કેવા સંસ્કારી છે !' નીચે જણાવેલી દિનચર્યા સાથે તમારી દિનચર્યા સરખાવો.


પ્રાર્થના સાથે જાગવું


પૂજા


પંચાંગ પ્રણામ


ભોજન પહેલાં શ્લોક


નિયમિત અભ્યાસ


બાળસભા


આરતી-અષ્ટક


સત્સંગ વાંચન - ઘરસભા




## આજ્ઞા

૧. કંઠી
૨. પૂજા-પંચાંગ
૩. બાળસભા-ઘરસભા
૪. આરતી અષ્ટક
૫. આહારશુદ્ધિ
૬. વાંચન-પરીક્ષા
૭. કુસંગ ત્યાગ
૮. સારો અભ્યાસ


## ઉપાસના

૧. ગુણાતીતાનંદ મૂળ અક્ષર
૨. સહજાનંદ એક પરમેશ્વર
૩. પ્રગટ સત્પુરુષ મોક્ષનું દ્વાર
૪. BAPS અસ્મિતા

# આજીવન સત્સંગ

ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ અને મહંતસ્વામી મહારાજના

# આશીર્વાદ



## ॥ આજીવન સત્સંગ ॥

સત્સંગ પરીક્ષાથી સત્સંગની દૃઢતા થશે. સત્સંગ કાયમ ટકી રહે તેવો પાયો દૃઢ થશે. માટે સર્વે બાળકોએ અવશ્ય લાભ લેવો.

(સત્સંગ પરીક્ષાથી સત્સંગની દૃઢતા થશે. સત્સંગ કાયમ ટકી રહે
તેવો પાયો દૃઢ થશે. માટે સર્વે બાળકોએ અવશ્ય લાભ લેવો.)

[illegible]

સત્સંગ પરીક્ષાનું ફળ અક્ષરધામ.

[illegible]

Satsang Vihar-1 (Guj.) USD 1.00
13105
BG241
ISBN: 978-81-7526-605-6